રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક



*કલા, વિજ્ઞાન, આધ્યાત્મ, પ્રકૃતિ, કૃષિ-ગોપાલન, ઉદ્યોગ, સ્થાયી વિકાસ,*
*શિક્ષણ, સંગઠન, સેવા અને માનવીય મૂલ્યોનો જીવનમાં વિવેકપૂર્ણ સમન્વય કરી*
*સૌ કોઈને પોતીકાની પ્રતીતિ કરાવનાર નિજાનંદી કાંતિસેન કાકાને સ્મૃતિ વંદના...*

વર્ષ: ૭૪ અંક : ૧૧ ૧૫ જૂન, ૨૦૨૧

ગુજરાતની રંગભૂમિની સમૃદ્ધિ માટે ઝઝૂમનાર પ્રયોગવીર ભરત દવેની નાટકીય એક્ઝીટ..



"ભરતે મારાં નાટકો ભજવી બતાવીને મારા નાટ્ય લેખનને સાર્થક કરી બતાવ્યું."

– મનુભાઈ પંચોળી 'દર્શક'

વાવાઝોડાએ સર્જેલી તારાજી : ગ્રામદક્ષિણામૂર્તિ– આંબલા









# કોડિયું

વર્ષ : ૭૪ જૂન : ૨૦૨૧ અંક : ૧૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **ભારતીય લોકશાહી પરના સાંસ્કૃતિક દબાવ**<br>ભીખુ પારેખ. અનુ. : ડંકેશ ઓઝા | ...૪૪૬ |
| ૦૨ | **મહામારીમાં નાગરિક ધર્મઃ બર્બાદ ગુલિસ્તાં કરને કો બસ એક હી ઉલ્લુ કાફી હૈ!**<br>ચિરાગ ઠક્કર 'જય' | ...૪૪૯ |
| ૦૩ | **સમય : મારી નજરે અનોખું વિજ્ઞાન**<br>અક્ષય વનરા | ...૪૫૦ |
| ૦૪ | **કન્યા કેળવણીના પડકારો**<br>દર્શના શરદભાઈ પટેલ | ...૪૫૨ |
| ૦૫ | **જોઈએ વધારે "દૂધી"? તો એના વેલે વળગાડો "બુદ્ધિ"!**<br>હીરજી ભીંગરાડિયા | ...૪૫૪ |
| ૦૫ | **મસરીબાપા જેવા સરપંચ આજે ક્યાંય જડે તો વંદન કરીએ**<br>ભદ્રાયુ વછરાજાની | ...૪૫૭ |
| ૦૬ | **સન્માન**<br>યોગેશ ન. જોશી | ...૪૫૯ |
| ૦૭ | **વિશ્વની સૌથી મોટી અણુદુર્ઘટના અને 'ચર્નોબિલ' સિરિઝ**<br>સોનલ પરીખ | ...૪૬૦ |
| ૦૮ | ભારતી ઓડેદરા : નકસલવાદી વિસ્તારના આદિવાસીઓની દીદી<br>મહેશ શાહ | ...૪૬૪ |
| ૦૯ | **કાકા મારો કાનુડો**<br>અરુણ દવે | ...૪૬૬ |
| ૦૯ | **પ્રેમ અને જ્ઞાનના વિસ્તરણની યાત્રા**<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૪૬૯ |
| ૦૯ | ગુજરાતની રંગભૂમિની સમૃદ્ધિ માટે ઝઝૂમનાર ભરત દવેની વિદાય<br>બકુલ ટેલર | ...૪૭૨ |
| ૧૦ | **અનેક દૃષ્ટિકોણથી મૂલ્યવાન લાખામંડલ**<br>ભાણદેવજી | ...૪૭૫ |
| ૧૧ | **મરક - મરક**<br>ઓસ્કાર વાઈલ્ડ | ...૪૮૦ |
| ૧૨ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૪૮૧ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)

**સંપાદક-મંડળ:**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડડ્રાફટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

## તંત્રી સ્થાનેથી...

**સર્જનયજ્ઞઃ અનુબંધથી સબંધ તરફ...**

તાઉ'તે વાવાઝોડાએ લગભગ ૧૦ કલાક વિનાશક તારાજી સર્જી. સૌરાષ્ટ્રની દરિયાકાંઠાની બાગાયતી ખેતી લગભગ ખતમ થઈ, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ થાપમાંથી બેઠા થતાં ખેડૂતોને ઘણાં ..... વર્ષો લાગી જશે. તાજેતરમાં વાવાઝોડાએ અન્યત્ર બન્યું છે તેમ લોકભારતી, આંબલા, મણાર અને માઈધારના પરિસરમાં બાગાયતી અને સંસ્થાના સૌન્દર્યને દીપાવતાં સેંકડો વૃક્ષોને મૂળસોતાં ઉખેડીને જમીનદોસ્ત કર્યાં છે. લોકભારતીમાં સેંકડો વહાલસોયાં વૃક્ષો ધરાશાયી થયાં. લીંબુ, જામફળ અને આંબાના ઝાડ પણ ઢળી પડ્યાં. એ દશ્યો કોઈપણ સંવેદનશીલ માણસને વિચલિત કરી નાખે એવાં હતાં. પૂ. મોરારિબાપુ સહિતના વડીલ શુભેચ્છકો અને અન્ય મિત્રોએ સંસ્થાને ધરપત આપી છે કે લોકભારતીમાં જે નુકસાન થયું છે તેની ભરપાઈ થઈ રહેશે. પુનઃ નવસર્જન શરૂ કરો.

જેમ The Old Man and the Seaમાં અર્નેસ્ટ હેમિંગ્વેએ કહ્યું છે તેમ, ''માણસનો નાશ થઈ શકે પણ તેનો પરાજય ન થઈ શકે'' એવા આશાવાદ સાથે અમે કમર કસી. સંસ્થાના કાર્યકરો, તેમનાં બાળકો સાથે સૌ જોડાયાં. બાગાયતી વૃક્ષોને ઊભાં કરવાં, ઇલેક્ટ્રિક પૉલ ઊભા કરવા, નળિયાં-પતરાં ચડાવવાં, તૂટેલાં બારી-બારણાં અને તૂટેલાં મકાનો રિપૅર કરવાં, વાયરો-ગૂંચળાંઓની ગૂંચો ઊકેલવી, લાકડાં કાપવાં અને ભરવાં – વગેરે કામો ટુકડીવાર યુદ્ધના ધોરણે શરૂ કર્યાં. તૂટેલા માલસામાનનો ઢગલો કર્યો. જેસીબી, ક્રેઈન, ટ્રેક્ટરો, કટર વગેરે સાધનોથી મહાકાય વૃક્ષોથી લઈને ચંપા જેવાં નાનાં બટકણાં વૃક્ષો થાળે પડવા લાગ્યાં. દસમા દિવસે રસ્તાઓને પાણીથી ધોઈ નાખીને પરિસરને સાફ-સુઘડ કરી નાખ્યું.

આ દરમિયાન પૂર્વવિદ્યાર્થીઓના પ્રેમાગ્રહને વશ થઈને એક યોજના ઘડાઈઃ 'લોકભારતી ભૂતપૂર્વ વિદ્યાર્થી હરિત સ્મૃતિ યોજના' જેમાં લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જોડીને સંસ્થા ફરી લીલીછમ કરવાનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ત્રણ વર્ષ સુધી વૃક્ષોનું જતન કરવા માટે લાગતો ખર્ચ ઉપાડી લીધો અને સેંકડો નવાં વૃક્ષો ટૂંક સમયમાં સંસ્થા-ધરામાં મૂળ મૂકશે! ખર્ચ તો ગૌણ બાબત છે, પણ વિદ્યાર્થીઓ સંસ્થા સાથે હર્ષાશ્રુ સરી પડે એવા ઉમળકાથી જે ફરી જોડાયા છે, એ નવાં મૂળિયાંએ તો હૃદયમાં કાયમી જમાવટ કરી છે. પોતીકાનો ઋણભાવ 'રિન્યૂ' કર્યો છે.

વૃક્ષોની સાથે સાથે જ વિદ્યાર્થીઓના સંસ્થા સાથેના ભાવાત્મક જોડાણ, આનંદ અને પ્રસન્નતાનાં મૂળ પણ પ્રગટશે. 'કુરુક્ષેત્ર'માં દર્શકદાદાએ કૃષ્ણના મુખે બોલાવ્યું છે કે બળી ગયેલા આ વનમાં હવે વૃક્ષો વધુ ઝડપથી ફૂટશે. કેળવણી-મૂલ્યની ફૂટેલી કૂંપળમાંથી તૈયાર થયેલાં આવા સ્નેહ-સબંધરૂપી વૃક્ષોને કોઈ વાવાઝોડું હલાવી શકતું નથી! આ છે સાચી કેળવણીના સંસ્કારબીજ; વાવેલું ક્યારેય એળે જતું નથી. નઈ તાલીમે જ જીવાતા જીવન સાથેનો અનુબંધ સાધતાં શીખવ્યું છે. ભલે પ્રકૃતિએ વિસર્જન કર્યું, એની સામે માનવીય સર્જનનો જે લાંબો ઇતિહાસ છે એનાં વારસદાર તરીકે આપણે તો સાથે મળીને સામૂહિક સર્જન-યજ્ઞ કરવો રહ્યો. આમ પણ કુદરત નવસર્જન માટે જ વિસર્જન કરતી રહી છે.

લોકભારતીની કેળવણીએ વાવેલા 'આંબા'એ શિક્ષણ અને સમાજને કાયમ ધન્ય કર્યાં છે. હકીકતે તો લોકભારતી માટે આ sustainable emotional return on educational investment છે. ઘણું જીવો લોકભારતીત્વ!

—

## ભારતીય લોકશાહી પરના સાંસ્કૃતિક દબાવ

### ભીખુ પારેખ. અનુ. : ડંકેશ ઓઝા

પચ્ચીસમું આઈ.પી. દેસાઈ સ્મૃતિવ્યાખ્યાન આપવા મને બોલાવ્યો તે બદલ આપનો આભાર. હું તે બદલ ઊંડા ગૌરવ અને સન્માનની લાગણી અનુભવું છું. આઈ.પી.ને હું ઘણા લંબા સમયથી જાણતો હતો. બરોડા યુનિવર્સિટીમાં યુવાન અધ્યાપક તરીકે હું જોડાયો ત્યારે ૧૯૫૭માં હું એમને પહેલીવાર મળેલો. મારી ઑફિસની સામે નાનકડા શૅડ પછી આઈ.પી.ની ઑફિસ હતી. મને એમના પ્રત્યે ખૂબ આદર હતો. હું તેમને સારી રીતે જાણતો થયેલો. ૧૯૮૧-૮૪ દરમ્યાન મ.સ.યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે જ્યારે હું ભારત પાછો ફર્યો ત્યારે ઘણી વાર આઈ.પી. બરોડા આવતા અને અમે યુનિવર્સિટી અને અન્ય સંલગ્ન પ્રશ્નો બાબતે ચર્ચા કરતા. મૂંઝવણ ભરેલી કેટલીક બાબતો અંગે તેમની ડહાપણભરી સલાહ બાબતે હું ઋણભાવ અનુભવતો.

બીજી પણ બે બાબતોનો હું અહીં ઉલ્લેખ કરવા માગું છું તો તમે તેને માન્ય ગણશો. જ્યારે હું મ.સ. યુનિવર્સિટીમાં પહેલી વાર જોડાયો ત્યારે આજે મારી બાજુમાં જે યુવાન બેઠો છે તે ઘનશ્યામ શાહ મારો વિદ્યાર્થી હતો. વર્ષોથી તેની પ્રગતિ જાણીને હું ગૌરવ અને આનંદ અનુભવું છું. સંસ્થાના અધ્યક્ષ પ્રવીણ પટેલ હું જ્યારે યુનિવર્સિટીનો ઉપકુલપતિ હતો ત્યારે યુવાન અધ્યાપક/વરિષ્ઠ અધ્યાપક હતા. મેં આઈ.પી.ને ત્યારે કહેલું કે મારી ઈચ્છા યુનિવર્સિટીને પુનઃ ચેતનવંતી બનાવવાની છે અને પૂછેલું કે મારે કેમ કરવું. તેમણે કહેલું કે સમાજવિદ્યામાં પ્રવીણ પટેલ નામનો તેજસ્વી યુવાન છે અને એવા કેટલાક બીજા પણ છે તેમને ખોળી કાઢીને પ્રોત્સાહિત કરવા જોઈએ. પ્રવીણે તો તે પછી ઘણી સારી બાબતો હાથ ધરી. ફરી એક વાર કહું તો એની સિદ્ધિઓમાં હું ગૌરવ અને આનંદ અનુભવું છું.

આ વ્યાખ્યાનમાં મારે ભારતીય લોકશાહી પર જે સાંસ્કૃતિક દબાવો છે તેની વાત કરવી છે. કોઈપણ સમાજમાં લોકશાહીનો વિચાર અને વ્યવહાર ત્યાંની સંસ્કૃતિ, આર્થિક માળખું, ઇતિહાસ અને વ્યાપક સમાજની પરંપરાઓથી ઘડાતા હોય છે. આ અર્થમાં કહીએ તો બે લોકશાહી કદી સમાન હોતી નથી. ભારતીય લોકશાહી કરતાં બ્રિટિશ લોકશાહીની અલગ જ સંવેદના છે, અલગ જ વણાટ છે. ભારતમાં લોકશાહીની વાત કરવી એ એક અર્થમાં ભૂલભરેલું છે કારણ કે એનો અર્થ એ થાય કે લોકશાહી નામની કંઈક પારલૌકિક વૈશ્વિક વાત છે, જે વિવિધ દેશોમાં વિવિધ સ્વરૂપે એનો અવતાર ધારણ કરે છે. આ બાબત લોકશાહીના સંદર્ભને અનિવાર્ય ધ્વનિ પૂરો પાડે છે. ભારતીય લોકશાહી વિશે વાત કરવી વધુ યોગ્ય છે કેમ કે તેમાં જે ‘ભારતીય’ શબ્દ છે તે લોકશાહીની તાર્કિક ગુણવત્તા, વિશેષ ચારિત્ર્ય અને ભારતમાં તેનો વિકાસ કેમ થયો તેનો સંદર્ભ પૂરો પાડે છે. વળી ભારતીય લોકશાહીની ઓળખ બાબતે આપણને વધુ તપાસનો અવકાશ પ્રાપ્ત થાય છે અને અન્ય લોકશાહીથી તે કેમ જુદી પડે છે તે આપણે તપાસી શકીએ છીએ.

લોકશાહી સાથે ચોક્કસ પ્રકારનાં વિચારો અને સંસ્થાઓ જોડાયેલાં છે. જેવા કે લોકપ્રિય, સાર્વભૌમત્વ, પ્રતિનિધિત્વ, ચૂંટણીઓ, જાહેર જવાબદારી અને જાહેર ચર્ચાવિચારણા, આ બધા જ વિચારો વિવિધ સમાજોમાં વિવિધ રીતે સમજણ પામતા હોય છે. આપણે ચૂંટણીઓને લઈએ. એક રીતે આખી દુનિયામાં તે સમાન હોવાની. પરંતુ એ તો તદ્દન ઉપરછલ્લી વાત થઈ. મત આપવાના કાર્યને વ્યક્તિ કઈ રીતે જુએ છે? તેના મનમાં એનો અર્થ અને એનું ઊંડું મહત્ત્વ કેવું છે? વિવિધ પરંપરાઓમાં ચૂંટણીઓનો વિચાર કેવો આકારિત થયો છે? એ જ રીતે જ્યારે આપણે પ્રતિનિધિત્વની વાત કરીએ ત્યારે એનો વિચાર બ્રિટનમાં કે અમેરિકામાં કે ભારતમાં કેવોક થાય છે? એના દ્વારા આપણને

શું સમજાય છે? મારો કહેવાનો મુદ્દો એ છે કે લોકશાહીમાં કેટલાક વિચારોનો અનિવાર્યપણે સમાવેશ થાય છે જે સમજાવા જોઈએ, સ્વીકારાવા જોઈએ, એનો ભાવનાત્મક વિચાર થવો જોઈએ. આ બાબત વિવિધ સમાજોમાં અલગ અલગ રીતે લેવાતી હોય છે. જેનો આધાર એ સમાજના વ્યાપક સંસ્કાર કેવાક છે એવી બધી બાબતો પર નિર્ભર હોય છે. એ જ રીતે લોકશાહીમાં કેટલીક સંસ્થાઓ અને કેટલાક વ્યવહારો નિહિત છે. આ સંસ્થાઓ અને આ વ્યવહારો અથવા તો માનવસંબંધોના ઘડતરની રીતો સમાજે સમાજે અલગ અલગ રીતે ઘડતર પામતી હોય છે.

લોકશાહી સાથે સંલગ્ન વિચારો અને સંસ્થાઓ અંગેની આપણી સમજ ભારતીય સંસ્કૃતિ આધારિત છે. તરત સવાલ ઊભો થવાનો કે ભારતીય સંસ્કૃતિ એટલે હું શું કહેવા માગું છું. માનવસંબંધોનું ઘડતર અને સમજણ સાથે સંસ્કૃતિનો અર્થ અને તેની અગત્ય જોડાયેલાં હોય છે. દા.ત. આપણે ભોજન લઈએ છીએ. આ ભોજન શું છે? આપણો એની સાથેનો સંબંધ શું છે? આપણા પર એ કેવો કબજો ધરાવે છે? શું ખાદ્ય છે ને શું ખાદ્ય નથી? ભોજનને સ્વાદિષ્ટ શું બનાવે છે? અથવા તો હું સવારમાં ઊઠું છું. સવારમાં વહેલા ઊઠવું એટલે શું? આ ક્રિયાનો અર્થ શો? એ માત્ર શારીરિક જાગૃતિ નથી પણ અમુક ઢબે દિવસની પ્રવૃત્તિઓ માટે સજ્જ થવું એ છે. સંસ્કૃતિનો અર્થ જ એ છે કે કોઈપણ ક્રિયા/પ્રવૃત્તિનો આપણે શો અર્થ કરીએ છીએ અને આપણા જીવનમાં તેનું સ્થાન શું છે. ભારતીય સંદર્ભમાં હું જે આપણી પ્રમુખ સંસ્કૃતિ છે તેની જ વાત કરીશ જે હિંદુ સંસ્કૃતિ છે. સમાજ પર પ્રભુત્વ ધરાવનાર સમૂહની આ સંસ્કૃતિ છે. ભારત ભલે બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર હોય, બધી જ બાબતોમાં હિંદુઓની જ બોલબાલા છે. આપણા સામાજિક અને રાજકીય સંબંધોનું માળખું એ થકી જ ઘડાયેલું છે. ભારતીય રાજ્યનાં પ્રતીકો તરફ નજર કરો તો જણાશે કે પ્રત્યેક કાં તો હિંદુ છે કાં તો બૌદ્ધ છે. ખ્રિસ્તી કશું નથી. મુસ્લિમ કશું નથી. રાષ્ટ્રધ્વજમાંનો લીલો રંગ ઈસ્લામનો નિર્દેશ કરે છે તેમ કહેવાય છે પરંતુ એ નિર્ણય તો ઘણો વહેલો થયો હતો કે રાષ્ટ્રધ્વજના રંગોને આપણે કોમી રંગ નહીં આપીએ. એટલે કે રાજ્યના રાષ્ટ્રીય પ્રતીકોમાં ઈસ્લામી તત્ત્વ નથી. આપણે રાજકીય શબ્દાવલી જોઈએ—સંસદ, વડાપ્રધાન, રાષ્ટ્રપતિ વગેરે. આ બધા સંસ્કૃતમાંથી ઊતરેલા છે. બંધારણ કહે છે કે ભારતની અધિકૃત ભાષા સંસ્કૃતની શબ્દાવલિમાંથી જ ઊતરશે. આ અને અન્ય કારણોસર લાગે છે કે હિંદુ સંસ્કાર એ ભારતની વર્ચસ્વ ધરાવતી સંસ્કૃતિ છે. તમે જુઓ કે જે હિંદુ નેતાઓએ હિંદુ પરંપરાઓ સામે બળવો પોકાર્યો તેઓ નિઃશંકપણે હિંદુ જ રહ્યા, જે સામે તેમનો વિરોધ હતો. હું જ્યારે કશાકની સામે બળવો કરું છું ત્યારે મારો સંદર્ભ તો ચોક્કસપણે એ સાથે જોડાયેલો છે જેનો હું ઇન્કાર કરું છું. હિંદુવિરોધી પોતે તો હિંદુ જ રહે છે. કારણ કે તે એનો વિરોધ કરે છે જે હિંદુ પરંપરાનું જ લક્ષણ છે. આપણે સમજવાનું છે કે આ પ્રભુત્વ ધરાવતી હિંદુ સંસ્કૃતિએ ભારતમાં લોકશાહીનો વિચાર અને વ્યવહાર કેવાંક ઘડ્યાં છે.

ભારતને લોકશાહી કહેવું એ અર્ધસત્ય છે. એ એ અર્થમાં નહીં કે આદર્શ વિચારની રીતે એ સંપૂર્ણ લોકશાહી નથી. પરંતુ એ અર્થમાં કે એ લોકશાહી જ બની રહે, એવો આપણો આશય નથી. આશય તો એ હતો કે આપણે લોકશાહી અને પ્રજાસત્તક બન્ને બનીએ. બંધારણનું આમુખ કહે છે કે ભારત પ્રજાસત્તાક લોકશાહી છે. આ બે શબ્દો શા માટે? કેમ એકલું લોકશાહી નહીં? ૨૦ નવેમ્બર ૧૯૪૬ના રોજ પંડિત નહેરુ બંધારણના ઉદ્દેશો બાબતે કૉંગ્રેસનો ઠરાવ લાવ્યા, તેમાં તો એકલો પ્રજાસત્તાક શબ્દ હતો, પણ લોકશાહી શબ્દ ન હતો. બંધારણસભાના સભ્યોએ જ્યારે પૂછ્યું કે ભારતને શું લોકશાહી દેશ બનાવવાનો નથી? ત્યારે નહેરુનો જવાબ હતો કે પ્રજાસત્તાક શબ્દમાં લોકશાહી આવી જાય છે. થોડા જ અઠવાડિયામાં બંધારણનો પહેલો મુસદ્દો રજૂ થયો ત્યારે લોકશાહી શબ્દ ઊભર્યો પરંતુ પ્રજાસત્તાક શબ્દ ગેરહાજર હતો. વળી, થોડા દિવસો બાદ બંધારણનો આખરી મુસદ્દો બહાર પડ્યો ત્યારે ભારતને 'સાર્વભૌમ, લોકશાહી પ્રજાસત્તાક' જાહેર કરવામાં આવ્યું, જેમાં લોકશાહી અને પ્રજાસત્તાક બન્ને શબ્દો જોડાજોડ હતા અને પ્રશ્ન ઊભો કરતા હતા કે આમ કેમ?

આપણે ભૂલી જઈએ છીએ કે ભારતમાં પ્રજાસતાક પરંપરા ઘણી લાંબી રહી છે. આઝાદીની ચળવળ દરમ્યાન અને વિશેષ કરીને લગભગ ૧૮૭૦થી એક સશક્ત પ્રજાસત્તાક લાગણી વિવિધ સ્રોતોમાંથી ઊભી થતી આવતી હતી. અને ખાસ તો દલિતોમાંથી. જ્યોતિરાવ ફૂલે જેમણે ટોમ પેઈનના 'રાઈટ્સ ઑફ મૅન' અને 'ધ એજ ઑફ રિઝન'ની પ્રશંસા કરેલી તેમણે પોતાને રિપબ્લિકન જાહેર કરેલા. તેઓ કહેતા કે દલિત માટે તો પ્રજાસસત્તાક એક માત્ર એવો સમાજ છે જેમાં તે જીવી શકે. તેઓ એમ પણ કહેતા કે આધુનિક યુરોપે જબરદસ્ત પ્રગતિ સાધી છે, કારણ કે પુનઃ જાગરણકાળમાં તેણે ઘણા પ્રજાસત્તાકનો પુનઃ ઉદય જોયો હતો. પંડિત નહેરુ તેમના પુસ્તક 'ગ્લિમ્પ્સિઝ ઑફ વર્લ્ડ હિસ્ટ્રી'માં રોમન અને મધ્યયુગીન યુરોપીય પ્રજાસત્તાકો વિશે ખૂબ પ્રસંશાયુક્ત શબ્દો બોલ્યા છે. આંબેડકર જે પોતે કૉલંબિયા યુનિવર્સિટીના વિદ્યાર્થી હતા તેમણે અમેરિકી પ્રજાસત્તાકને બહુ નજીકથી જોયેલું, જેના તેઓ આશિક હતા. એમને તો એવું પણ લાગેલું કે ફ્રેંચ ક્રાંતિ અને એમાંથી જન્મેલું પ્રજાસત્તાક એ ભારત માટે આદર્શ નમૂનો છે જેને ભારતે અનુસરવું રહ્યું.

આ બધા જ લેખકો માટે પ્રજાસત્તાક કેટલાંક વિશેષ લક્ષણો ધરાવતું હતું. એ સામાજિક સમાનતાનું તરફદાર હતું. જ્યારે લોકશાહીનો અર્થ રાજકીય સમાનતા થતો હતો. સવર્ણ હિંદુઓ તો મતદાન મથકમાં દલિતોને અલગ હરોળમાં ઊભા રાખતા. આવું લોકશાહીમાં શક્ય છે, પણ પ્રજાસત્તાકમાં નહીં. બીજી વાત એ હતી કે પ્રજાસત્તાકમાં આર્થિક સમાનતા પણ હતી. તેથી જ આંબેડકર કહેતા કે એમનું પ્રજાસત્તાક એ સમાજવાદ જેવું જ છે. ઘણાને યાદ આવશે કે ભારત પોતાને બંધારણમાં 'સમાજવાદી' રાજ્ય તરીકે ઘોષિત કરે તેનો તેમને ઘણો ઉત્સાહ હતો, જો કે પાછળથી તેમણે તે જતો કરેલો; પ્રત્યેક નવી પેઢીની આઝાદીની પસંદગીની તરફેણમાં. આખરે પ્રજાસત્તાકનો અર્થ એ થાય છે કે રાજ્ય એ જાહેર મિલ્કત છે, જેનો ઉપયોગ કેટલાક વર્ગોના હિતોની પરિપૂર્તિ અર્થે ન થઈ શકે.

લોકશાહી સરકારના સ્વરૂપની વાત કરે છે, જ્યારે પ્રજાસત્તાક એ સામાજિક વ્યવસ્થાની વાત કરે છે. લોકશાહી એ સરકાર એટલે કે શાસનનું સ્વરૂપ છે. પ્રજાસત્તાક એ એવી સામાજિક પદ્ધતિની તરફેણ કરે છે જે સામાજિક સમાનતા અને આર્થિક સમાનતા પ્રત્યે પ્રતિબદ્ધ હોય અને તેમાં એવા નૈતિક સંસ્કાર હોય જે સંસ્થાઓને જાહેર મિલકતો રૂપે જુએ. આમ આ બન્ને વિચાર તદ્દન જુદા છે. તેથી પ્રજાસત્તક એકલું પર્યાપ્ત નથી કારણ કે તે સામાજિક વ્યવસ્થાની વાત કરે છે અને સરકારના સ્વરૂપની નથી કરતું. એ રીતે લોકશાહી પણ અપર્યાપ્ત છે કારણ કે તે માત્ર સરકારના સ્વરૂપની વાત કરે છે અને સામાજિક વ્યવસ્થાની નથી કરતી. ભારત બન્ને છે. આઝાદી પછીના ભારતની કરુણતા એ છે કે આપણે પોતે લોકશાહી દેશ તરીકે ઓળખાવાનું ચાલુ રાખ્યું છે અને બંધારણના ઘડવૈયાઓ ઇચ્છતા હતા તેવું પ્રજાસત્તાક આપણે ભૂલી ગયા છીએ જે સામાજિક હોય, પ્રગતિશીલ હોય તથા આર્થિક અને સામાજિક રીતે સમાનતામૂલક સમાજના સર્જન તરફનું હોય.

આ તબક્કે આપણા બંધારણ વિશે બેએક સામાન્ય વાતો કરવી મને પ્રાસંગિક લાગે છે. દુનિયાનું તે સૌથી લાંબું બંધારણ છે. તેમાં ક્ષુલ્લક એવી કાયદાકીય જોગવાઈઓ પણ આમેજ કરાઈ છે. કારણ કે આપણને ઘણું કરીને શાસનની સામાન્ય પ્રક્રિયામાં વિશ્વાસ નથી. બંધારણને આપણે પવિત્ર દસ્તાવેજ ગણ્યો છે. એ અર્થમાં કે તેની જોગવાઈઓ બાબતે ચેડાં ન થાય. બંધારણ લાંબું જ છે એટલું માત્ર નહીં પણ ભાગ્યે જ કોઈ બંધારણમાં હોય તેવી બાબત આપણા બંધારણમાં છે અને તે એ કે નવા સમાજનું સ્વરૂપ કેવું હશે. બંધારણનું આમુખ મહત્ત્વનાં રાજકીય મૂલ્યોની વાત કરે છે જેવાં કે ન્યાય, સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુતા. વળી આ બધી બાબતે અધિકારો આપવામાં આવ્યા છે. આપણું બંધારણ એ માત્ર બંધારણ નથી જેમાં સત્તા પ્રક્રિયાના નિયમન બાબતે જરૂરી નીતિ-નિયમો હોય. એ તો એવું છે જેને હું આચારસંહિતા કહું છું. એ આપણા જેવા સમાજમાં જ શક્ય બને જ્યાં આ પ્રકારનાં લખાણોની એક લાંબી પરંપરા છે.

**ક્રમશ..**

## મહામારીમાં નાગરિક ધર્મ: બર્બાદ ગુલિસ્તાં કરને કો બસ એક હી ઉલ્લુ કાફી હૈ!

ચિરાગ ઠક્કર 'જય'

હવે તો આંખો સ્વજનો, સ્નેહીજનો અને પરિચિતોની અંતિમ તસવીરો જોઈને થાકી ગઈ છે અને આંગળીઓ 'ઓમ શાંતિ!' લખી લખીને! દરરોજ અશુભ સમાચાર જ આવી રહ્યા છે.

પ્રશાસન આંકડાની રમત રમી રહ્યું છે અને પ્રતિબદ્ધતા નથી બતાવી શક્યું, એ તો 'ઓપન સિક્રેટ' છે. તેનાથી વિપરીત આપણી મેડિકલ સિસ્ટમ તો પોતાનું એડીચોટીનું જોર લગાવીને કામ કરી જ રહી છે. આપણે જાણીએ જ છીએ કે પૂરતી વ્યવસ્થાઓ અને સાધન-સરંજામ નથી તેમ છતાં એ તંત્ર તો પોતાનું ૧૧૦% આપી રહ્યું છે.

પણ જનતા તરીકે આપણે શું કર્યું છે એનો હિસાબ લીધો છે? આપણે આ મહામારીમાં માનવતા તો દાખવી શક્યા છીએ પણ નાગરિકધર્મ અવશ્ય ચૂક્યા છીએ.

મહામારીનું જોર જરા હળવું થયું એટલે બિનધાસ્ત બનીને ફરવા, ચરવા ને હળવા-મળવા નીકળી પડીએ છીએ. પ્રસંગો અને સંમેલનો ગોઠવવા માંડીએ છીએ. મહેફિલો જમાવવા માંડીએ છીએ. થોડો સમય તહેવારો ઉજવ્યા વિના તો આપણી સાંસ્કૃતિક ધરોહર નંદવાઈ જવાની છે જાણે! આદત મુજબ તમામ નિયમોમાંથી છીંડા શોધી કાઢીએ છીએ અને એ છીંડામાંથી જ આ મહામારી પ્રસરતી રહે છે. પ્રશાસન જે ચૂંટણીઓ યોજે છે તે અનિવાર્ય છે કે નહીં એ વાતની તો ચર્ચા થવી જ જોઈએ. પણ આપણે શું કામ રેલીઓમાં, સભાઓમાં કે મંડપો પર નાસ્તો કરવા જઈએ છીએ? આપણું કામ તો માત્ર એક મત આપવાનું નથી? અને આવા સમયમાં તો એ મત પણ ન આપીએ તો ચાલી જાય એમ જ છે. એમાં ક્યાં દંડની જોગવાઈ છે!

પ્રશાસન કુંભનું આયોજન કરે, એ તેની દુર્બુદ્ધિ જ છે. પણ આપણે ત્યાં ત્રીસ લાખની સંખ્યામાં શું કરવા ભેગા થઇએ? ભગવાન માત્ર કુંભથી જ મળશે એવું તો છે નહીં! પ્રશાસને ક્રિકેટ મેચ રમાડી એ તો ખોટું જ થયું પણ આપણે બ્લેકમાં ટિકિટો લઈને પણ મેચ જોવા ગયા ને?

આવા મહામારીના સમયમાં આપણે આત્મસંયમ કેમ ન રાખી શકીએ? આપણે નાગરિક છીએ, રૈયત નથી અને લોકશાહીમાં પ્રશાસન કરતાં વધારે જવાબદારી નાગરિકો ઉપર છે. પ્રશાસન આપણને નથી ગમતું તો આપણે તેને બદલી શકીશું, પણ આપણને કોણ બદલશે? આપણે ક્યાં સુધી તારણહારની રાહ જોતાં બેસી રહીશું?

આ મહામારી હવે આપણને જાણે કે કોઠે પડી ગઈ છે. દાઢી પર માસ્ક પહેરવો અને પોલીસ દેખાય તો ઉપર કરી દેવો અને દલીલ કરવી કે "આનાથી શું ફેર પડે છે?" ફલાણા કે ઢીંકણા રાજકારણીને ગાળ દઈને કહીશું કે આ તો બધા એમના ખેલ છે. "અમારા એક સગાને તો થયું ને મટી ગયું. કાંય ખબરે નો પડી. આનાથી કાંય થતું નથી" કહીને પાન-મસાલાની પિચકારી મારનારા સજ્જનોએ એક વાર કોઈ પણ એવી હોસ્પિટલની મુલાકાત લેવી જ્યાં આ મહામારીના દર્દીઓની સારવાર થઈ રહી છે.

આવા નાનાં નાનાં પગલાંથી ઘણું થાય છે અને ઘણો ફેર પડે છે. સૌથી મોટો ફેર તો એ પડે છે કે આપણે આપણી મેડિકલ સિસ્ટમ પર એક માણસનો ભાર ઓછો કરી શકીશું તો જેને સાચે જ જરૂર હશે તેવી વ્યક્તિનો વારો વહેલો આવી શકશે અને શક્ય છે કે એ પાંચ મિનિટના કારણે આપણે કોઈની તસવીર નીચે 'ઓમ શાંતિ!' નહીં લખવું પડે. આપણને ખબર નહીં હોય છતાં આપણે કોઈનું જીવન બચાવવામાં પાંચ મિનિટનો ફાળો આપી શકીશું તો એનું પુણ્ય કુંભસ્નાન કરતાં તો વધારે જ હશે.

બાકી અત્યારે તો એક જ વિચાર આવે છે કે,

"બર્બાદ ગુલિસ્તાં કરને કો, બસ એક હી ઉલ્લુ કાફી હૈ,
હર શાખ પે ઉલ્લુ બૈઠે હૈં, અંજામે-ગુલિસ્તાં ક્યા હોગા?"

(અમદાવાદ. મો. ૯૮૨૪૩૫૪૪૪૪)

# ૦૩. વિજ્ઞાન અને ટેકનોલજી

## સમય : મારી નજરે અનોખું વિજ્ઞાન

**અક્ષય વનરા**

---

માનવી માટે "સમય" તેમને જ્યાં ક્યારેય પાછા ન ફરી શકાય તે ભૂતકાળમાંથી જેનો જરા પણ અણસાર નથી તે ભવિષ્ય તરફ નિષ્ફળતાપૂર્વક દોરી જતું એક વહેણ છે. સમય આપણને આપણા અસ્તિત્વનો અહેસાસ કરાવે છે.

**"पुनः प्रभात पुनरेव शर्वरी पुनः**
**शशांक पुनरूद्यते रविः ।**
**काभस्य किं गच्छति याति यौवन**
**तथापि लोकः कथितम् न बुध्यते ॥**

અનુવાદ

ફરી સવાર, ફરી રાત, ફરી ચંદ્ર અને ફરીવાર સૂર્યનો ઉદય! મૃત્યુનું શું જાય છે...? કઈ નહીં, આતો શરીરની યુવાની જાય છે. લોકો ક્યાં સમજે છે...!

ઘૂંટાયેલા, ધીર ગંભીર અવાજમાં 'મૈં સમય હૂં'નો ઉદગાર જ્યારે ટેલિવિઝનના પડદા પર મહાભારત સીરિયલના પહેલા જ અધ્યાયમાં રણક્યો ત્યારે તેને નિહાળનાર શ્રોતાઓમાં સોપો પડી ગયો.

"સમયે" જ્યારે પોતાની ઓળખ રજૂ કરી ત્યારે બધાનું ધ્યાન તેના તરફ ખેંચાયું કારણ કે સમય આપણી સાથે આદિકાળથી વણાઈ ગયેલો છે.

સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક રીચાર્ડ ફેયનમેન અનુસાર સામાન્ય મનુષ્યની સમય અંગેની સમજણ માત્ર ઘડિયાળ પૂરતી મર્યાદિત છે. વિજ્ઞાન પાસે "સમય" અંગે ઘણા બધા સવાલો પણ છે અને મૂંઝવણો પણ છે જેમ કે -

(૧) સમય કેવી રીતે વહે છે ?

(૨) શું, સમય દિશા ધરાવે છે? અને જો તેમ હોય તો તે એક જ દિશામાં વહે છે?

(૩) શું વૈશ્વિક સમય જેવો કોઈ અચળાંક છે કે પછી તે માત્ર એક આભાસ છે?

(૪) સમયનો ઉદ્દભવ ક્યાંથી અને કેવી રીતે થયો?

સમયને સમજવા માટે આપણે સમયના મૂળમાં જવું પડે અને એના માટે આપણે સૌ પ્રથમ બ્રહ્માંડના મૂળ એટલે એના અસ્તિત્વ કે જયારે તેની રચના થઈ એ સમજવુ પડે.

એક મત મુજબ સમયનો ખ્યાલ બિગબેંગની ઘટના આકાર પામી તે ક્ષણથી વધુ આગળ ઉત્તર તરફ જઈ શકાતું નથી તેમ સમય માટે પણ કહી શકીએ કે બિગબેંગનો ઘટનાના સર્જન પહેલાનો ખ્યાલ ઉદ્દ્ભવી ન શકે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન, જેની હંમેશ માટે બ્રહ્માંડ અને એનાં રહસ્યો સાથે ચર્ચા રહી હોય છે, તેણે સમયને સાપેક્ષવાદ દ્વારા એક ક્રાંતિકારી સમજુતી આપી. સાપેક્ષવાદ મુજબ સમય એ સ્પેસ-ટાઈમથી ઘડાયેલું આવરણ છે. જેના પટલ પર વાસ્તવિક ઘટનાઓ આકાર પામે છે. વ્યાપક સાપેક્ષવાદ અનુસાર અતિ દળદાર પદાર્થો દ્વારા ઉદ્દ્ભવતુ ગુરુત્વીય ક્ષેત્ર તેની નજીકના સ્પેસ-ટાઇમ રૂપી ભૌતિક આવરણમાં વક્રતા સર્જે છે.

દળના તાતણાઓથી ગૂંથાયેલા આ આવરણને કારણે જ વિશાળ દ્રવ્યમાન ધરાવતા પદાર્થો સમીપે સમયનું વહેણ ધીમું વહે છે. કદાચ નવીન લાગે પણ આપણી આસપાસ પ્રાયોગિક ધોરણે પુષ્ટિ મળે છે. સમયના માપન તરીકે સ્વીકારેલી ઘડિયાળ, પહાડ ઉપર દરિયાની સપાટી કરતાં સમય કંઈક અંશે ઝડપથી પસાર થતો દર્શાવે છે. આમ સમયને આપણે એક "અચળ" માપન તરીકે સ્વીકાર્યો છે પરંતુ ખરેખર તો તે "સમય"ના અપૂરતી સમજૂતી ધરાવતા દૃષ્ટિકોણથી ઉદ્દ્ભવેલ માત્ર એક આભાસ છે.

સમય એ ભૌતિક વિજ્ઞાનની મૂળભૂત સંકલ્પના જેમ કે ન્યુટનના ગતિના નિયમોથી માંડીને ક્વોન્ટમ જગતની

ઉત્ક્રાંતિ પણ પ્રસ્થાપિત કરે છે. વધુ આશ્ચર્યની વાત તો એ છે કે આ સંકલ્પનાઓને રજૂ કરતાં ગાણિતીય સમીકરણો સમયની સાપેક્ષ પ્રતિવર્તી પ્રક્રિયા પણ રજૂ કરે છે. સમયના વહેણવાળી વાત સાથે તદ્દન વિરોધાભાસ છે. કારણ કે સમયના વહેણ તો આપણી ઇચ્છા હોય કે અનિચ્છા, તે આપણને હમેશાં ભવિષ્યની દિશા તરફ ધક્કો મારે છે. જુદી જુદી ગતિ ધરાવતાં સ્થાન તેમનો પસાર થતો સમય જુદો જુદો હોય છે. જે સમયના જુદા અંતરાલ માટે જુદો હોય છે.

એક સાથે એક જ સમયે માપનનો પ્રયાસ કરવામાં આવે તો માપનનાં મૂલ્યોમાં પરસ્પર અનિશ્ચિતતા પ્રદર્શિત કરે છે.

આ રાશિઓ એકબીજા સાથે સમયના સંદર્ભમાં જટિલ રીતે સંકળાયેલ છે. આમ, આપણે વાતચીતમાં ઉપયોગમાં લેતા શબ્દ "હમણાં" પણ સાપેક્ષ છે. જેને બ્રહ્માંડમાં અન્ય સ્થાન પર તે જ ક્ષણ અનુભવવી અશક્ય છે. અર્થાત વિજ્ઞાનના મત મુજબ આપણે એ ક્ષણને જીવી રહ્યા છીએ જેનું અસ્તિત્વ જ નથી. દરેક ઘટનાઓ ભૂતકાળ, પ્રકાશના વેગથી પ્રસરણ પામતા સંકેતો દ્વારા સર્જાયેલ છે. અને આ સંકેત જે તે વિસ્તારમાંથી પસાર થવાની સંભાવનામાંથી ભવિષ્યનું સર્જન કરે છે. પરંતુ જુદા જુદા અવલોકનકારો માટે આ જ ઘટનામાં ભૂતકાળ અને ભવિષ્યકાળ જુદા જુદા હશે.

(જીવાપરા, તાલુકોઃ વિસાવદર જિલ્લોઃ જૂનાગઢ)

## નિમંત્રણ

'કોડિયું' સામાયિક માટે નીચેની કેટેગરીમાં લેખો અને કૃતિઓ kodiyusanosara@gmail.com પર મોકલવા લેખકોને આમંત્રણ છે. શબ્દ મર્યાદા ૧૨૦૦થી ૧૫૦૦ છે.

૧. ગ્લોબલઃ (વૈશ્વિક ચર્ચા)
૨. સાંપ્રત રાષ્ટ્રઃ (રાષ્ટ્રીય ચર્ચા)
૩. વિજ્ઞાન અને ટેક્નૉલૉજીઃ (નવું સંશોધન)
૪. કેળવણીના નવા આયામોઃ (સંશોધનાત્મક લેખ)
૫. કૃષિ-ગોપાલન અને ગ્રામોત્થાનઃ
૬. અભિવ્યક્તિઃ (વાર્તા, કવિતા, અનુભવ, નિબંધ, ફોટોગ્રાફ, સ્કેચ)
૭. કલાવીથિકાઃ (કલાકૃતિ - ચિત્ર, ગીત, ફિલ્મ/વેબ સિરિઝ, વગેરેનો આસ્વાદ)
૮. યુવાસૂઝઃ (મુખ્ય ધારાથી અલગ પ્રેરક કામગીરી કરતા યુવાનોના પરિચય)
૯. સંભારણાઃ (કોઈ વ્યક્તિ વિશેષ કે અનુભવ )
૧૦. જીવનશૈલીઃ (ચિંતન, આરોગ્ય, ફિટનેસ)
૧૧. વારસો રિઇન્સ્ટોલ્ડઃ (પૂર્વસૂરિઓના લેખોનું પુનઃ પ્રકાશન)
૧૨. મરક-મરકઃ (હાસ્ય)

## કન્યા કેળવણીના પડકારો
## દર્શના શરદભાઈ પટેલ

મેં અંગ્રેજી અને ગુજરાતી બન્ને ભાષામાં એમ.એ. અને અંગ્રેજીમાં બી.એડ્. કર્યું છે. હાલ પીએચ. ડી.નો અભ્યાસ કરી રહી છું. દસ વર્ષ ઉચ્ચ માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવી ૨૦૧૪થી અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં આવેલા ફાંગડી ગામની પ્રાથમિક શાળાની મુખ્ય શિક્ષકા છું. કેળવણી સંબંધે અહીં મને જે અનુભવ થયા તેમાના થોડા આપ સૌ સાથે વહેંચવા માંગુ છું.

શરૂઆતનાં વર્ષોમાં બાળલગ્ન, કન્યા કેળવણીની અવગણના અને અસ્પૃશ્યતા જેવા પડકારો સામે આવ્યા.

૨૦૧૪માં જ્યારે હું શાળામાં આવી ત્યારે મોટા ભાગની દીકરીઓ સામાજિક અને આર્થિક કારણોસર આગળ અભ્યાસ કરી શકતી ન હતી. ધોરણ આઠ કર્યા પછી ધોરણ નવમાં ભાગ્યે જ કોઈ દીકરી પ્રવેશ લેતી ને એ પણ વર્ષ પૂરું થતાં થતાં ભણવાનું છોડી દેતી. શિક્ષકોને ખૂબ હતાશા થતી કેમ કે તેમણે આઠ વર્ષ કરેલી સખત મહેનત, ઘરના કામકાજમાં અને ખેતરની મજૂરીમાં વેડફાઈ જતી. આ કારણે તેમનું મનોબળ પણ ડગી જતું. ધીમેધીમે વાલીઓને સમજાવીને અને જરૂર લાગી ત્યારે સમાજના શ્રેષ્ઠીઓ પાસેથી દાન મેળવીને, ક્યાંક થોડી કડક ભાષા વાપરીને કે ક્યાંક કાયદાનો આશરો લઈને, જો છાત્રાલયમાં અભ્યાસ કરવાનો થાય તો સ્થાનિક વાલી બનીને– આમ; સામ, દામ, દંડ, ભેદથી મન મક્કમ કરીને દીકરીઓને ભણાવવાનું નક્કી કર્યું. દીકરીઓને એક જ વસ્તુ શીખવી હતી કે જેમ ગાંધીજીએ ઉપવાસનું શસ્ત્ર વાપર્યું હતું તેમ આપણે પણ જો આગળ ન ભણાવે તો ઉપવાસને શસ્ત્ર તરીકે વાપરવું. અને ઘણી દીકરીઓએ ઉપવાસ કરીને આગળ ભણવાની પરવાનગી મેળવી લીધી.

આજે ૨૦૨૦ના વર્ષમાં ધોરણ આઠની તમામ દીકરીઓએ ધોરણ નવમાં પ્રવેશ લીધો છે અને મોટા ભાગની દીકરીઓ અભ્યાસ કરી રહી છે જે મારા માટે ગર્વની વાત છે.

ખૂબ પ્રયત્નો છતાં કેટલીક દીકરીઓ અભ્યાસમાં સારો દેખાવ ન કરી શકે તેમ બને. તો તેવી દીકરીઓ તથા ગામની તમામ એવી બહેનો જેઓ ભણેલી નથી પણ કંઈક કરવા માગે છે તેમના માટે કિનાર ફાઉન્ડેશનની મદદ લઈ ગામમાં જ શિક્ષણના તેમ જ બ્યૂટી પાર્લરના વર્ગો શરૂ કર્યા. આજે લગભગ ૪૦થી ૫૦ દીકરીઓ અને બહેનો આ વર્ગોમાં આવે છે અને સ્વનિર્ભર બની છે.

રજસ્વલા ધર્મ એટલે કે માસિક ધર્મના દિવસોને હજી પણ અલગ રીતે જોનારો એક વર્ગ છે. આજે પણ વિવિધ માન્યતાઓને કારણે બહેન-દીકરીઓને ખૂણો પાળવાનું કહેવામાં આવે છે. અમે અમારી શાળામાં આઠમી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગામની તથા શાળાની તમામ દીકરીઓ તથા બહેનો માટે એક સેમિનારનું આયોજન કર્યું. ત્યાં સુધી તો વાત સામાન્ય જ છે, પરંતુ તે દિવસે અમે શાળામાં સેનિટરી વેન્ડિંગ મશીન લગાવ્યું, જેમાંથી બહેનો શાળામાંથી સેનિટરી પેડ મેળવી શકે. અને આજે ગર્વથી એક વાત વહેંચવાનું મન થાય કે શાળાની દીકરીઓની સાથે આખા ગામની મોટાભાગની બહેનો સેનિટરી પેડનો ઉપયોગ કરે છે અને શાળામાં ભણતા પોતાના દીકરા પાસે એ નિઃસંકોચપણે પેડ મંગાવી શકે છે.

ગામની વિચારસરણીના પડઘા શાળામાં પડે જ છે

અને તેનું એક ઉદાહરણ અમારી નજર સામે આવ્યું અસ્પૃશ્યતાના રૂપે. મધ્યાહ્ન ભોજનમાં બાળકો એક સાથે જમવા બેસતાં નહીં. કારણ પૂછતાં તેમના મનમાં નાતજાતનો ભેદભાવ હોવાનું જાણવા મળ્યું. આંચકો લાગી ગયો. અમુક જ્ઞાતિનાં બાળકો તેમના ગામમાં આવેલા શક્તિ મંદિરે ન જઈ શકે તેવું સાંભળતાં ખરેખર ખબર ન પડી કે આ કહેવાતું મેટ્રોસિટી અમદાવાદ જ છે? કોઈ સમજાવટ કે ભાષણ સિવાય બીજા દિવસથી જ બાળકોની જ થાળીમાં જમવાનું શરૂ કર્યું. તમામ શિક્ષકોએ પણ સહકાર આપ્યો અને આજે તમામ બાળકો એક સાથે જમે છે અને શક્તિમંદિરે પણ પોતાના મિત્રનો હાથ પકડીને જાય છે.

બાળવિવાહ આજે પણ એટલો જ વ્યાપક છે, એની બધાને જાણ હશે જ. મારી શાળામાં પણ પહેલા ધોરણથી શરૂ કરીને આઠમા ધોરણની મોટાભાગની વિદ્યાર્થિનીઓની સગાઈ અથવા લગ્ન થઈ ગયેલાં હોય છે અને દીકરીને આગળ ભણવા ન દેવા પાછળ પણ મોટે ભાગે આ જ કારણ જવાબદાર હોય છે. આ દિશામાં કાયદાને સાથે રાખીને, વાલીઓને જાગૃત કરવાના સક્રિય પ્રયાસો આદર્યા છે. આ કુરિવાજનાં મૂળ ખૂબ ઊંડાં છે. માટે હજી આ દિશામાં પૂરતી સફળતા મળી નથી. છતાં પણ ધોરણ એકથી પાંચમાં બેઠેલી એક પણ દીકરીની સગાઈ કે લગ્ન થયાં નથી એ પણ ખૂબ ખુશીની બાબત છે અને સાથે સાથે વિશ્વાસ પણ છે કે મારા ગામ પૂરતી આ બદીને હું અને મારા સાથી મિત્રો દૂર કરી શકીશું.

શરમાળ પ્રકૃતિથી મારી ફજેતી થવા સિવાય બીજું નુકસાન થયું નથી. ફાયદો થયો છે, એમ હવે જોઈ શકું છું. બોલવાનો સંકોચ મને પ્રથમ દુઃખકર હતો તે હવે સુખકર છે. મોટો ફાયદો તો એ થયો કે હું શબ્દોની કરકસર શીખ્યો. મારા વિચારો પર કાબૂ મેળવવાની ટેવ સહેજે પડી. મને હું એ પ્રમાણપત્ર આપી શકું કે મારી જીભ કે કલમમાંથી વિચાર્યા વિના કે માપ્યા વિના ભાગ્યે જ કોઈ શબ્દ નીકળે છે. મારા ભાષણ કે લખાણમાંના કોઈ ભાગને સારુ મને શરમ કે પશ્ચાતાપ કરવાપણું છે એવું મને સ્મરણ નથી, અનેક ભયોમાંથી હું બચી ગયો છું ને મારો ઘણો વખત બચી ગયો છે એ વળી અદકો લાભ.

અનુભવે મને એ પણ સમજાયું કે સત્યના પૂજારીએ મૌનનું સેવન કરવું ઘટે છે. જાણ્યે અજાણ્યે પણ મનુષ્ય ઘણી વેળા અતિશયોક્તિ કરે છે અથવા તો કહેવા યોગ્ય હોય તે છુપાવે છે કે જુદી રીતે કહે છે. આવા સંકટોમાંથી બચવાને સારુ પણ અલ્પભાષી થવું આવશ્યક છે. થોડું બોલનાર વગર વિચાર્યે નહીં બોલે, પોતાના દરેક શબ્દને તોળશે. ઘણી વેળા માણસ બોલવાને અધીરો બને છે, મારે પણ બોલવું છે એવી ચિઠ્ઠી કયા પ્રમુખને નહીં મળતી હોય? પછી તેને વખત આપવામાં આવ્યો હોય તે તેને સારુ પૂરતો નથી થતો, વધારે બોલવા દેવાની માગણી કરે છે ને છેવટે રજા વિના પણ બોલ્યા કરે છે. આ બધાના બોલવાથી જગતને લાભ થયેલો ભાગ્યે જ જોવામાં આવે છે. તેટલા વખતનો ક્ષય થયેલો તો સ્પષ્ટ જોઈ શકાય છે એટલે જો કે આરંભમાં મારું શરમાળપણું મને ડંખતું છતાં અત્યારે તેનું સ્મરણ મને આનંદ આપે છે. એ શરમાળપણું મારી ઢાલ હતી. તેનાથી મને પરિપક્વ થવાનો લાભ મળ્યો. મારી સત્યની પૂજામાં મને તેટલી સહાય મળી.

- મહાત્મા ગાંધી (આત્મકથા, ભાગ – ૧)

## જોઈએ વધારે "દૂધી"? તો એના વેલે વળગાડો "બુદ્ધિ"!

**હીરજી ભીંગરાડિયા**

દૂધી પાસેથી વધુ આવક મેળવવાના ખેડૂત અજમાવી શકે એવા વધારાના બે કીમિયા છે, જેનો વધારાનો કશો ખર્ચ પણ વેઠવો પડતો નથી અને છતાં દૂધીના પોટકાં અઢળક ઊતરી પડે છે-એની જ વાત કરવી છે પણ તે પહેલાં દૂધી વિષેનો સામાન્ય પરિચય પામી લઈએ.

'દૂધી' એ ગરીબોનું શાક અને ખેડૂતોનો શ્રેષ્ઠ પાક સાબિત થયો છે. દૂધી ક્યારેય માપથી વધારે મોંઘી હોતી નથી. તેથી ગરીબ અને મધ્યમ વર્ગના માણસો સહેજે ખરીદી શકે છે અને શાક તરીકે ઉપયોગ કરી શકે છે.અને છતાં તેની ખેતીમાં અન્ય પાકોની સરખામણીમાં ખાસ ખર્ચ વિના એકરદીઠ વધુ વજન મળતું હોઈ ખેડૂતો માટે ઉત્તમ પાક ગણાયો છે.

**'દૂધી' એ બારમાસી પાક છે :**

દૂધી બારે માસ સારી રીતે ઉછરતો અને ઉત્પાદન આપતો વેલાવાળો શાકભાજીનો પાક છે. જ્યાં ચાલુ ખેતીપાકો થઈ શકતા હોય તેવી રેતાળ, ગોરાડુ, મધ્યમ કાળી અને કાળી જમીન માફક આવે છે. ચોમાસામાં માત્ર વરસાદી પાણી, શિયાળામાં ઓછું પાણી અને ઉનાળામાં થોડું વધારે પાણી માગતો અને ઓછી મજૂરીએ વધુ વજન પૂરું પાડતો પાક છે. વળી, પાક પોતે ખડતલ હોવાથી સંરક્ષણ ખર્ચ ઓછો અને ફળો મોટાં એટલે ઉતારવાની મજૂરી પણ સાવ ઓછી લાગે છે.

**ઉપયોગ :**

જેમ ચીભડાં-કાકડી કાચાં ખાઈએ છીએ તેમ દૂધીની છાલ કાઢી કાચેકાચી દૂધી એટલી જ લિજ્જતથી ખાઈ શકાય છે. આ અખતરો કરવા જેવો છે. શાક તરીકે એનો ખૂબ વધારે વપરાશ છે. તે સુપાચ્ય હોવાથી બીમારોને બાફેલી દૂધી ખાવાની ડૉક્ટરો ભલામણ કરતા હોય છે. અરે! હૃદયરોગ જેવી જીવલેણ બીમારીમાં ૨૫૦ ગ્રામ દૂધીના ટુકડાની સાથે ૫-૭ પાંદ તુલસીના અને એટલા જ ફુદીનાના ઉમેરી, ગ્રાઈન્ડરમાં પીસી રસ કાઢી, કપડાથી ગાળી-તેમાંથી ૧૦૦-૧૨૫ ગ્રામ દ્રાવણની સાથે એટલું જ પાણી ઉમેરી, તેમાં ૪-૫ કાળામરી-તીખાનો ભૂકો અને થોડું સિંધાલુણ-મીઠું ઉમેરી દિવસ દરમ્યાન બેત્રણ વાર સેવન કરવામાં આવે તો હૃદયની જામ થઈ ગયેલી લોહીની નળીઓ ખૂલી જઈ "બાયપાસ" જેવી મોંઘી અને જોખમી શસ્ત્રક્રિયામાંથી છૂટકારો પામી શકાય છે. એવું શ્રી અ. ના. નાઉડે-ધરમપેઠ નાગપુર, ફોન ૫૨૧૨૯૩નું કહેવાનું છે.

ખાંડની સાથે દૂધીની વિવિધ વાનગીઓ બનતી હોય છે. દૂધી તો ઠંડી ગણાયેલી હોઈ, જ્યારે કોઈ 'લૂ'માં સપડાયું હોય કે ખૂબ તાવ ચડ્યો હોય ત્યારે દૂધીના પાટા અત્યંત લાભદાયી બનતા હોય છે. વાળ માટે ઉપયોગી હોવાથી શેમ્પુ અને તેલ પણ બનવા લાગ્યાં છે.

**બિયારણ :**

દૂધીમાં સ્થાનિક જાતો ઉપરાંત પસંદગીથી સંશોધિત થયેલી જાતો અને સંકર જાતો પણ વ્યવહારમાં આવી ગઈ છે. જેમાં એક લાંબી અને પાતળી ડોકવાળી તથા બીજી આખેઆખી ધોકા જેવી મોઢે-પેટે એક સરખી જાડાઈવાળી, વરદ-બોટલ ગ્રાઉન્ડ હોવાથી પેકિંગ કરવામાં ખૂબ ફાવે તેવી છે.

**રોગ-જીવાત :**

શરૂઆતમાં ક્યારેક ચૂસિયા જીવાત લાગે છે. તે માટે આંતર-શોષિત દવાઓ અને પાન પર સફેદ લોટ જેવી ભૂકી દેખાય, છારો તો વેટેબલ ગંધકનો છંટકાવ કરવાથી તરત જ કાબૂમાં આવી જાય છે.

**વાવણી :**

વાવણીની કઈ રીત અપનાવવી એ ખેડૂતોએ પોતાની પરિસ્થિતિ જોઈ નિર્ણય લેવાનો રહે. જો ઓછું પાણી હોય તો પાંચ ફૂટને ગાળે સરિયા કરી, તેમાં પાંચ ફૂટના ગાળે કોદાળી કે પાવડાથી થોડો ખાડો કરી, તેમાં થોડો દિવેલીનો ખોળ અને થોડા એન.પી.કે. મિશ્ર ખાતરને અરધાક તગારા કમ્પોસ્ટ ખાતર સાથે મિશ્ર કરી ભરી દઈ, ઉપર માટી વાળી દેવી અને બાજુમાં એક ખાડાદીઠ બે બીજ થાણવાં. જરૂર મુજબ સરિયાને પિયત આપવું. પાંચ-છ દિવસે ઊગાવો લીધા બાદ ડૂલ પડેલ જગ્યાએ ફરી બીજ ચોપી દેવાં. જો ટપક પદ્ધતિની સગવડ હોય તો તો સોનામાં સુગંધ ભળે! એ તો પિયતની અતિ ઉત્તમ એવી રીત છે. પાંચ કે છ ફૂટના ગાળે લેટરલ દોડાવી, તેમાં પાંચ ફૂટના અંતરે ડ્રીપરો લગાડી, ડ્રીપરની જગ્યાએ જમીનમાં ખાડા કરી, ઉપર કહ્યા પ્રમાણે ખાતર ભરી બીજ થાણવાં અને જરૂર મુજબ ટપકથી પિયત આપવું. અને જો ક્યારા કરીને જ વાવેતર કરવાની ગણતરી હોય તો પાંચ કે છ ફૂટ પહોળા ક્યારા બનાવી, ક્યારાની વચ્ચોવચ પાંચ ફૂટના અંતરે ખાડા કરી, ખાતર ભરી, બીજ થાણવાં.

**બરાબર નિરીક્ષણ કરજો :**

બીજ ઊગી ગયા પછી પંદરેક દિવસમાં ‘છોડ'માંથી ‘વેલા'નું રૂપ ધારણ થશે. અને દૂધીનો વેલો તો રાજાની કુંવરીની જેમ વધવા લાગશે. વેલાને ખૂબ ખાતર-પાણી આપી, વધુને વધુ લાંબો બનાવી દઈએ તો વધુ દૂધી મેળવી શકાય ને? જો કે હું પણ એમ જ માનતો હતો. પણ અનુભવે એ ખ્યાલ અધૂરો પુરવાર થયો છે. વધારે ઉત્પાદન મેળવવા દૂધીના વેલાને મસમોટો અને તગડો બનાવવાની જરૂર નથી. જરૂર હોય છે તે વેલાને વધુમાં વધુ ઇચ્છિત ફૂલો લાગે અને ખોરાક લેનારા વધુમાં વધુ મૂળિયાં વિકસે તેવી અનુકુળતાઓ ઊભી કરી આપવાની!

**વાસ્તવિકતા એ છે કે :**

દૂધીનો વેલો પાંચેક ફૂટ લાંબો થાય એટલે તેની લાંબી દાંડલી પર સફેદ ફૂલો ખીલવા લાગે છે. પણ તે ફૂલોમાં દૂધી બેસતી નથી. કારણ કે તે બધા નર ફૂલો હોય છે. તો પછી દૂધી લાગે ક્યારે? એ વેલો ઠીક ઠીક લંબાઈવાળો થાય ત્યારે કુદરતી પ્રેરણાથી આપમેળે વેલામાંની ગાંઠોમાંથી નવી શાખાઓ ફૂટે અને નવી ફૂટેલી શાખાઓ પર શરૂઆતના બે-ત્રણ કે ચાર પાનની બગલમાંથી માદા ફૂલો ખીલે છે. માદા ફૂલનો દેખાવ દૂધીના નાનકડા પ્રતિનિધિત્વને છેડે ખીલેલા સફેદ ફૂલવાળો હોય છે. તે મોટું થઈ ‘દૂધી' રૂપે તૈયાર થાય છે. વેલો તો આગળને આગળ વધતો જાય છે પણ તેના પર હવે એકલાં નર ફૂલો જ ખીલ્યાં કરતાં હોવાથી વચ્ચે ક્યાંય માદા ફૂલો ખીલવવાનો દૂધી વેલાનો સ્વભાવ ન હોવાથી દૂધી હવે ઊતરતી બંધ થઈ જાય છે.

હવે આ આગળ વધતા વેલાને ફરીવાર દૂધી ક્યારે લાગે? જ્યારે ફરીવાર માદા ફૂલો ખીલે ત્યારે! ફરીવાર માદા ફૂલો ક્યારે ખીલે? જ્યારે મુખ્યવેલાની શાખાઓ ખૂબ લાંબી થઈ જાય ત્યારે ફરીવાર દરેક શાખાના પાનની બગલમાંથી ‘પ્રશાખા' ફૂટતી હોય છે. પણ મુખ્ય વેલાની લંબાઈ ખૂબ વધે ત્યારે જ પ્રશાખાઓ ફૂટે. અને તેનું ફૂટવાનું પ્રમાણ પણ હોય છે નજીવું. એટલે દૂધી ઘણી ઓછી મળે તે સ્વાભાવિક છે.

વધુ ઉત્પાદન મેળવવા કરવાનું શું? તો હવે વધારે દૂધી મેળવવાના કીમિયાની વાત કરીએ તો- દૂધીના વેલાની લંબાઈ અઢી-ત્રણ ફૂટ થાય એટલે તેની ડુંખ, માથું કાપી લેવી. વેલો આગળ વધતો અટકશે. પાંદડાની બગલમાંથી નવી શાખાઓ ફૂટશે અને વધવા માંડશે. શરૂઆતના ત્રણથી પાંચ પાંદની બગલમાં માદા ફૂલો ખીલશે. અને પછી જેવા નરફૂલો ખીલવાના શરૂ થઈ જાય એટલે બે કે ત્રણ નરફૂલ ઊઘડે ત્યાં સુધી વેલાને ચાલુ રહેવા દઈ, પછીથી દરેક શાખાઓની ડુંખો કાપી લેવી. આથી નકરા નર ફૂલો આપતા વેલા આગળ વધતા અટકી જશે અને પરિણામ એ આવશે કે દરેક શાખાઓ પરની બધી ગાંઠોમાંથી એકએક ‘પ્રશાખા' ફૂટી નીકળશે અને તે દરેકને શરૂઆતના ત્રણ-ચાર કે પાંચ પાનની બગલમાંથી માદા ફૂલો-એટલે કે દૂધી મળશે.

આમ, વેલાને બિનજરૂરી વાનસ્પતિક વિકાસમાંથી

બચાવી લેવા-કહોને વેલાનો લંબાઈ વિસ્તાર ખોટો ખોટો વધવા ન દેતાં, જોઈ-તપાસી ડુંખો કાપ્યા કરવાથી નવી શાખાઓ મળ્યા કરશે અને નવી શાખાઓમાં શરૂ શરૂમાં દૂધી લાગ્યા કરશે. શરત એટલી કે દૂધી ઉતારનાર માણસે આડેધડ નહીં પણ જોઈ-તપાસી ડુંખો કાપ્યા કરાવાનું ચાલુ રાખવું પડે છે.

**હવે બીજી વાત છે તે વેલાના મૂળતંત્રને મોટું બનાવવાની :**

વેલા પાસેથી દૂધી વધારે લેવી હોય તો તેને ખોરાક પણ વધુ લઈ શકે તેવી સગવડ કરી આપવી પડે. એ માટે વેલો જેમ જેમ મોટો થતો જાય, પથરાતો જાય તેમ તેમ વેલાની દર ત્રીજી-ચોથી ગાંઠ પર માટીની ઢગલી કરી દેવી. પાણી વાળનારે બાજુની જમીન પરથી પાવડો ભરી માટી લઈ વેલાની ગાંઠ પર મૂકી દેવી. જીવતા વેલાની ગાંઠ માટીમાં દબાવાથી અને તેને જમીનનો ભેજ મળવાથી ત્યાં નવાં મૂળ ફૂટી નીકળશે અને ખોરાક ચૂસી ચૂસી વેલાને મોકલવા લાગશે. માત્ર એક જ મૂળ વિસ્તારને બદલે ઘણી બધી ગાંઠો પર નાના મૂળતંત્ર યુનિટો કાર્યરત થઈ જતાં વેલાને ખોરાકનો પુરવઠો અનેક ગણો મળવા માંડશે-વેલાને લાગેલ દૂધી પોષાવા લાગશે.

વધુમાં વધુ માદાફૂલો મેળવી, એકથી વધારે ખોરાક ચૂસનાર મૂળતંત્ર યુનિટો ઊભા કરી, ઉત્પાદનને અઢીગણું વધારે કરી શકાયું છે તેનો જાત અનુભવ છે.

ફળોનું કદઃ ફળો કેવડાં નાનાં કે મોટાં ઉતારવા તે બાબતે ખેડૂતે ખાનાર વર્ગની પસંદગી સુધી લાંબી નજર કરવાની રહે છે. શાક ખરીદનાર કેવી દૂધી પસંદ કરે છે તેનો અભ્યાસ ખેડૂતે કરવો પડે. તેને જો નાની અને કૂણી કૂણી ૪૦૦-૫૦૦ ગ્રામની જ ખરીદવી હોય તો આપણે શા માટે મોટી થવા દેવી? ત્રણ નાની દૂધી છોડ પાસેથી જેટલું પોષણ ચૂસે તેટલું જ પોષણ એક જ મોટી દૂધી ચૂસી લેતી હોય છે. એટલે જેમ નાનાં ફળ ઉતાર્યાં કરશું તેમ ફળોની સંખ્યા વધુ મળ્યાં કરશે, વજનની દૃષ્ટિએ તેનું તે જ ગણિત બેસી જશે.

ફળો ક્યારે ઉતારવા? આંખને ગમે તેવી ચમકીલી અને આકર્ષક દૂધી રાખવા માટે તે માર્કેટમાં પહોંચતાં સુધીમાં કાળી ન પડી જાય, તેનો દેખાવ ન બગડી જાય માટે ઠંડા પહોરે ઉતારવાનું અને ઉતાર્યા પછી તડકે નહીં પડી રહેવા દેવાની, તથા સુતરાઉ કાપડમાં પેકિંગ કરવાનું ગોઠવવું પડે.

**હિસાબ કંઈક આવો ઉતરેઃ**

માનો કે આપણે પાંચ બાય પાંચ ફૂટના ગાળે બિયાં વાવી વાવેતર કર્યું હોય તો એક એકરમાં ૧૭૪૨ વેલા ઉગે. અને માની લો કે તેમાં ૪૨ જેટલાં ડૂલ-ખાલાં પડી જાય તો પણ ૧૭૦૦ વેલા તો પાક્કા ઊભા હોય. અમારા અનુભવે એક વેલો ૨૦થી ૩૦ દૂધી આસાનીથી આપે. દૂધીનું વજન ૫૦૦ ગ્રામ ગણીએ તો ૧૦થી ૧૨ કિલો વજન વેલા દીઠ મળે. એટલે એકરે ૧૭૦૦૦થી ૨૦૦૦૦ કિલો વજન મળે. ભાવો કેવા રહેશે તે અંગે કંઈ કહેવાતું નથી, ભૈ! પણ અત્યારની મોંઘાઈ પ્રમાણે કિલોના રૂપિયા પાંચ ખેડૂતને જથ્થાબંધના મળતાં ભાવ ગણીએ તોય ઓછામાં ઓછા એકરે એક લાખ રૂપિયા લઈ શકાય. આનાથી ઘણું વધારે લઈ શકવાની મહેનતુ ખેડૂતો અને દૂધીના પાકમાં ત્રેવડ છે. સવાલ છે તેને વ્યવસ્થિત રીતે ડુંખ કાપતા રહી અને વધુ મૂળ મૂકાવવાની કળા અજમાવવાની!

(પંચવટી બાગ, માલપરા જિ.ભાવનગર મો. ૯૩૨૭૫ ૭૨૨૯૭)

તમારો વ્યવસાય ચાહે તે હોય, અને તમારા કલાકો પ્રવૃત્તિથી ગમે તેટલા ભરચક હોય, પણ તમારા આંતરજીવનને તાજગી આપવા યોગ્ય થોડીક પળો રોજેરોજ મેળવવાનું ચૂકશો નહીં.

- ચાર્લ્સ નોર્ટન

## મસરીબાપા જેવા સરપંચ આજે ક્યાંય જડે તો વંદન કરીએ

**ભદ્રાયુ વછરાજાની**

---

'સને ૧૯૫૩માં સૂર્યાવદર પ્રાથમિક શાળાના નિત્યક્રમ મુજબના શિક્ષણ કાર્ય દરમિયાન સૂર્યાવદરના સરપંચનો સંદેશ આવે છે કે સાહેબ નિશાળ પૂરી થાય પછી ચા પાણી માટે ઘેર આવજો.

ત્યારે સૂર્યાવદરમાં પ્રાથમિક શાળા નવી શરૂ થયેલી. પ્રથમ શિક્ષક તરીકે મારી નિમણૂંક થયેલી. તે વખતે સરપંચ તરીકે મસરીભાઈ જગાભાઈ વારોતરિયા, મસરીબાપાના નામથી ઓળખાય છે. એમનો પુત્ર બલદેવ ત્યારે પ્રથમ ધોરણમાં. લાડકોડમાં ઉછરેલ, ભણવામાં બહુ ધ્યાન આપતો ન હતો. મસરીબાપા ગામના સરપંચ અને હું નવો નિમાયેલો શિક્ષક. સંકોચથી તેના પ્રત્યે કૂણું વલણ રાખતો. મસરીબાપાને ખબર પડી કે બલદેવ ભણવામાં બરાબર નથી અને સરપંચના દીકરા તરીકે માસ્તર એમને કાંઈ કહેતા નથી.

નિશાળનો સમય પૂરો થયા પછી તેમના ઘેર ગયો. મસરીબાપાએ સીધો જ સવાલ કર્યો, 'હેં સાહેબ, મેં તમારું કંઈ બગાડયું છે?' મેં ના પાડી. તો બીજો સવાલ થયો, 'મારા દીકરાએ તમારું કંઈ બગાડયું છે?' બંને સવાલો ન સમજાય તેવા. મેં બંને સવાલના જવાબ 'ના'માં આપ્યા. અને આવું પૂછવાનું કારણ પણ પૂછ્યું. મસરીબાપાએ કીધું કે, 'તો પછી મારા દીકરાનું ભવિષ્ય તમે શા માટે બગાડો છો?' આખી વાતનો તાળો મળી ગયો. બલદેવ ભણવામાં ધ્યાન આપતો ન હતો અને હું કંઈ એમને કહેતો નહોતો, તે બલદેવના ભવિષ્યને બગાડવા બરાબર હતું. મસરીબાપાને મેં ધરપત આપી કે હવે બલદેવની તમામ જવાબદારી મારી, તમે ચિંતા છોડો. અત્યારે છાશવારે વાલીઓ બાળકનું ઉપરાણું લઈ શિક્ષકો સામે ઝઘડો કરવા જાય છે ત્યારે મને મસરીબાપાનો આ પ્રસંગ યાદ આવે છે...' સર્વોદય ઉત્તર બુનિયાદી ટંકારિયાના અર્ધશતાબ્દી સ્મૃતિ ગ્રંથમાં શ્રી પ્રેમજીભાઈ રામજીભાઈ મોઢાનો આ પ્રસંગ નોંધાયો છે.

૧૯૬૧ની સાલમાં એસ.ટી બસ શરૂ થઈ. મસરીબાપાને ભાણવડ તાલુકાના દુધાળા ગામે જવાનું હતું. તેથી રાવલથી એસ.ટી બસમાં બેઠા અને અડવાણા ઊતરવાનું હતું. કંડક્ટરને ટિકિટના પૈસા આપ્યા, પરંતુ કંડક્ટરે ટિકિટ આપી નહીં. તેથી મસરીબાપાએ રસ્તામાં બે ચાર વાર ટિકિટની માંગણી કરી. કંડક્ટરે આપું છું, આપું છું એવો ઉડાઉ જવાબ આપ્યા રાખ્યો. દરમિયાન અડવાણા આવી ગયું. મસરીબાપાને ત્યાં ઊતરવાનું હતું, તેથી ઊતરી ગયા. પરંતુ સીધા બસની આગળ જઈને ઊભા રહી ગયા અને ડ્રાઈવરને કહી દીધું કે કંડક્ટર મને ટિકિટ આપશે નહીં ત્યાં સુધી બસ ઉપડવા દઈશ નહીં. કંડકટર એકદમ ગુસ્સે થઈ જેમ તેમ બોલવા લાગ્યો, 'હવે અડવાણા આવી ગયું પછી તારે ટિકિટની શું જરૂર છે?' એવું ઉશ્કેરાટમાં બોલ્યો. મસરીબાપાએ તરત જવાબ આપ્યો, 'ટિકિટનું મારે અથાણું કરવું છે, તારે દેવી છે કે નહીં?' આ રકઝકના કારણે ડ્રાઈવર આખી વાત સમજી ગયો અને કંડક્ટરને ઠપકો આપી ટિકિટ આપી દેવાનું કહ્યું. ત્યારે કંડક્ટરે ટિકિટ આપી પછી મસરીબાપા બસની આડેથી હટ્યા.

મસરીબાપાના મોટા પુત્ર બલદેવભાઈ જણાવે છે કે, 'ત્યારે મારી નાની ઉંમરના કારણે મને એ સમજાયું કે ટિકિટના પૈસા આપી દીધા, અડવાણા પહોંચી ગયા, ઊતરી ગયા તો હવે બાપા ટિકિટનો આગ્રહ શા માટે રાખે છે? આ

જિજ્ઞાસા દૂર કરવા પૂછ્યું, તો મસરીબાપાએ કહ્યું, 'કંડક્ટર નોકરીમાં ચડે ત્યારે તેને ગણતરી કરીને ટિકિટ આપવામાં આવે અને નોકરી પૂરી થાય ત્યારે વધેલી ટિકિટ અને વપરાયેલી ટિકિટના પૈસા એણે જમા કરાવવાના હોય. હવે આપણને ટિકિટ ન આપી તે ટિકિટ પરત જમા કરાવવાની થાય એટલે એટલા પૈસા કંડક્ટરના ખિસ્સામાં રહે અને તે રીતે મુસાફરે પૈસા આપ્યા હોવા છતાં એસ.ટી.ને પૈસા ઓછા મળે. આવું વખતોવખત કરે અને બધા કંડક્ટર કરે તો એસ.ટી.ને તો મોટી નુકસાની જાય ને!' ત્યારે રાવલથી અડવાણાની ટિકિટ તો માત્ર ૫૦ પૈસા જ હતી અને મારી ઉંમર નાની એટલે અડધી ટિકિટ થાય એમ કુલ ૭૫ પૈસા થયા. પરંતુ એ ૭૫ પૈસા પણ ખોટી રીતે કંડક્ટર ખાઈ જાય અને લાંબે ગાળે તેની કેટલી અસર પહોંચે અને એસ.ટી.ને કેટલી ખોટ જાય, આ બધો હિસાબ મસરીબાપાએ કર્યો હતો.

આજે મસરીબાપા જેવી વ્યક્તિ સરપંચ ચૂંટાઈ આવે તેવો માહોલ છે ખરો?

(email : bhadrayu2@gmail.com)

---

સંસ્કૃત વિષય ચોથા ધોરણથી શરૂ થયેલો. છઠ્ઠા ધોરણમાં હું હાર્યો. સંસ્કૃત શિક્ષક બહુ સખત હતા. વિદ્યાર્થીઓને ઘણું શીખવવાનો લોભ રાખતા. સંસ્કૃત વર્ગ અને ફારસી વર્ગ વચ્ચે એક જાતની હરીફાઈ હતી. ફારસી શીખવનાર મોલવી નરમ હતા. વિદ્યાર્થીઓ માંહે માંહે વાત કરતા કે ફારસી તો બહુ સહેલું છે ને ફારસી શિક્ષક બહુ ભલા છે. વિદ્યાર્થી કરે તેટલાથી નિભાવી લે છે. હું પણ એ સહેલું છે એ સાંભળી લોભાયો ને એક દિવસ ફારસીના વર્ગમાં જઈને બેઠો. સંસ્કૃત શિક્ષકને દુઃખ થયું. તેમણે મને બોલાવ્યો, 'તું કોનો દીકરો છે એ તો સમજ. તારા ધર્મની ભાષા તું નહીં શીખે? તને મુશ્કેલી હોય તો મને બતાવ. હું તો બધા વિદ્યાર્થીઓને સરસ સંસ્કૃત શીખવવા ઇચ્છું છું. આગળ જતાં તો તેમાં રસના ઘૂંટડા પીવાના છે. તારે એમ હાર ન માનવી જોઈએ. તું ફરી મારા વર્ગમાં બેસ.' હું શરમાયો. શિક્ષકના પ્રેમની અવગણના ન કરી શક્યો. આજે મારો આત્મા કરુણાશંકર માસ્તરનો ઉપકાર માને છે. કેમ કે જેટલું સંસ્કૃત હું તે વેળા શીખ્યો તેટલું પણ ન શીખ્યો હોય તો આજે સંસ્કૃત શાસ્ત્રોમાં જેટલો રસ લઈ શકું છું તે ન લઈ શકાત. મને તો એ પશ્ચાતાપ થાય છે કે હું સંસ્કૃત વધારે ન શીખી શક્યો. કેમ કે પાછળથી હું સમજ્યો કે કોઈ પણ હિંદુ બાળક સંસ્કૃતના સરસ અભ્યાસ વિનાનું ન રહેવું જોઈએ. હું તો હવે એમ માનું છું કે ભારતવર્ષના ઉચ્ચ શિક્ષણમાં સ્વભાષા ઉપરાંત રાષ્ટ્રભાષા હિન્દી, સંસ્કૃત, ફારસી, અરબી અને અંગ્રેજીને સ્થાન હોવું જોઈએ. આટલી ભાષાની સંખ્યાથી કોઈએ ડરી જવાનું કારણ નથી. ભાષા પદ્ધતિસર શીખવવામાં આવે અને બધા વિષયો અંગ્રેજી મારફતે શીખવાનો ને વિચારવાનો બોજો આપણી ઉપર ન હોય તો ઉપલી ભાષાઓ શીખવામાં બોજો નથી, એટલું જ નહીં, પણ તેમાં અતિશય રસ રહેલો છે. વળી જે એક ભાષા શાસ્ત્રીય પદ્ધતિથી શીખે છે તેને પછી બીજી ભાષાનું જ્ઞાન સુલભ થઈ પડે છે. ખરું જોતાં હિન્દી, ગુજરાતી ને સંસ્કૃત એક ભાષામાં ગણી શકાય તેમ જ ફારસી, અરબી એક ગણાય. ફારસી જો કે સંસ્કૃતને લગતી છે છતાં બન્ને ઈસ્લામના પ્રગટ થયા પછી ખેડાયેલી છે તેથી બન્ને વચ્ચે નિકટનો સંબંધ છે. ઉર્દૂને મેં અલગ ભાષા નથી ગણી કેમ કે તેના વ્યાકરણનો સમાવેશ હિંદીમાં થાય છે. તેના શબ્દો તો ફારસી અને અરબી જ છે. ઊંચા પ્રકારનું ઉર્દૂ જાણનારને ફારસી, અરબી જાણવું પડે છે તેમ ઊંચા પ્રકારનું ગુજરાતી, હિન્દી, મરાઠી કે બંગાળી જાણનારને માટે સંસ્કૃત જાણવું આવશ્યક છે.

- મહાત્મા ગાંધી (આત્મકથા, ભાગ – ૧)

## ૦૬. અભિવ્યક્તિ

**સન્માન**

**યોગેશ ન. જોશી**

---

નયનભાઈ કામદારનો વિદાય સમારંભ હતો. તે આ કચેરીના ઓ.એસ. છે એટલે કે હતા. ગાંધીજીનું આ પોસ્ટર એમણે લગાવ્યું હતું. ભીંત પર મજાના સુવાક્યો અને અરજદારો માટે સુવિધાઓ, એ બધુંય એમના કારણે જ. ખુરસી એટલે એમને મન સેવા અને ધરમનું આસન.

નયનભાઈનાં સજળ નેત્રો ઓફિસના ખૂણેખૂણે ફરી રહ્યાં હતાં. ત્રણ વરસની સ્મૃતિઓ ઊમટી રહી હતી. પાંત્રીસ વરસની નોકરીમાં એ બેદાગ હતા ને એટલે જ આજે નિર્ભય હતા, નહીંતર નોકરીના છેલ્લા દિવસે કેટલાંય ઑફિસરોને પોતાના હાથે જ એમણે શો કોઝ નોટિસો પકડાવેલી.

સમારંભ શરૂ થયો. નયનભાઈ વિશે બોલાતું રહ્યું. કોઈએ એમની પ્રામાણિકતા વિશે તો કોઈએ નિયમિતતા વિશે, કોઈએ એમના શિસ્તપ્રેમ વિશે તો કોઈએ આવડત વિશે વાત કરી.

નયનભાઈ સાંભળી રહ્યા હતા. ફૂલહાર, શાલ, શ્રીફળ, સાકરનો પડો, આભારના બે શબ્દો અને છેલ્લે નાસ્તો.

સૌએ નયનભાઈને વિદાય આપી. ધીરે પગલે એ કચેરીમાંથી બહાર નીકળ્યા. ઑફિસ છોડતી વખતે હંમેશ એમના મનમાં બીજા દિવસનું આયોજન ઘુમરાતું, પણ આજે... એમણે પાછું વળીને જોયુ. થયું, ઑફિસને છેલ્લી વખત આંખમાં ભરી લઉં.

એ પાછા ફર્યા. ઓફિસના દરવાજે એમના પગ થંભી ગયા. કર્મચારીઓ એક ટેબલ પર ટોળે વળ્યા હતા. દબાતા અવાજે ઠાઠાઠીઠી ચાલી રહ્યું હતું. હમણાં ભીની આંખે ભાષણ કરનારા ચહેરાઓ પર ખુશીના સળો ઊઠી રહ્યા હતા.

'બે-ત્રણ દિવસમાં મહેતાસાહેબનો ઓર્ડર આ ખાલી જગ્યા પર થઈ જશે એ નક્કી.' ગાંધીનગરથી મળેલી ખાનગી માહિતીની પોટલી કોઈએ ખોલી.

'કેવાક છે એ?' ચિંતાતુર અવાજે પ્રશ્ન પૂછાયો.

'એકદમ પ્રેક્ટિકલ. કામ કરવાની મજા આવશે.'

'તો તો સારું. ત્રણ વરસથી કંટાળી ગયા હતા. આ કામદાર, ખાતો નહીં ને ખાવા દેતોય નહીં. વેદિયો સાલો....' સિનિયર ક્લાર્ક બારીમાંથી બહાર થૂંકતા બોલ્યો.

નયનભાઈના કાનમાં આ સંવાદો રેડાયા. એમના રુક્ષ ચહેરા પર સ્મિત છવાઈ ગયું. મન સંતોષથી ભરાઈ ગયું. એ દરવાજેથી પાછા વળી ગયા.

('શ્રીશૈલ' , બંસી ડુપ્લેક્સ, યમુનાવાડી પાસે, રીઅલ ટેસ્ટવાળી ગલી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ – ૩૬૨ ૦૧૫, મો.૯૮૨૪૨ ૮૮૦૯૨; Mail : yogeshjoshi102@gmail.com)

સુધારો કરવા સારુ માણસે ઊંડા પાણીમાં ઊતરવું ન જોઈએ. જેને સુધારવા છે તેની સાથે મિત્રતા હોય નહીં. મિત્રતામાં અદ્વૈતભાવના હોય. એવી મિત્રતામાં સુધારાને અવકાશ બહુ ઓછો હોય છે. મારો અભિપ્રાય એવો છે કે અંગત મિત્રતા અનિષ્ટ છે, કારણ કે માણસ દોષ ઝટ ગ્રહણ કરે છે. ગુણ ગ્રહણ કરવાને સારુ પ્રયાસની આવશ્યકતા છે. જેને આત્માની, ઈશ્વરની મિત્રતા જોઈએ છે તેણે એકાકી રહેવું ઘટે છે અથવા આખા જગતની સાથે મૈત્રી કરવી ઘટે છે.

\- મહાત્મા ગાંધી (આત્મકથા, ભાગ – ૧)

## વિશ્વની સૌથી મોટી અણુદુર્ઘટના અને 'ચર્નોબિલ' સિરિઝ

સોનલ પરીખ

પચાસેક વર્ષનો ચશ્માધારી પુરુષ ટેપરેકોર્ડર સામે કશુંક બોલી રહ્યો છે. રેકોર્ડિંગ પૂરું કરી એ કેસેટ બહાર કાઢે છે, બીજી ઘણી કેસેટો સાથે તેને ગોઠવી પેકેટ તૈયાર કરે છે. અપાર્ટમેન્ટનો દાદર ઊતરી નીચે આવે છે, પેકેટ એક ઠેકાણે મૂકે છે, પાછો ઉપર આવે છે અને...

...અને તૈયાર રાખેલા દોરડા પર લટકી આત્મહત્યા કરે છે. એનું નામ છે ડૉ. વેલેરી લેગોસોવ.

૯ મે, ૨૦૧૯ના દિવસે બતાવેલા 'ચેર્નોબિલ' શ્રેણીના પહેલા હપ્તાની પહેલી પાંચેક મિનિટમાં જ આ ઘટના બની જાય છે અને પ્રેક્ષકનું મન એક જાતના ભયથી થીજી જાય છે. ભયનો આ ઓથાર છેક સુધી પ્રેક્ષકને ઘેરેલો રહે છે છતાં પ્રેક્ષક તેને જોવાનું છોડી પણ શકતો નથી.

હવે ફ્લૅશબેક શરૂ થાય છે. આ ફ્લૅશબેક સાડાચાર એપિસોડ ચાલવાનો છે.

૨૬ એપ્રિલ, ૧૯૮૬ની સવારે વેસિલી ઈગ્નાટેંકો અને તેની સગર્ભા પત્ની લ્યુડમિલા બેલારુસ જવાના હતાં. રાત્રે દોઢ વાગ્યો ત્યાં પાવર પ્લાન્ટની વિરાટ ચીમનીમાંથી આગની જ્વાળાઓ અને કાળા ધુમાડાના ગોટા નીકળવા માંડ્યા. ફાયરફાઈટર વેસિલીને આગ બુઝાવવા ભાગવું પડ્યું. પત્નીને ચુંબન આપી, 'શાંતિથી સૂઈ જા, હું આવીને તને જગાડીશ.' કહી વેસિલી ગયો.

આગ સામાન્ય નહોતી, ચેર્નોબિલના એટમિક રિએક્ટરમાં થયેલા અકસ્માતનું પરિણામ હતી. વેસિલી અને તેના જેવા બત્રીસ યુવાનો એટમિક રેડિયેશનનો તાત્કાલિક અને પહેલો ભોગ બન્યા. તેમને સીધા હૉસ્પિટલે લઈ જવાયા.

લ્યુડમિલા દોડી. પ્રશ્નોત્તરી અને વિધિઓમાંથી માંડ પસાર થઈ પતિ પાસે પહોંચી. એક પ્રશ્ન એ પણ હતો, 'પ્રેગ્નન્ટ છો? તો નહીં જઈ શકો.' એ ખોટું બોલી કેમ કે તેને પતિને જોવો હતો, સ્પર્શવો હતો, આશ્વાસન આપવું ને મેળવવું હતું. 'તેને અડશો નહીં.' એવી ચેતવણી સાથે તેને વેસિલીના રૂમમાં જવા દેવાઈ. જાડા પારદર્શક પ્લાસ્ટિક પડદાને પેલે પાર વેસિલીનું રેડિયેશને ક્ષતવિક્ષત કરી નાખેલું, ઓળખાય પણ નહીં તેવું અર્ધબેહોશ શરીર પડ્યું હતું. લ્યુડમિલાની ભયવિસ્ફારિત આંખો રડી ન શકી.

વાચકોની સ્મૃતિ તાજી કરવા થોડી વિગત આપું : ચેર્નોબિલ એટમિક પાવર સ્ટેશન યુક્રેનની રાજધાની કીવથી ૧૩૦ કિ.મી. ઉત્તરે નેબેલારુસથી ૨૦ કિ.મી. દક્ષિણમાં પ્રિપયેટ શહેરમાં બન્યું હતું. યુક્રેન ત્યારે રશિયાનો ભાગ હતું. ચેર્નોબિલ પાવર સ્ટેશનમાં ચાર ન્યૂક્લિયર રિએક્ટર હતાં. રિએક્ટરોમાં થતી પ્રક્રિયા ખૂબ ગરમી ઉત્પન્ન કરે છે. ઠંડા પાણીનો પુરવઠો સતત મળ્યા કરે તે માટે પ્રિપયેટ નદી પર એક કૃત્રિમ તળાવ બનાવાયું હતું. ૩ કિ.મી. દૂર નવું વસાવેલું શહેર હતું જેમાં ૫૦,૦૦૦ લોકો રહેતા. ચેર્નોબિલના જૂના શહેરમાં ૧૨,૫૦૦. પાવર પ્લાન્ટના ૩૦ કિલોમીટરના ઘેરાવામાં લગભગ દોઢ લાખ લોકો રહેતા હતા. અકસ્માત સમયે બે રિએક્ટર ચાલુ હતાં.

હવે પાછા શ્રેણી તરફ વળીએ... ૨૬ એપ્રિલે એક પરીક્ષણ દરમ્યાન ભૂલ થવાથી અચાનક રિએક્ટરમાં અનિયંત્રિત અણુવિભાજન પ્રક્રિયા ચાલુ થઈ ગઈ ને જોતજોતામાં કાબૂ બહાર ચાલી ગઈ. પુષ્કળ પ્રમાણમાં વરાળ ઉત્પન્ન થઈ, દબાણ ખૂબ વધી ગયું, બે શક્તિશાળી વિસ્ફોટને કારણે રિએક્ટરની હજારો ટન વજનની છત ઊડી ગઈ. રેડિયેશન ઝડપથી ફેલાવા લાગ્યું. ત્યાં કામ કરતાં,

આગ બુઝાવવા આવેલા અને દૂર પુલ પરથી આગ જોઈ રહેલા લોકોમાંનું કોઈ ન બચ્યું.

સાત કલાક પછી મિન્સ્ક શહેરમાં ઉલાના ખોમ્યુક નામની ન્યૂક્લિયર ફિઝિસિસ્ટે વાતાવરણમાં વધેલા કિરણોત્સર્ગ અંગે સ્થાનિક વહીવટકર્તાઓને ચેતવ્યા. કહ્યું, 'લોકોને ખસેડો.' કોઈએ તેનું સાંભળ્યું નહીં. યુક્રેન અને બેલારુસનું આકાશ ધૂંધળું બનતું જતું હતું. દૂર દૂર સુધી કિરણોત્સર્ગી વરસાદ થયો. દરમિયાન એક ઈન્વેસ્ટીગેશન કમિશન રચાયું અને રશિયાની એકેડમી ઑફ સાયન્સિઝના ડૉ. વૅલેરી લેગોસોવ તેના સલાહકાર તરીકે મોસ્કોથી આવ્યા. તે વખતે ગોર્બાચોવ રશિયાના પ્રમુખ હતા. ડૉ. લેગોસોવે તરત ગોર્બાચોવને જણાવ્યું કે અહેવાલો કરતા સ્થિતિ ઘણી વધારે ખરાબ છે. હવે લોકોને ખસેડવાનો નિર્ણય લેવાયો અને માત્ર પચાસ મિનિટની નોટિસ આપી પ્રિપયેટ શહેર ખાલી કરાયું.

ભંડકિયામાં પ્રદૂષિત પાણી ભરાયું હતું. તેમાં જો રિએક્ટરનો પીગળેલો કોર ભળે તો વરાળ-વિસ્ફોટ થાય. તાત્કાલિક એ પાણી તો ખાલી કરાયું, પણ પીગળેલો અણુકચરો ભૂગર્ભજળને પણ પ્રદૂષિત કરે. તેનો નિકાલ કરવા યંત્રો મુકાયાં પણ ભયાનક ગરમી અને રેડિયેશનથી યંત્રો બગડવા માંડ્યાં એટલે તુલાની કોલસાની ખાણોમાં કામ કરતા ૪૦૦ જેટલા મજૂરોને બોલાવ્યા.

આ બાજુ વેસિલી અને તેના સાથીઓ પુષ્કળ યાતનામાં ૧૪ દિવસ વીતાવી હૉસ્પિટલમાં જ મૃત્યુ પામ્યા. એમનાં શરીર જસતના કૉફિનમાં મુકાયાં અને મોટા ખાડામાં કૉફિનો મૂકી સિમેન્ટ-ડામરના રગડાથી ખાડો બુરી દેવાયો. મનાઈ છતાં વેસિલીને સ્પર્શ કરતા પકડાઈ ગયેલી ને કાઢી મુકાયેલી લ્યુડમિલા, વેસિલીના સૂજેલા શરીર પર પહેરાવી ન શકાયેલા કપડાં અને શુઝ લઈ ભેંકાર આંખે પાછી ફરી.

ખાલી કરાવેલા શહેરમાં ફરી રહેલાં 'પ્રદૂષિત' પ્રાણીઓને મારી નાંખવા સોવિયેત-અફઘાન યુદ્ધના સૈનિકોની બનેલી ખાસ ટીમ આવી. માણસને જોઈ ભૂખ્યાં પ્રાણીઓની આંખોમાં આશા આવતી; પણ એમની પર રાઈફલો તકાતી, ગોળીઓ છૂટતી. બીજી ટીમે પ્રાણીઓનાં મૃત શરીરો ભરેલી ટ્રક મોટા ખાડામાં ઠાલવી તે પર સિમેન્ટ-ડામરનો રગડો રેડ્યો.

આખી ઘટનાની એક રાજકીય બાજુ પણ હતી. રશિયામાં આવું બને તો પશ્ચિમના દેશો અને દુનિયા સામે આબરૂ જાય. ગોર્બાચોવ, એમની સરકાર અને કેજીબી બધું છાવરવા કટિબદ્ધ થયાં. ડૉ. લેગોસોવને ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી સમક્ષ અહેવાલ આપવાનો હતો. એમની સામે ભયાનક હકીકતો ખૂલતી હતી—અકસ્માત નિવારી શકાત, પણ થયો તેનું મુખ્ય કારણ ત્રણ મુખ્ય એન્જિનિયરોની બેદરકારી અને અહમ હતું. રિએક્ટરની ડિઝાઈનમાં પણ મોટી ખામી હતી. ડૉ. લેગોસોવ પાસે કડીબદ્ધ વિગતો અને પુરાવા હતા, પણ તેમના પર પુષ્કળ રાજકીય દબાણ હતું. ઉલાનાએ આખી વાતને ૧૯૭૫માં થયેલી લેનિનગ્રાડ અણુદુર્ઘટના સાથે સરખાવીને લેખ લખ્યો તે પ્રગટ થવા દેવાયો નહીં. લ્યુડમિલાએ દીકરીને જન્મ આપ્યો. છોકરી માંડ ચાર કલાક જીવી.

ઉલાના ડૉ. લેગોસોવને આગ્રહ કરતી, 'સત્ય કહેજો.' દરેક વખતે લેગોસોવનો સાથી કહેતો, 'સરકારની ખફગી ન વહોરીશ.' સરકાર દેશની આબરુનો હવાલો આપતી. આ બધા વચ્ચે ડૉ. લેગોસોવ ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી કૉન્ફરન્સમાં ગયા અને દેશ ખાતર ખોટું બોલી તો આવ્યા પણ આત્મા ડંખતો રહ્યો કે પોતે માનવતાનો દ્રોહ કર્યો છે. છેવટે ત્રણે મુખ્ય વ્યક્તિઓ પર મોસ્કોમાં કેસ ચાલ્યો ત્યારે ડૉ. લેગોસોવે બધું ખુલ્લું પાડ્યું. કેજીબી અધિકારીઓએ તેમને પકડ્યા, નજરકેદ કર્યા, બયાન રદ કર્યું અને ચેર્નોબિલ વિશે વાત ન કરવી તેવી ધમકી આપી. 'અમે જોઈશું કે તમે કરેલા કામની કોઈ નોંધ ન લેવાય. હવે પછી તમને કદી કામ કરવા નહીં દેવાય.'

ફ્લૅશબૅક અહીં પૂરો થાય છે - ફરી વાર આત્મહત્યાનાં દૃશ્યો બતાવી વર્તુળ પૂરું થાય છે.

ત્યાર પછી રિયલ લાઈફ લેગોસોવની અને અન્ય પાત્રોની તસવીરો બતાવી એમનું શું થયું તે જણાવાય છે અને વિગતો અપાય છે : કોલસાની ખાણોમાંથી લવાયેલા ૪૦૦ જેટલા મજૂરો ઉપરાંત બીજા હજારોને પણ 'ફરજિયાત સેવા' આપવા રોકી લેવાયા હતા –આમાંના મોટા ભાગના ૪૦ વર્ષના પણ ન થયા. ૨૦૦૦ ચોરસ માઈલ સુધી રેડિયેશનની અસર થઈ. આ વિસ્તારને એક્સક્લુઝન ઝોન કહે છે. ઊભાં ઝાડ બળી જવાથી જંગલનો રંગ બદલાઈ ગયો છે. ઉલાનાનું પાત્ર કાલ્પનિક છે. તે ચૂપ કરી દેવાયેલી વિજ્ઞાનીઓની ટીમનું પ્રતિનિધિત્વ કરે છે.

દુર્ઘટનાના બરાબર બે વર્ષ બાદ ૧૯૮૮ની ૨૭મી એપ્રિલે પોતે જે જાણતા હતા તે બધું જ રેકોર્ડ કરીને ડૉ. વેલેરી લેગોસોવે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. સત્ય બહાર આવતાં સોવિયેટ ન્યૂક્લિયર ઈન્ડસ્ટ્રી ચમકી પડી. રિએક્ટરોની ડિઝાઈનમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા, થોડા વખતમાં ત્રણ રિએક્ટરો ફરી કામ કરતાં થયાં, પણ જે બન્યું તે ભુલાય તેવું ન હતું. ૨૦૦૬માં ગોર્બાચોવે લખ્યું છે, 'ચેર્નોબિલ પરહેપ્સ ધ ટુ કૉઝ ઑફ ધ કૉલેપ્સ ઑફ ધ સોવેયેટ યુનિયન.' ૧૯૯૬માં ત્યારના પ્રમુખ બોરિસ યેલ્તસીને લેગોસોવને રશિયાનો 'કરેજ અને હીરોઈઝમ' માટે અપાતો સર્વોચ્ચ ખિતાબ એનાયત કર્યો.

અમેરિકાએ ચેર્નોબિલ ઘટનાને 'માનવ ઇતિહાસની સૌથી મોટી પર્યાવરણીય દુર્ઘટના' કહી છે. આ ઘટના પછી યુક્રેન-બેલારુસમાં કેન્સરનું પ્રમાણ અત્યંત વધી ગયું. અસરગ્રસ્ત વિસ્તારમાંથી કુલ ત્રણ લાખ માણસો વિસ્થાપિત થયા હતા, એમને એમ કહેવામાં આવ્યું કે બેત્રણ દિવસમાં પાછા ફરી શકશો. તેઓ કદી પાછા ફરી શક્યા નહીં. ત્યાંના હવા-પાણીમાં હજી અણુપ્રદૂષણ છે. ત્યાંનું જંગલ હજી લાલ છે. રેડ ફોરેસ્ટ તરીકે ઓળખાય છે. ૨૦૦૦માં ચેર્નોબિલ પાવર સ્ટેશન બંધ થયું. ૨૦૧૭માં બે રિએક્ટરો પર અબજોના ખર્ચે સિમેન્ટ ગુંબજ બંધાયા છે. તેમાં ટનબંધ કિરણોત્સર્ગી કચરો આજે પણ છે. પ્રિપયેટ શહેર હજી ખાલી છે. ખાલી રસ્તાઓ પર અને નિર્જન મકાનોમાં જંગલી ઘોડા, સૂવર વગેરે ફરે છે. હવે એ ટૂરિસ્ટ સાઈટ છે. ત્યાંની હૉસ્પિટલના બેઝમેન્ટમાં દર્દીઓનાં કપડાં છે, તેના પર હજી રેડિયેશનની અસર છે. ચેર્નોબિલ દુર્ઘટનામાં કેટલા લોકોના જીવ ગયા એ હજી અટકળનો વિષય છે. ખરો મૃત્યુઆંક ૪૦૦૦થી ૯૪૦૦૦ સુધીનો હોવાની સંભાવના છે, પણ સરકારી આંકડો તો ૧૯૮૭માં જે હતો, હજી પણ એ જ છે – ૩૧.

આ અંતિમ એપિસોડનું નામ છે 'વિચ્નાયા પૅમ્યાટ' આ શબ્દોનો અર્થ છે શાશ્વત સ્મૃતિ. રશિયામાં અંતિમ ક્રિયા વખતે આ શબ્દો ઉચ્ચારાય છે. શ્રેણી એ સૌને અર્પણ છે, 'હુ સફર્ડ એન્ડ સેક્રિફાઈસ્ડ.' આખી શ્રેણીમાં સતત સામાન્ય માણસોના અસ્તિત્વ પ્રત્યે આદર દેખાતો રહે છે.

પાંચ એપિસોડની આ શ્રેણી બેલારુસની નોબેલવિજેતા સ્વેતલાના એલેક્સિએવિચના પુસ્તક 'વૉઈસિસ ઑફ ચેર્નોબિલ' પરથી બની છે. દુર્ઘટના બની ત્યારે સ્વેતલાના બેલારુસમાં પત્રકાર હતી. દસ વર્ષ મહેનત કરી તેણે ફાયર ફાઈટર્સ, રાજકીય વ્યક્તિઓ, વિજ્ઞાનીઓ, સામાન્ય નાગરિકો અને અણુકચરો સાફ કરતા મજૂરો સહિત ૫૦૦ જેટલા સાક્ષીઓની મુલાકાત લઈ આ પુસ્તક તૈયાર કર્યું છે. આ મુખ્ય સ્રોત ઉપરાંત શ્રેણીના સર્જક અને આલેખક ક્રિગ મેઝિને જેટલા મળ્યા તે તમામ સ્રોતોનો અભ્યાસ કર્યો, વિજ્ઞાનીઓ સાથે વાતો કરી. શ્રેણીમાં દોષ સિસ્ટમનો છે એવો ગર્ભિત છતાં સ્પષ્ટ ઈશારો છે. ૧૯૮૬માં બનેલી એ ઘટના શ્રેણી બની ત્યારે ૨૦૧૯માં, આજે ૨૦૨૧માં અને હંમેશાં જ પ્રસ્તુત લાગે છે. સરકારો જે રીતે દુર્ઘટનાને છાવરવા ને દુનિયા સામે આબરૂ રાખવા હવાતિયાં મારે છે તેના કરતાં અડધી પણ મહેનત મજબૂત વહીવટી માળખા અને શિસ્ત માટે કરે તો?

અમેરિકામાં એચબીઓ અને યુકેમાં સ્કાય યુકેએ આ શ્રેણીનું નિર્માણ કર્યું છે. નેટફ્લિક્સ પર ડિઝની-હોટસ્ટારે રજૂ કરી છે. તેનો છેલ્લો હપ્તો ૩ જૂન, ૨૦૧૯ના દિવસે

રજૂ થયો જ હતો ત્યાં 'ચેર્નોબિલ' 'હાઈએસ્ટ રેટેડ ટીવી શૉ' ગણાયો. અનેક પ્રતિષ્ઠિત ઍવોર્ડ્સ અને દર્શકોની અઢળક ચાહના મેળવી ચૂકેલી આ શ્રેણીએ ફાયરફાઇટરો, સ્વયંસેવકો અને જોખમી ટનલ સાફ કરવા ગયેલા ખાણિયા મજૂરોની ઓછી જાણીતી વાતો લોકો સામે મૂકી છે. જો કે અકસ્માત માટે જવાબદાર ત્રણ મુખ્ય વ્યક્તિઓને 'વિલન' ચીતરવા માટે અને શ્રેણીને અસરકારક બનાવવા માટે લેવાયેલી કેટલીક 'સર્જનાત્મક છૂટ'ને માટે તેની ટીકા પણ થઈ છે. યુક્રેનના નેશનલ ચેર્નોબિલ મ્યુઝિયમની ડાયરેક્ટર આન્ના કોરોલેવ્સ્કાયાએ શ્રેણી બનતી હતી ત્યારે ઘણી મદદ કરી હતી. તે કહે છે, 'શ્રેણીના સર્જકો સોવોયેટ ઇતિહાસના પશ્ચિમી પૂર્વગ્રહથી ભરેલા ચિત્રણથી આગળ જઈ શક્યા નથી.'

આ બધું જાણી એ સત્યની ફરી વાર પ્રતીતિ થાય કે આપણે ઇતિહાસમાંથી કંઈ જ શીખતા નથી. ૨૦૧૧માં જાપાનમાં થયેલો ફુકુશિમા ન્યૂક્લિયર એક્સિડન્ટ આની સાબિતી છે. તેના કારણમાં કુદરતી આફત જેટલી જ જવાબદાર ખામીભરી સંરચના હતી. એ પછી વિશ્વસ્તરે અણુખતરાઓ અને અણુઅખતરાઓ માટેની સતર્કતા વધી છે ખરી, પણ ડૉ. લેગાસોવ કહે છે તે યાદ રાખવા જેવું છે, 'જે દેખાતું નથી તે, જે દેખાય છે તેના કરતાં ઘણું વધારે ભયાનક હોય છે. જોખમ એ નથી કે આપણે અસત્યને સત્ય માનવાની ભૂલ કરીએ છીએ. ખરું જોખમ એ છે કે આપણે ચારે બાજુ ફરતા જૂઠાણાંનાં ટોળાં વચ્ચેથી સત્યને ઓળખી શકતા નથી. કારણ કે 'મુશ્કેલ વિકલ્પો અને કઠોર વાસ્તવિકતાનો સામનો કરવા કરતાં સગવડિયાં સત્યો અને સગવડિયા વાસ્તવને માની લેવું આપણને ગમે છે અને સહેલું પણ લાગે છે.'

(લોકભારતી, સણોસરા)

મિત્રની વાતો માનીને મેં મારી પત્નીને કેટલુંક દુઃખ દીધું છે. તે હિંસાને સારુ મેં મને કદી માફી નથી આપી. એવાં દુઃખો હિંદુ પત્ની જ સાંખતી હશે. અને તેથી મેં હંમેશાં સ્ત્રીને સહનશીલતાની મૂર્તિ કલ્પી છે. નોકર ઉપર ખોટો વહેમ જાય તો નોકર નોકરી છોડે. પુત્ર ઉપર એવું વીતે તો તે બાપનું ઘર છોડે. મિત્ર-મિત્ર વચ્ચે વહેમ દાખલ થાય તો મિત્રતા તૂટે. સ્ત્રી ધણી ઉપર વહેમ લાવે તો સમસમીને બેસી રહે પણ જો પતિ પત્ની વિશે વહેમ લાવે તો પત્નીના બિચારીના તો ભોગ જ મળ્યા. તે ક્યાં જાય? ઊંચ મનાતા હિંદુ વર્ણની સ્ત્રી અદાલતમાં જઈને બંધાયેલી ગાંઠને કપાવી પણ ન શકે એવો એકપક્ષી ન્યાય તેને સારુ રહેલો છે. એવો ન્યાય મેં આપ્યો તેનું દુઃખ હું વીસરી શકું એમ નથી. એ વહેમનો સર્વથા નાશ તો જ્યારે મને અહિંસાનું સૂક્ષ્મ જ્ઞાન થયું ત્યારે જ થયો. એટલે કે જ્યારે હું બ્રહ્મચર્યનો મહિમા સમજ્યો કે પત્ની પતિની દાસી નથી પણ તેની સહચારિણી છે, સહધર્મિણી છે અને બન્ને એકબીજાના સુખદુઃખનાં સરખાં ભાગીદાર છે અને જેટલી સ્વતંત્રતા સારું-નઠારું કરવાની પતિને છે તેટલી જ પત્નીને છે. એ વહેમના કાળને જ્યારે હું સંભારું છું ત્યારે મને મારી મૂર્ખતા ને વિષયાંધ નિર્દયતા પર ક્રોધ આવે છે અને મિત્રતાની મારી મૂર્છાને વિશે દયા ઊપજે છે.

- મહાત્મા ગાંધી (આત્મકથા, ભાગ – ૧)

## ૦૮. યુવાસૂઝ

### ભારતી ઓડેદરા : નકસલવાદી વિસ્તારના આદિવાસીઓની દીદી

મહેશ શાહ

પાંચેક વર્ષ પહેલાની વાત. જૂનાગઢવાસી મેર સમાજની ઉચ્ચ શિક્ષિત યુવતી ભારતી ઓડેદરાએ ગુજરાત બહારની સમાજસેવી સંસ્થાઓમાં જૉબ મેળવવા માટે એક ગ્રુપને અરજી કરી. એ વાંચીને દંતેવાડામાં બાળકો માટે કામ કરતી સંસ્થા 'બચપન બનાઓ'ના એક અધિકારીએ ભારતીને ફૉન કર્યો.

દંતેવાડા છત્તીસગઢ રાજ્યનો નક્સલવાદી હિંસાગ્રસ્ત વિસ્તાર છે. ખૂંખાર નક્સલવાદીઓ ઘણીવાર સરકારી અધિકારીઓ, પોલિસ અને સુરક્ષાજવાનો પર હુમલા કરે છે. ક્યારેક સ્થાનિક આદિવાસીઓ પર પણ આક્રમણ કરે છે. બૉમ્બ બ્લાસ્ટની અહીં કોઈને નવાઈ નથી.

આ જાણ્યા પછી પણ ભારતીએ પેલા અધિકારીને ફૉન કરી, ત્યાં કામ કરવાની તૈયારી બતાવી. એ ૪૨ કલાકની મુસાફરી બાદ અજાણ્યા અને જોખમી વિસ્તાર દંતેવાડા પહોંચી અને 'બચપન બનાઓ' સંસ્થાની પ્રવૃત્તિઓ જોઈ. એકવડિયા બાંધાની દેશના બીજા છેડેથી આવતી યુવતીનું મનોબળ જોઈ અધિકારી પ્રભાવિત થયા અને ભારતી દંતેવાડાવાસી બની. બાળકો સાથે કામ કરતાં ધીરે ધીરે ત્યાંના આદિવાસી પરિવારોની પણ 'દીદી' બની.

ભારતી ઓડેદરા જૂનાગઢના કોયલી ગામના મેર દંપતી બીનીબહેન અને નાગાભાઈની પુત્રી અને શાંતિ, નવઘણ અને સોનલની મોટીબહેન છે.

ઘરઆંગણે સાત ધોરણ અને બાદમાં જૂનાગઢની હૉસ્ટેલમાં રહી ભારતી બી.એ. થઈ. વર્ષ ૨૦૧૨માં માસ્ટર ઑફ સોશ્યલ વર્ક(એમ.એસ.ડબલ્યુ) ભણી. તેને બે વર્ષ માટે ગાંધી ફૅલોશિપ મળી. હજીરાની એક સંસ્થામાં જોડાઈ પાંચસો બાળકોને વિવિધ રમતો શીખવી. જો કે અગિયાર મહિના પછી સ્વેચ્છાએ નોકરી છોડી દીધી.

ભારતી કહે છે, 'બાળપણથી શિક્ષિકા થવાનું સ્વપ્ન જોયું હતું. ગૂજરાત વિદ્યાપીઠમાં એમ.એસ.ડબલ્યુ.ના અભ્યાસ પછી મારી જીવન અને સમાજ પ્રત્યેની દૃષ્ટિ સમૂળગી બદલાઈ ગઈ, એથી સમાજસેવાને જીવનનું લક્ષ્ય બનાવ્યું. એ માટે વિચારથી અમલ કરવા સુધીની સ્વતંત્રતા હોય એવી જગ્યાએ કામ કરવું મને વધુ ગમે.'

આ કારણસર સમયાંતરે તેણે નોકરી બદલી, પણ જીવનના ધ્યેય સાથે બાંધછોડ કરી નહીં અને સમાજસેવાનું લક્ષ્ય પણ બદલ્યું નહીં. આ દિવસોમાં પરરાજ્યમાં સમાજસેવાના વિચાર પછી શરૂ થઈ દંતેવાડાની સફર...

દંતેવાડામાં પખવાડિયું જઈ આવેલી ભારતીને માતા-પિતાએ કહ્યું, 'બેટા, આમ જાનના જોખમે સેવા કરવા હવે જવું નથી.'

ભારતીએ એમને સમજાવ્યાં. એ પણ સમજાવ્યું, 'હું સમાજકાર્ય કરીશ. એનાથી બીજાની જેમ મને પૈસા કે પદવીઓ નહીં મળે, પણ સમાજને ફાયદો થશે.'

પરિવારની સંમતિ લઈ ૨૦૧૬માં ભારતી ફરી દંતેવાડા ગઈ. અહીં ગોંડ અને હલ્બા આદિવાસીઓ રહે છે. તદ્દન જુદા સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણમાં અને નક્સલી હુમલાના ભયના માહોલમાં ભારતીએ કુઆકોંડા તાલુકામાં 'બચપન બનાઓ'ના બ્લૉક કો-ઑર્ડિનેટર તરીકે કામ કર્યું. 'બચપન બનાઓ' સંસ્થાની સ્થાપના આંધ્ર પ્રદેશના પ્રાણિથ મૂલમ રેડ્ડીએ કરી છે. ઉદ્દેશ દંતેવાડામાં શિક્ષણ અને સમાજ એકમેકને સહયોગી બને એવો છે. ભારતીએ બાળકોની અધવચ્ચે ભણતર છોડી દેવાની ટેવ સુધારવા તથા લોકો અને શિક્ષણ એકમેકના સહયોગી બને એવા પ્રયાસ કર્યા.

બે વર્ષ પછી એ નોકરી છોડી પ્રણિથ અને ઑર્ગેનિક ફાર્મિંગ કરતા આકાશના માર્ગદર્શન હેઠળ ભારતીએ ગોંડ આદિવાસી વસતી ધરાવતું અને સી.આર.પી.એફ. કૅમ્પથી દૂર અંતરિયાળ તોયલંકા ગામ પસંદ કર્યું. એ માટે કુઆકોંકાથી તોયલંકા એકાદ વર્ષ અપડાઉન કર્યું. તોયલંકાના

આદિવાસીઓ ગોંડિ અને હલ્બી બોલી બોલે છે. અમુકને સામાન્ય હિંદી આવડે. ઘણા લોકો કાચાં મકાનમાં રહે. ખેતી કે મજૂરી કરીને ગુજારો કરે. આંબલીની ભાજી, શાક તથા ભાત એ એમનો મુખ્ય ખોરાક. દંતેવાડા અને તોયલંકા બન્ને જગ્યાએ ગમે ત્યારે વીજળી ચાલી જાય છે. તેથી ભારતી સાંજે વહેલું ભોજન બનાવી જમી લે છે. વીજળી ન હોય ત્યારે રાત્રે અંધારામાં બીક ન લાગે તે માટે બે યુવતીઓ તેના ઘેર સૂવા આવે છે.

હમણાં પાંચેક મહિનાથી તોયલંકાના કોટવારપારા મહોલ્લામાં એ સમાજસેવી દંપતી ઠાકુર સાહેબ અને મોહંતીના ઘરમાં ભારતી એકલી રહે છે. ભારતીની વિચારસરણીથી પ્રભાવિત થઈને ઘરમાલિક ઠાકુર ઘરભાડું લેતા નથી. એમ તો સાદગીભર્યું જીવન જીવતી ભારતીને સરપંચ લખુદા અને હેમલતાએ પણ મદદ કરી. મોરલીચાચી દીકરીની જેમ રાખે છે. અમુક સ્ત્રીઓ એને જંગલ, ખેતર, બજારમાં ક્યારેક સાથે લઈ જાય છે.

મહિલાઓની આજીવિકા, આરોગ્ય અને શિક્ષણ તથા બાળકોના શિક્ષણમાં ભારતી વિશેષ રસ લે છે. ગામમાં આંગણવાડી અને સ્વાસ્થ્યસેવા કાર્યકર આવે ત્યારે સહયોગ આપે છે. એણે ચોમાસામાં ઝાડા-ઊલટીથી બચવા માટે લોકોને ઉકાળેલું પાણી પીતાં શીખવ્યું. ખાતર બનાવવા ગૌમૂત્ર અને છાણ એકત્ર કરતાં શીખવ્યું. ઑર્ગેનિક ખેતી શીખવી. આમ, ટૂંકા સમયમાં તેણે લોકોનાં દિલ જીતી લીધાં.

તોયલંકામાં સ્વેચ્છાએ સેવા કરી રહેલી ભારતીને વેતન મળતું નથી એટલે દંતેવાડાના મિત્રો આર્થિક મદદ કરે છે. એ જ રીતે અમુક પ્રવૃત્તિ માટે ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગના વડા ડૉ. આનંદી પટેલ અને પ્રાધ્યાપક ડૉ. દામિની શાહ, સામાજિક સંસ્થા સંચાલક ચૈતન્ય ભટ્ટ વેગેરે સહયોગ આપે છે.

પિતા નાગાભાઈ નાની પુત્રી સોનલને લઈને ભારતીને મળવા દંતેવાડા આવ્યા હતા. બારેક દિવસના રોકાણમાં ભારતીએ એમને પ્રણિથ, આકાશ, 'બચપન બનાઓ'ના કાર્યકરો તોયલંકાવાસીઓ વગેરે સાથે મુલાકાત કરાવી.

૨૦૧૮ના મે મહિનાની એક સાંજે ભારતી અને બે મિત્રો તળાવની પાળે બેઠાં હતાં. અંધારું થયા બાદ કોઈકે અચાનક ભારતીને નાક પર પથ્થર માર્યો. લોહી નીકળતી અવસ્થામાં મિત્રો તેને હૉસ્પિટલ લઈ ગયા. ડૉક્ટરે પાંચ ટાંકા લીધા. ભારતી કહે છે, આ ઘટનાથી પોતે ખૂબ ડરી ગઈ હતી, પણ તેણે કામ છોડ્યું નહીં. ગામલોકોએ કહ્યું કે 'નક્સલવાદીઓ આવા હુમલા કરતા હોય છે. વ્યક્તિને ઉઠાવી જવી, હાથપગ તોડી નાખવા કે હત્યા કરવી સામાન્ય છે.'

પણ નક્સલી હિંસા કરતાં વધારે ભયાનક અનેક સમસ્યાઓ પણ આ વિસ્તારમાં છે. ઘણી મહિલાઓ એનીમિયાગ્રસ્ત છે. બાળકો કુપોષિત છે. જંગલો ઘટી રહ્યાં હોવાથી ખેડૂતો અને પશુપાલકો માટે આજીવિકાની સમસ્યા મોટી છે. આદિવાસીઓનું આર્થિક શોષણ પણ ખૂબ થાય છે.

ગયા વર્ષે ગૂજરાત વિદ્યાપીઠે અમદાવાદના કોચરબ આશ્રમમાં યોજેલા કાર્યક્રમમાં જાણીતા ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજી, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ અને સમાજસેવી ઈલા ભટ્ટ, ડૉ. સુદર્શન આયંગર, ડૉ. અનામિક શાહ વગેરેની ઉપસ્થિતિમાં ભારતીએ પોતાની સમાજસુધારણાની સંઘર્ષ-કથની રજૂ કરી હતી. ગાંધી દોઢસો નિમિત્તે વિદ્યાપીઠે ગાંધી વિચારધારાને વરેલા ભારતી ઓડેદરા સહિત ૧૫ કર્મશીલોને સેવા પુરસ્કારથી સન્માનિત કર્યા હતાં.

ભારતી કહે છે, 'દંતેવાડામાં પાછલા સમયમાં અમુક લોકોએ ઉત્સાહભેર જુદીજુદી સેવાપ્રવૃત્તિ કરી છે, પણ ટૂંક સમય માટે. મને અને ગામલોકોને એકબીજા સાથે ફાવી ગયું છે. મારે અહીં લોકો વચ્ચે લાંબા સમય સુધી રોકાઈને કામ કરવું છે. લોકોને સ્વનિર્ભર બનાવવા છે. જળ-જંગલના અધિકાર અપાવવા છે. પર્યાવરણ જાગૃતિ લાવવી છે તેમ જ ગ્રામવિકાસ ભારતીદીદીએ કરાવ્યો એના બદલે અમે ગામલોકોએ સામૂહિક રીતે કર્યો એવું ગામલોકો બોલતા થાય એમ ઇચ્છું છું.'

સમાજસેવી ભારતી હજી અપરિણીત છે. તેનાં નાનાં ભાઈ-બહેન પરણી ગયાં છે. ભારતી કહે છે, 'જીવનમાં અનેક પડાવ આવ્યા-આવતા રહેશે. હજી ઘણું કરવાનું અને મેળવવાનું બાકી છે.'

(સૌજન્ય : 'ચિત્રલેખા' ૨ નવેમ્બર ૨૦૨૦)

## કાકા મારો કાનુડો
### અરુણ દવે

રુવાંડે રુવાંડે જીવનમાં કલાત્મક, આધ્યાત્મિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિક, ઔદ્યોગિક, શૈક્ષણિક, સંશોધનાત્મક, આત્મનિર્ભર, કૃષિ-બાગાયત-ગોપાલન વગેરે ક્ષેત્રે હકારાત્મક અભિગમથી સદાએ'નફા'માં રહેલા આપણા સૌના વ્હાલા કાકા સૌના સદાય મિત્ર રહ્યા. કૃષ્ણ ભગવાન સૌને પોતાના લાગતા તેમ, કાકાને નાના-મોટા સૌ ભાઈઓ-બહેનોએ ગોપીભાવથી ચાહ્યા છે. કહેવાય છે કે કૃષ્ણનું વ્યક્તિત્વ જ એટલું નિર્મળ, નિર્લેપ અને પવિત્ર હતું કે ગોપીઓ જ્યારે કૃષ્ણના સત્સંગે જતી ત્યારે તેમના પતિઓ પણ પોતાને ધન્ય માનતા. કાકાનો ઘૂંટાયેલો ઊંડી ગુફામાંથી પ્રેમના પિંડમાં રિવૉલ્વ થઈને વધુને વધુ પ્રેમાળ-હેતાળ બનીને આવતો અવાજ જ્યારે કાને અથડાતો ત્યારે લીલા કૂણાં ઘાસના સ્પર્શ જેવી સ્વીડનના કાઉબેલની મીઠી રણકતી ઘંટડીઓને પણ ભુલાવી દેતો. પીંછીથી કોશ સુધીના અને ચૂલાથી કૂવા સુધીના વિસ્તારમાં વિસ્તરેલી તેમની કલાત્મક અને વૈજ્ઞાનિક સૂઝ-સમજ-દૃષ્ટિ ભલભલાને અચરજ પમાડે તેવી રહી છે.

કાકા અને કાકી એકબીજાં સાથે એટલા ઓળઘોળ કે તેમનું સ્વતંત્ર અસ્તિત્વ કલ્પવું શક્ય જ નથી. તેમનો દરેક બાબતનો શોખ-આવડત-ક્ષમતા-સ્વપ્ન એવાં તો સમૃદ્ધ અને સમરસ હતાં કે ક્યાંય છેડો કે સાંધો કે વાંધો પણ કોઈથી શોધ્યો જડે નહીં! કાકા-કાકીએ સોયદોરા અને પીંછીથી લઈને અત્યંત આધુનિક મહાકાય સાધનો ટેક્નૉલૉજીને વિવેકપૂર્ણ છતાં છૂટથી વાપરીને અસંખ્ય પરિવારજનોને આત્મનિર્ભર કર્યા છે અને સૂકાભઠ્ઠ રણ વિસ્તારોને લીલાંછમ હરિયાળા કરીને પુષ્પિત કર્યા છે. સૂકી નદીઓને વહેતી કરીને નદીકાંઠાનાં ગામડાંઓને ગોકુળિયાં તો કર્યાં પણ સૌથી મોટી વાત તો જ્ઞાનની વિપુલ સમૃદ્ધિ ધરાવતા આ દંપતીએ જીવનમાં દરેક કામ તો હૃદયના ઈશારે જ કર્યાં છે!! સ્થૂળ ચેકડેમો બાંધી પાણી રોક્યાં છે પણ વાસ્તવમાં પ્રેમબંધો બાંધીને અનેક છેવાડાના માણસોના જીવનમાં મૈત્રીભાવનાં પવિત્ર ઝરણાં વહેવડાવીને અનેક ક્ષેત્રોનાં અસંખ્ય સન્માનોને ધન્ય કર્યાં છે. તેમનાથી એ બધાં સન્માનોની શોભા વધે છે! કોઈ એક વ્યક્તિમાં એક સાથે આટલાં સદગુણો અને આવડત કઈ રીતે હોઈ શકે? શક્ય જ નથી! આ એક ચમત્કારી વિભૂતિ આપણી વચ્ચે જીવી ગઈ.

ગાંધીજી, વિનોબાજી, સ્વામી વિવેકાનંદ અને આ કક્ષાની અનેક વ્યક્તિઓના અનુયાયી તરીકે દરેકમાંથી એક એક જબરું ફૂલરૂપી મૂલ્ય ચૂંટીને તેમણે પોતાની 'કાંતિમાળા' સર્જેલી, છતાં આ એકેના પ્રભાવમાં આવ્યા વગર તેમણે પોતાનો આગવો સ્વભાવ કેળવેલો. સત્ય, પ્રેમ, સેવા, કરુણા અને સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમથી કલાના કલરવ વચ્ચે જીવી ગયેલ કાંતિ-'સેને' ક્રાંતિકારોની સેના ઊભી કરેલી. આ સેનામાં ઔપચારિક લાયકાતવાળા અને કોઠાસૂઝવાળા એવા ટકોરાબદ્ધ સાથીદારો તૈયાર કર્યા કે જેઓ આજે પોતાના ક્ષેત્રમાં વ્યહારકુશળ અને પરિણામલક્ષી કાર્યોથી પ્રત્યેક એક સ્વતંત્ર સંસ્થા જેટલી પ્રતિભા ધરાવે છે.

કાંતિસેન શ્રોફનો શ્વાસ એટલે વિશ્વાસ. ટાગોર એક કવિતામાં પોતે ભગવાન હોય અને પોતાના ભક્તોને વચન દેતા હોય તેવા ભાવથી કહે છે કે 'મારા વ્હાલા ભક્તો, તમે સૌ ધરપત રાખજો કે જ્યારે તમારા સગા-વ્હાલા, સાથીદારો, અરે તમારા ખુદનો પડછાયો પણ તમને સાથ નહીં દેતો હોય ત્યારે ખાતરી રાખજો કે હું તમારી સાથે ઊભો હોઈશ'.

આ અમર વિશ્વાસ એ કાંતિસેન શ્રોફની અખૂટ-અમૂલ્ય મૂડી છે. કલા, સંગીત, વિજ્ઞાન, સેવા અને જીવનનો હકારાત્મક અભિગમ જ્યારે એક વ્યક્તિમાં ઠાંસોઠાંસ ભર્યો હોય અને પાછી જેણે સંપર્કમાં આવનાર તમામને પ્રતીતિ કરાવી હોય તેવો માણસ સામાન્ય તો ન જ હોઈ શકે. મારા જીવનના અનેક પ્રસંગોએ કાકાએ મને તો તેમની એક જ ઓળખ ઘૂંટીઘૂંટીને દૃઢ કરી છે-કાકા મારા પરમ પૂજ્ય ભગવાન છે, હા, કાકા તો મારો વ્હાલો વ્હાલો કાનુડો છે!

એક પુણ્યસ્મરણ તાજું કરું. પ્રશ્ન હતો લોકભારતીના નેતૃત્વની સોંપણીનો. હું નિવૃત્તિના આરે હતો અને લોકભારતીનું ટ્રસ્ટીમંડળ લોકભારતીના સુકાનીની શોધમાં વ્યસ્ત હતું. સંજોગોવશાત હું માનસિક રીતે તૈયાર નહોતો. પરંતુ, વડીલો મને સોંપવા ઉત્સુક હતા. હું મુંબઈ પહોચ્યો. કાકા, બળવંતદાદા અને હું બેઠા. વિષયની ખબર હતી એટલે મેં બોરબોર જેવડાં આંસુથી ધ્રૂસકો મૂકી ‘મને હવે મુક્ત કરો’ની વિનંતી કરી.

મારા બંને ભગવાન સામે હું એક કણ જેવો અસાધારણ નાનપ અનુભવતો અંદરથી ધ્રૂજતો હતો. મને છાનો ન રાખ્યો! રડી લેવા દીધો. પછી કહે સારું તારે જે કરવું હોય તે કરજે. અમે દબાણ-આગ્રહ નહીં કરીએ. બળવંતદાદા કહે કે ‘હું તો તારો માહ્યલો ક્યાં કોળશે તે સંદર્ભે આગ્રહ કરું છું’, તો કાકા કહે ‘હું તો સંસ્થા કોળે એટલે તને આગ્રહ કરું છું!’ મને દોઢેક કલાક રાજી કરી-પટાવી-સ્વસ્થ કરી છેલ્લે કહે કે સારું તો તું તારું રવિકૃપા ટ્રસ્ટ ચલાવ, જબરું ચલાવ. અમે તમામ ટેકો કરીશું. મોજમાં રહે. હું બધું પતી ગયું છે તેવા વ્હેમમાં હતો ત્યારે કાકાએ છેલ્લી સિક્સર મારીને બાજી જીતી લીધી. મને કહે, ‘તું રવિકૃપામાં કઈ કઈ પ્રવૃતિઓ કરવાનો છે? ચાલ યાદી કરીએ.’ તેમનો જાણીતો પેલો લાલ પૂંઠાવાળો લાંબો ચોપડો કાઢી લખવા બેઠા! મેં યોજના-પ્રવૃતિઓ લખાવી. પછી કહે કે ’અરે વાહ, બહુ મજાની, જોરદાર પ્રવૃત્તિ છે, કેમ બળુભાઈ? પણ અરુણ, એક પ્રવૃત્તિ અમારા તરફથી ઉમેરી શકે?’ મેં કહ્યું, ’અરે કાકા, શું કહો છો? તમે કહો અને હું ન કરું તેવું થોડું બને?’ તેમણે મારી યાદીમાં નીચે લખ્યું ‘લોકભારતી’!!!

મેં ફરી રડીને જણાવ્યું કે ક્યાં મારું મચ્છર જેવડું ‘રવિકૃપા ટ્રસ્ટ’ અને ક્યાં હાથી જેવી લોકભારતી!! બંને હસી પડ્યા ને કહે કે જો આ ભેદ તું સમજતો હો તો અમારી વાત સ્વીકાર. અરુણ બિચારો શું બોલે? બંનેને પગે પડી મેં કહ્યું કે ‘મારા જીવનમાં મારા મા-બાપ પછી જે કંઈ છો તે તમો છો. મને ભવોભવ તમારા આશીર્વાદ મળે તેવી પ્રાર્થના કરું છું.’ તરત કહે કે ‘બે ભવનું પાકું. અત્યારે અમે બે અને પછી અમારા દીકરાઓ મધુકર અને દીપેશ. જા આ અભય વચન.’ આજે શ્રી મધુકરભાઈ અને શ્રી દિપેશભાઈ પોતાના પિતાશ્રીના આ વિશ્વાસને સવાયો કરીને લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓના સવાયા આધાર સ્તંભો બનીને અડીખમ ઊભા છે.

વિમલાતાઈએ મને માથે હાથ મૂકીને આપેલી શીખ-સમજનું સ્મરણ તાજું થયું, ‘ભાઈ, તું તો ખેતી સાથે જોડાયેલો છે. પાણી મૂળને પવાય અને ફળ-ફૂલ તો ઉપર આવે!! જ્યાં પાણી રેડીએ ત્યાં જ ફળ નથી બેસતા!’ મેં જવાબદારી સ્વીકારતાં જણાવ્યું કે હું ક્યારેય એકપણ સંસ્થા પાસેથી કોઈપણ સુવિધા — વાહન, પ્રવાસ ખર્ચ અને એક પણ પાઈનું માનદ વેતન પણ નહીં લઉં. આ બાબતે ચર્ચા થઈ પણ અંતે બળવંતદાદાએ તે સ્વીકારીને બેઠકનો અંત આણ્યો. અલબત્ત, આ બાબતે બે વખત આ. શ્રી રઘુવીરભાઈ અને એક વખત શ્રી મધુકરભાઈએ તેમના ફંડમાંથી વ્યવસ્થા કરવા મને આગ્રહ કર્યો પણ આ તો અતૂટ ઋણાનુભાવ-પ્રેમનો કરાર હતો. પ્રેમમાં સોદો શેનો? મેં ન સ્વીકાર્યું.

સુગર-ફ્રી આઇસ્ક્રીમ ખાઈ અમે બલવંતદાદાને ઘેર-‘ઉષાકિરણ’ ગયા. પછીનો ઘટનાક્રમ પરમ આદરણીય પૂ. રઘુવીરભાઈએ તેમની આગવી સૂઝથી ઉપાડી લઈ મને તેમનો કાયમી ઋણી બનાવ્યો. કાકાનો સંદેશો આવ્યો કે ‘અમે બે ઉદ્યોગપતિ-વાણિયાએ અંતે સૌના નફાનો વેપાર

કરી જાણ્યો તેનો આનંદ છે.' આજે આ બે વડીલોનો વિશ્વાસ એવો અડીખમ ઊભો છે કે લોકભારતીનો શ્વાસ ક્યારેય રૂંધાશે નહીં.

છેલ્લાં દર્શનની પળો તો ભારે રોમાંચક-હૃદયસ્પર્શી હતી. તારીખ ૧૪ માર્ચ ૨૦૨૧ ના રોજ કાકાના દર્શને કુકમા ગયો. કાકા શાંત લાંબી નિરાંતની પળોમાં તેજસ્વી-ઓજસ્વી ચહેરા સાથે ધ્યાનસ્થ જણાતા હતા. આ સમયે ગામડેથી આવેલી એક અતિ વૃદ્ધ કચ્છી ડોશીમા જાણે પોતાના પ્રાણપ્રિય વ્યક્તિને મળવા જઈ રહ્યાં હોય તેમ પૂરા વિશ્વાસથી સેનિટાઈઝ થઈ સીધા કાકાના રૂમમાં પહોંચી ગયાં! કાકાની ચોથી પેઢી સુધીના જે કોઈ રસ્તામાં આવ્યા તે સૌના દુખણાં લેતાં લેતાં પૂરી સ્વસ્થતાથી કાકાના ચરણ સ્પર્શ કરી કપાળે વ્હાલથી હાથ ફેરવતા ઊભા રહી ગયાં. આ ગયા ભવની લેણાદેણી હશે? આ ક્યા સ્નેહનું ચુંબકત્વ કાર્ય કરતું હશે? 'કાકા-કાકી સૌને પોતાના લાગતા હતા' એ ઈશ્વરીય સંકેત આપણે જાણવો-સમજવો અને પામવો રહ્યો. ટાગોરના વિદ્યાર્થી કાકાએ પણ તેના અંતિમ દિવસોમાં ટાગોરની જેમ જ ઈશ્વરને કહ્યા કર્યું હશે, લાઇટ, સમ મોર લાઇટ. નીકળતી વખતે પુનઃ બે વખત પ્રણામ કર્યાં. એક મધર ટેરેસા જેવી કરુણાની મૂર્તિ સમાન ડોશીમાને અને બીજા વ્હાલા પૂજ્ય મારા ભગવાન કાનુડા કાકાને... ઘણું જીવો કાકાત્વ.

**શ્રદ્ધાંજલિ**

છેલ્લા મહિનામાં આપણે જે શુભેચ્છકો, સર્વોદય કાર્યકરો, મદદકર્તા, પરિવારના સંબંધિતો, ભૂતપૂર્વ વિદ્યાર્થી-કાર્યકરો વગેરેને ગુમાવ્યા છે તે તમામ દિવંગતોના પરિવારને સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર આ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુ પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ પાઠવે છે.

- તા. ૩૦-૦૪-૨૧ના રોજ વ્યારા ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી બાલુભાઈ ચૌધરીનું ૮૨ વર્ષે દુઃખદ અવસાન થયું.
- તા.૦૮-૦૫-૨૧ના રોજ સુરેન્દ્રનગર ખાતે શ્રી સવિતાબહેન વિઠ્ઠલભાઈ કોઠારીનું ૮૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.
- તા. ૧૦-૦૫-૨૧ના રોજ અમદાવાદ ખાતે શ્રી કુમારભાઈ વિષ્ણુભાઈ ભટ્ટનું ૮૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.
- તા. ૧૦-૦૫-૨૧ના રોજ આંબલા ખાતે શ્રી પુનીબાઈ નાજાભાઈ દેસાઈનું ૯૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.
- તા. ૧૩-૦૫-૨૧ના રોજ કુકમા-કચ્છ ખાતે આ. કાંતિસેનકાકાનું ૯૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.
- તા. ૧૫-૦૫-૨૧ના રોજ અમદાવાદ ખાતે શ્રી ભરતભાઈ બાલકૃષ્ણ દવેનું ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.
- તા. ૧૫-૦૫-૨૧ના રોજ અમદાવાદ ખાતે શ્રી ભગતભાઈ શેઠનું ૭૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.
- તા. ૧૮-૦૫-૨૧ના રોજ અમદાવાદ ખાતે ભૂતપૂર્વ કાર્યકર શ્રી ભરતભાઈ પટેલનું ૭૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.

## ૦૯. સંભારણાં

### પ્રેમ અને જ્ઞાનના વિસ્તરણની યાત્રા

**પ્રવીણચંદ્ર ઠક્કર**

---

સુવિખ્યાત સામયિક 'ધ વીક' વિવિધ ક્ષેત્રે ગણનાપાત્ર યોગદાન આપનાર મહાનુભાવોને દર વર્ષે મેન ઓફ ધ યર તરીકે ઘોષિત કરી તેમને સન્માનિત કરે છે. ઈ.સ. ૧૯૯૫માં ટ્રસ્ટીશીપના હાર્દને વરેલા એક ઉમદા ઉદ્યોગપતિને આ ગૌરવપૂર્ણ વિશેષણથી નવાજિત કરેલા. આ પ્રેરણાપ્રસંગને આવરી લેતા, સામયિકના પીઢ પત્રકાર બી. કૃષ્ણકુમારના સવિસ્તાર અહેવાલમાં ઉલ્લેખિત રોમાંચકારી ઘટનાથી આ લેખનો પ્રારંભ કરીએ.

ભાવનગરના સીમાડે સ્થિત છે કુષ્ટ રોગ કોલોની. આ કોલોનીમાં એક અજાણી પણ જિજ્ઞાસુ, પ્રભાવી—પ્રગલ્ભ વ્યક્તિ આવે છે. એક ઘરમાં પ્રવેશે છે. ત્યાંના બે નિવાસી સાથે સંવાદ કરે છે :

- તમે શું કરો છો ?
- અમે ઈલેકટ્રિશ્યન હતા.
- તમારી કુશળતા ઉપર હજુએ વિશ્વાસ છે ?
- પૂરેપૂરો, પણ હવે કુષ્ટ રોગીને કોઈ કામ આપતું નથી.
- ચાલો, તમે મારા કારખાનામાં જોડાઈ જાઓ.

અને રકતપિતના બે ઉપેક્ષિત—અસ્પૃશ્ય રોગી અભિન્ન અંગ બની જાય છે. આ લેપ્રસી હોમની સામે આકાર પામી રહેલ વિશાળકાય ફેકટરીના. આ ઐતિહાસિક દિવસ છે ૧૦, એપ્રિલ ૧૯૭૦. આ સાહસનું નામ છે એક્સલ ઈન્ડસ્ટ્રીઝ. પ્રણેતા છે સ્વપ્નદૃષ્ટા કાંતિસેન શ્રોફ (જન્મ : ૩/૧/૧૯૨૪).

મૂળ કચ્છના, વર્ષોથી મુંબઈ વસેલા. પિતા ચત્રભુજ અને માતા ગોકીબાઈના તેઓ સૌથી નાના છઠ્ઠા સંતાન. તેમણે ઉચ્ચ શિક્ષણ માટે પસંદગી કરી કલા ક્ષેત્રની. ફાઈન આર્ટ્સ કૉલેજમાં જોડાયા. શાંતિનિકેતન ગયા. શિક્ષિત—દિક્ષિત થઈને, મુંબઈના પુસ્તક પ્રકાશનગૃહ એન.એમ. ઠક્કર પાસે, પુસ્તકોના પૂંઠા ઉપર રમણીય રેખાંકનો દોરવાના કામમાં પ્રવૃત્ત થયા. ઈ.સ. ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં સામેલ થઈ, પરિવારના બીજા સભ્યો સાથે જેલમાં ગયા.

લોકઅપમાં તેમની સાથે સર્વોદય અગ્રણી અન્નાસાહેબ સહસ્રબુદ્ધે. તેમણે યાદગાર પ્રસંગની વાત કરી. ગાંધીજી પાસે જઈને, એક નામાંકિત ચિત્રકારે પોતે દોરેલા ચિત્રમાંના ગુલાબી રંગ અંગે તેમનો અભિપ્રાય માંગ્યો. બાપુએ કહયુંઃ આ ગુલાબી રંગ આપણાં બાળકોના ગાલ ઉપર પહોંચાડી શકો તો મને વધારે ગમશે. અન્નાસાહેબે સહેતુક ટાંકેલા આ માર્મિક વાકયો, અઢાર વર્ષના નવયુવકના ચિત્તમાં યથાતથ ઝિલાઈ ગયાં.

રસાયણ ઉદ્યોગના જનક વડીલબંધુ ચાંપરાજભાઈએ, એક વર્ષ પૂર્વે જ નવેમ્બર ૧૯૪૧માં એક્સલ ઈન્ડસ્ટ્રીઝના શ્રીગણેશ કરેલા. મુંબઈના ભેંશના તબેલામાં સ્થાપિત આ ઉદ્યોગની પ્રારંભિક મૂડી હતી માત્ર રૂ. દશ હજાર. સ્વદેશી ટેક્નૉલૉજીના આધારે જ તેઓ વિદેશથી સંપૂર્ણતઃ આયાત થતા કૃષિ—ઔદ્યોગિક રસાયણનો વિકલ્પ પૂરો પાડવા ઉત્સુક હતા. તેમની નસેનસમાં હતા સ્વદેશ પ્રેમ, સમાજનિષ્ઠા, શ્રદ્ધા અને ઈશ્વર જેટલું જ કર્મને મહત્ત્વ.

કાંતિસેનભાઈને સ્ફૂરણા થઈ કે પોતે મોટાભાઈના સ્વપ્નમાં ભાગીદાર બની જાય કે જેથી આ ઉદ્યોગમાં કાર્યરત્ત કર્મચારીઓને પોતીકાં માની, ભાવ સંબંધ બાંધી તેમના પરિવારજનોના ચહેરાને ખુશખુશાલ બનાવવાના કાર્યમાં નિમિત્ત થઈ શકાય. અંતિમ નિર્ણય કરવા, આવશ્યક માર્ગદર્શન માટે તેઓ કલાગુરુ રવિશંકર રાવળને મળ્યા. તેમના શબ્દો હતાઃ તારે પારિવારિક ઉદ્યોગમાં સફળતા અને સાર્થકતાપૂર્વક કામ કરવું હોય તો હવેના પચાસ વર્ષ સ્થિર

રહીને કામ કરવું પડશે. કાંતિસેનભાઈને આ વાત ગમી ગઈ. કારકિર્દીની શરૂઆત થઈ મુંબઈના પ્લાન્ટથી. તેમના હિસ્સે જવાબદારી હતી અવરચના નિર્માણ, યંત્રોની પસંદગી અને કર્મચારીઓની નિમણૂંક–તાલીમ–ઘડતર. પોતાને સોંપાયેલ કામગીરીને પૂરો ન્યાય આપવા બાંધકામ અને સોએક જેટલા રસાયણોના આશ્ચર્યજનક સંયોજનની તેમણે તુરત તાલીમ મેળવી લીધી. વાપી વિસ્તારના આદિવાસી શ્રમિકો, પ્લાન્ટ કે કેમિકલનો કક્કોય જાણતા નહોતા. કાંતિસેનભાઈ તેમનામાં કાર્યક્ષમતા, સાહસ અને હિંમતને પ્રગટાવવા સંકલ્પબદ્ધ હતા. એટલે તેઓ સૌ સામાન્ય શ્રમિકો પર પણ આદરપૂર્વક વિશ્વાસ રાખી તેમનું ઘડતર કરવામાં સફળ રહ્યા.

એક્સલનું મુંબઈ એકમ સ્થિર, કાર્યક્ષમ સાબિત થયા પછી ઈ.સ. ૧૯૭૦માં તેનું વિસ્તરણ ભાવનગર મુકામે કરવાનો નિર્ણય થયો. કાંતિસેનભાઈએ હવે ઓળખ ધારણ કરી હતી –કાકા. તેઓ બન્યા જોઈન્ટ મેનેજિંગ ડિરેકટર. તેમના ગુરુ, સ્વામી વિવેકાનંદના શિષ્ય, સ્વામી વિરેશ્વરાનંદે ૧૯૩૯માં આપેલો સંદેશ તેમના આંતરમનમાં અખંડપણે અંકિત થઈ ગયો હતો જ્ઞાન અને પ્રેમનું સદાયે વિતરણ–વિસ્તરણ કરતા રહો. આ હૃદયસ્થ સંદેશ સાથે જ તેઓ, આ લેખના પ્રારંભે ચર્ચા કરી ગયા તદ્નુસાર પોતાના ભાવનગર કાર્યકાળના પ્રારંભે જ લેપ્રસી હોમ જાય છે. કોઈ સહાનુભૂતિ દર્શાવવા કે સખાવત કરવા નહીં. કાળુભાઈ દરબાર અને તેના સાથી તરફ સક્રિય સ્નેહ દર્શાવવા. જેની ફલશ્રુતિરૂપ અનર્ગળ વાત્સલ્ય, વિશ્વાસથી રકતપિત્તમુક્ત થઈ, જિંદગીને લીલીછમ અનુભવતા હેલ્પરમાંથી સુપરવાઈઝર કાળુભાઈના ઉદ્‌ગાર છે કાકા અમારા દેવ છે. બૃહદારણ્યક ઉપનિષદમાં દેવની વ્યાખ્યા છે અવ્યક્તના વ્યકત પ્રતિનિધિ તરીકે જે કોઈ વ્યક્તિ કાર્ય કરે તે દેવ. અમિયલ કાકા દરેક મનુષ્યના આત્મામાં નિહાળે છે બ્રહ્મનું વ્યક્ત સ્વરૂપ–અક્ષરબ્રહ્મ.

તેથી ભાવનગરના એક સમયે કુખ્યાત–વંચિત–પછાત વિસ્તાર આડોડિયાવાસના તોફાની પણ તરવરિયા ૪૦ યુવાનોને કાકાએ વીણ્યા. તેમનું ચારિત્ર્યઘડતર કર્યું. આ રીતે એક્સલના માધ્યમથી કાકાએ હજારો પરિવારજનના જીવનને પ્રકાશવંત બનાવ્યાં છે.

કાકાને ગાંધીએ પ્રબોધેલા ટ્રસ્ટીશીપના સિદ્ધાંતમાં ઊંડી દિલચસ્પી. તેનો વાસ્તવિક અમલ કઈ રીતે કરી શકાય તે અંગે જયપ્રકાશ નારાયણ અને વિનોબાજી સાથે ચર્ચાઓ કરી. વિનોબાજીએ સૂચવ્યું: તમે ઉદ્યોગગૃહમાં ભલે ટ્રસ્ટીશીપ યોજનાને યથાર્થ રીતે અમલમાં ન મૂકી શકો પણ તમે મહાજન તો બની શકો ને ? એક્સલમાં વિવિધ ઉપક્રમો દ્વારા કર્મચારીઓની ભાગીદારી અને આત્મીયતા સર્જનની પ્રક્રિયા તો સાકાર પામી ચૂકી હતી. ઉદાહરણ તરીકે દરેક વિભાગના વ્યવસ્થાપન અંગે અંતિમ નિર્ણયો માટે કર્મચારીઓની વિવિધ સમિતિઓ, દરેક કર્મચારીને પદના આધારે નહીં, સીનિયોરિટિના આધારે બુક વેલ્યૂ મુજબ મહત્તમ બસો શેરની ફાળવણી, શેર ખરીદવા વગર વ્યાજની લોન, મેનેજિંગ ડિરેકટરથી માંડી અદના શ્રમિક સુધી સૌ માટે એક જ ફૂડ, એક જ કેન્ટિન, એક જ વ્યવસ્થા, બધા માટે સમાન ગણવેશ, દરેકને તેમના વિભાગની સતત–અદ્યતન તાલીમ ઉપરાંત સ્વૈચ્છિક ધોરણે સંગીત–ચિત્રકામ જેવા કૌશલ્યની કેળવણી.

એક્સલને તેના નામ પ્રમાણે જ સર્વશ્રેષ્ઠ, વૈશ્વિક ફલક ઉપર સ્થાપિત કરીને, હાવર્ડ બિઝનેસ સ્કૂલ જેવી અનેક સંસ્થાઓના માન–સન્માન અપાવીને કાકા જંપ્યા, અટકયા નહીં. તેમનું અંતિમ–ઉદાત્ત ધ્યેય તો હતું સંપત્તિ સાથે સમય, શકિત અને સેવાનો સમન્વય કરીને ગ્રામીણ પ્રજાનું સર્વાંગી ઉત્થાન. પોતાના માદરે વતન–ધીંગી ધરા કચ્છની ખમીરવંતતી પ્રજાની વિષમ આર્થિક–સામાજિક પરિસ્થિતિના આમૂલ–વિધાયક–કલ્યાણકારી પરિવર્તન માટે કાકાએ મહાજન શબ્દની સિદ્ધ કરેલી સાર્થકતાની સંક્ષિપ્ત ચર્ચા વાચકો માટે પ્રસ્તુત ગણાશે.

કચ્છમાં વારંવાર કુદરતી આપત્તિઓમાં ઘેરાઈ જતી પ્રજાને ઘેર બેઠા, સ્થાયી સ્વરોજગારી આપવા ૧૯૬૯માં સ્થાપના થઈ 'શ્રૃજન'ની. કાર્યવાહક થયા, ચિત્રકામ–

ભરતકામ, માટીકામમાં પ્રવીણ કાકાના જીવનસંગિની સ્વ. ચંદાબહેન. ૧૬ પ્રકારના પરંપરાગત ભરતકામ કૌશલ્યને તાલીમ દ્વારા, વ્યાવસાયિક—સંશોધિત કલા સાથે અનુબંધિત કરી ૧૨૦ ગામની ૪૦૦૦ બહેનો સ્વમાનપૂર્વક આજીવિકા પ્રાપ્ત કરી રહી છે. સંતુલિત—ટકાઉ, કૃષિ—પશુપાલન, ગ્રામવિકાસ, જળ સંચય, જમીન સંરક્ષણ, શિક્ષણ, લોક જાગરણ જેવા વિષયોના અમલીકરણ માટે કચ્છ—માંડવીમાં સ્થાપિત અને પછી ભાવનગરમાં વિસ્તરેલી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ સઘન પુરુષાર્થના પંથે છે.

ખેતી ક્ષેત્રની ઉત્પાદકતા વધારવા, કિસાનોને ઉચિત સમયે, યોગ્ય ભાવો અને ગુણવત્તાયુક્ત ઈન્પુટ્સ—ટેક્નૉલૉજી પૂરાં પાડવા અને મૂલ્ય સંવર્ધિત પેદાશોનો વિશ્વબજારમાં પ્રવેશ કરાવવા ઈ.સ. ૧૯૮૮થી સક્રિય છે એગ્રોસેલ. કાકાના ચાલકબળથી સ્થાપિત ઉપરોકત ત્રણેય સંસ્થાઓ સ્વાયત્ત છે. કાકા નથી કોઈ ટ્રસ્ટી કે હોદ્દેદાર. માત્ર માર્ગદર્શક.

કાકાની આગવી સૂઝબૂઝથી ઈ.સ. ૧૯૭૪થી અઢાર શહેરોમાં કાર્યરત્ત અદ્ભૂત પ્રયોગ છે સેલરી. શહેરી ઘન કચરાનું જૈવિક પ્રક્રિયા દ્વારા સુવર્ણ સમાન સજીવ ખાતરમાં રૂપાંતરણ એટલે સેલરીચ વેલ્થ ફ્રોમ વેસ્ટ. કચ્છના ઈ.સ. ૨૦૦૧ના ભયાનક ભૂકંપે વેરેલા વિનાશ પછી તે પ્રદેશની પ્રાણવાન પ્રજાને પુનઃ પગભર કરવા માટે વિવિધ ૨૮ સંસ્થાઓના નેટવર્ક કચ્છ નિર્માણ અભિયાનની રચના થઈ. કાકા તેના સૂત્રધાર—આત્મા.

ઉલ્લેખિત સંસ્થાઓની આજ સુધી અક્ષુણ્ણ સફળતાનું રહસ્ય કાકા, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ દ્વારા લેવાયેલ મુલાકાત સમયે ઉદ્ઘાટિત કરે છે : સ્વૈચ્છિક સંસ્થાઓએ પોતે સમાજના અંગભૂત સભ્ય બનવાનું છે. સમાજ પાસે રહેલા સંસાધન, માહિતી અને સંબંધોની શક્યતાઓ તપાસવાની છે અને પછી જ ખૂટતાં યોગ્ય સાધનો તેમના સુધી સમયસર પહોંચાડવાનાં છે.

કાકા એટલે અખંડ વાચક, નિયમિત નોંધપોથી રાખનાર, પ્રયોગો કરતા કરતા શીખનાર, પ્રામાણિકતા—પારદર્શકતા —પૂર્ણતાના આગ્રહી. વીસમી સદીના કૃષિઋષિ, સંસારી છતાં યોગી. જીવવની અંતિમ પળ સુધી, ભુજ પાસેના ભુજોડી ગામે પોતાની બહુરંગી કલ્પનાઓને કેનવાસ ઉપર આગવા આકાર આપી, સર્જનાત્મક સમયને માણતા રહેલા. નિત્યનૂતન કાકાના જીવન—કવનમાંથી આપણે પણ પદાર્થપાઠ શીખતા રહીશું ને ?

(૨૦૨, ઓર્કિડ, તસ્કીન સોસાયટી, શુકલનગર ચાર રસ્તા, સમા, વડોદરા—૩૯૦૦૦૨, મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

**વાચક પ્રતિભાવ**

એપ્રિલ, ૨૦૨૧ના અંકમાં તંત્રી સ્થાનેથી "આપણે 'ગણ્યા' ખરા પણ 'ભણ્યા' નહી !" અત્યંત સમયોચિત, મનનીય અને આત્મનિરીક્ષણ કરવા મજબૂર કરે તેવો લેખ છે. ભૌતિકવાદના પંથે ચાલી સ્વાર્થી, એકલપેટા અને નિષ્ઠુર બની બેઠા. અન્યો તરફની ઉપેક્ષાએ આપણાં જીવન વેરાન બનાવી દીધાં..

હીરલ સવાઈના હસ્તે લખાએલ 'મિનિમાલિઝમ' ડૉક્યુમેન્ટરીનો અહેવાલ વાંચ્યો, ગમ્યો. વર્તમાન સંજોગોમાં બાળકો મિત્રોવિહોણાં થઈ રહ્યા છે. ત્યારે અશોક સોમપુરાનો લેખ 'શાળા-જીવનના સાથીદારો' સૌએ વાંચવા જેવો છે. અભિનંદન. કોડિયું ટીમનો લેખ 'યુવાસૂઝ' માહિતીસભર છે! વિસ્તારથી પ્રખ્યાત ગઝલકાર ખલીલ ધનતેજવીને શ્રદ્ધાજંલિ અપાઈ છે. એકંદરે સમગ્ર અંક ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત કરી શક્યો છે.

વર્તમાન પરિસ્થિતિમાં જયારે જીવન થંભી ગયું છે. ત્યારે કોડિયુંનું વાચન પ્રેરણા, શ્રદ્ધા, નિષ્ઠા અને વિશ્વાસમાં વધારો કરે તેવું છે. સમગ્ર ટીમને ધન્યવાદ

- રણછોડ શાહ, એમિટી સ્કુલ, ભરૂચ

## ગુજરાતની રંગભૂમિની સમૃદ્ધિ માટે ઝઝૂમનાર ભરત દવેની વિદાય

**બકુલ ટેલર**

---

ભરત દવે પણ ગયા. કેટલાંક વળી પૂછશે કે કોણ આ ભરત દવે? ગુજરાતમાં થતાં નાટકોની પ્રવૃત્તિ એવી છે કે તે ઘણે ભાગે તો સ્થાનિક જ બનીને રહી જાય છે. જો સ્પર્ધામાં ભજવાય તો ઠીક છે. બે-ત્રણ સ્થળો ઉમેરાઈ શકે. ભરત દવેને આ મર્યાદા નડી પણ વીત્યાં થોડાં વર્ષોમાં રંગભૂમિ વિશે પુસ્તક સ્વરૂપે તેમણે ઘણું લખ્યું. જો કે આ પુસ્તકો પણ કેટલાં નાટ્યકર્મીઓએ વાંચ્યાં હશે તેવો સવાલ થઈ શકે. જે અભિનેતા હોય યા દિગ્દર્શન તરફ વળ્યા હોય તેમને નાટકના અધ્યયન-અભ્યાસની બહુ જરૂર સમજાતી નથી. વર્ષે દસ નાટક પણ વાંચે તો વાંચે બાકી સ્પર્ધાનો સમય આવે તો મુંબઈનાં કેટલાંક નાટ્ય રૂપાંતરકાર યા લેખકને ઓપન કરે ને કહે કે કાંઈ આપો.

ભરત દવેએ અમદવાદમાં રહી નાટ્યપ્રવૃત્તિ કરી પણ નિમેષ દેસાઈ જેવાથી જુદી અને નાટકની કળા વિશેની વધુ રસકીય સજગતાથી કરી. તેમની સમસ્યા એ રહી કે અમદાવાદ રહીને નાટ્યપ્રવૃત્તિ કરવી પડી. ગુજરાતના કોઈ નગરમાં નિયમિત નાટ્યપ્રવૃત્તિ નથી અને જે છે તે અવેતિનક છે એટલે મુંબઈની વ્યાવસાયિક નાટ્યપ્રવૃત્તિ જેવું સાતત્ય નથી. અલબત્ત સ્તરભેદ પણ આ કારણે જ છે છતાં જેમને સતત નાટકો કરવા હોય તેના માટે ગુજરાત યોગ્ય નથી.

જેમને નાટકની કળામાં રસ પડે તે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં જવું પસંદ કરે એવું આપણે ત્યાં ઓછું છે, ત્યાં જવા કરતાં મુંબઈ જવું વધુ સારું એવો વિચાર અહીં આવે! પણ ભરત દવેને તો જામનગરમાં લેક્ચરરની કાયમી નોકરી મળી ગઈ હતી તો પણ નાટક માટેની તાલાવેલી એવી કે કોઈનું કહ્યું માન્યા વિના એક દિવસ રાજીનામું આપી દીધેલું. નૃત્ય, ગાયન, ચિત્રકળા અને સિતારવાદનમાં સક્રિય રસ. એ બધામાં આરંભિક સમયે તેમણે જે કર્યું તેનાથી પ્રશંસા પણ મેળવી ચૂકેલા. જે. કૃષ્ણમૂર્તિ, ઓશોના અધ્યાત્મચિંતનમાં પણ ઊંડો રસ. જાણે તેઓ પોતાની કળા ચેતનાના વિસ્ફોટથી બેચેન હતા પણ મન ઠરેલું નાટકમાં અને બસ નાટકમાં. વિષ્ણુકુમાર વ્યાસ તેમના સગા અને તેઓ તે વખતે મુંબઈમાં નાટ્ય અભિનેતા તરીકે જાણીતા હતા. મુંબઈ ગયા ત્યારે બેંકથી માંડી બીજે નોકરી મળે તેમ હતી પણ તેઓ નાટ્યસંઘમાં પ્રશિક્ષણ માટે જોડાયા અને એકાદ વર્ષ માટે દૂરદર્શનમાં નોકરી કરી પણ પેલો અજંપો હજુ દઝાડતો હતો ને બધું છોડી નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં ત્રણ વર્ષ માટે ભણવા ઉપડી ગયા. ઈબ્રાહિમ અલ્કાઝીનો એ સમય અને ભરત દવેના સહાધ્યાયીઓ રતન થિયમ, રાજ બબ્બર, રોહિણી હટ્ટંગડી, અજિત વાચ્છાની જેવા અનેક. અહીં નાટક વિશેનાં અનેક પુસ્તકો અને નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં ભારતીય લોકનાટ્યથી માંડી નાટકનાં બધાં જ પાસાં શીખવનારા ઉત્તમ ગુરુઓ. અલ્કાઝીના સમયમાં નાટક શીખવું એટલે નાટકનું લોહી-શ્વાસ બની જવું. અસાધારણ શિસ્ત અને ચીવટ. વિદ્યાર્થીની દરેક બાબતની દરકાર. ભરત દવે તો ત્યાં ગાંધર્વ વિદ્યાલયમાં સંગીત પણ શીખ્યા. દેશના મહાન શાસ્ત્રીય ગાયકો, વાદકોને સાંભળ્યા. ભારતીય આધુનિક રંગભૂમિના ઇતિહાસમાં જે કેટલાક નાટકોની ભજવણી શ્રેષ્ઠ માનવામાં આવી તે ભજવણીના પ્રેક્ષક બનવાનું સૌભાગ્ય પણ તેમને પ્રાપ્ત થયું. પુરાણા કિલ્લામાં ભજવાયેલા 'અંધા યુગ', 'તુગલક', 'સુલતાન રઝિયા' જોયા જ નહીં, નાની ભૂમિકાઓ કરી; પણ મનોહરસિંહ, ઉત્તરા બાવકર, સુરેખા સિકરી, રાજ બબ્બર, રાજેશ વિવેક, અજિત વાચ્છાની, રોહિણી હટ્ટંગડી જેવા મોટા અભિનેતા વચ્ચે હોવું એ જ મોટી તાલીમ. પછીના વર્ષોમાં નસીરૂદ્દીન શાહ, ઓમપુરી,

પંકજ કપૂર, રંજિત કપૂર, અનુ કપૂર વગેરે સાથે યાદગાર નાટકોના પ્રવાસો. આજે જેમની પ્રતિષ્ઠા મોટી છે એવા દિગ્દર્શકોના નાટકોમાં સહભાગી થવાનું બન્યું.

અલ્કાઝીના વિદ્યાર્થી રહેલાને મુંબઈમાં રહી ગુજરાતી નાટક કરવાનું મન ન થાય એવું તો કેમ બને? પૈસા અને લોકપ્રિયતાથી વધુ મહત્ત્વ નાટ્યકળાની ઉત્તમતા માટેની મથામણનું છે. ભરત દવેએ કંઈક મૌલિક, જુદું અને અર્થપૂર્ણ કામ કરવું હતું. ૧૯૭૬માં ભરત દવેનું અમદાવાદ આવવું ગુજરાત રંગભૂમિનું એક પ્રકરણ બની શકે તેમ હતું પણ અમદાવાદનું (અને ગુજરાતનું) વાતાવરણ ઘડાયું ન હતું. મૃણાલિની સારાભાઈની 'દર્પણ' માટે મોલિયરના 'ધ સ્કાઉન્ડ્રેલ સ્કેપીન'નું રૂપાંતર 'વાહ વાહ રે મૈં'ના દિગ્દર્શનથી તેમણે આરંભ કર્યો. આ એક નવતર શૈલીનું લોકરંજન અને સામાજિક કટાક્ષ ધરાવતું નાટક હતું. એ જ વર્ષે ટોમ સ્ટોપાર્ડનું 'આલ્બર્ટ્સ બ્રિજ', શ્રીકાન્ત શાહના એકાંકી ઉપરાંત યુરિપિડીઝનું 'મદીરા', લક્ષ્મીનારાયણલાલનું 'વ્યક્તિગત', રસિકલાલ પરીખનું 'મેનાગુર્જરી', 'દર્શક'ના 'સોદો' અને 'અંતિમ અધ્યાય', ટાગોરનું 'મુક્તધારા', તેંડુલકરનું 'શાંતતા કોર્ટ ચાલુ આહે', પન્નાલાલ પટેલનું 'માનવીની ભવાઈ' ભજવ્યાં. એન.એસ.ડી.થી આવેલ ભરત દવેને અહીં કાંઈ એવા ઉત્તમ અભિનેતા, સન્નિવેશકાર, પ્રકાશ આયોજક, સંગીતકાર તો ઉપલબ્ધ થવાના ન હતા. ગમે તેવા કલ્પનાશીલ દિગ્દર્શક હોય પણ નાટક કાંઈક વ્યક્તિગત કળા નથી. નાટક અહીં 'પ્રયોગ' જ બનીને રહેવાનું હતું અને કમાણી તો થવી જોઈએ ને! આખર તેઓ ઈસરોમાં ટેલિવિઝન ક્ષેત્રે પ્રવેશ્યા- ટેલિવિઝન નિર્માતા તરીકે. એ કામ કાંઈ શુદ્ધ નાટકનું નહોતું બલકે લોકજાગૃતિ અને ખેતી અને ગ્રામ્ય વિકાસની વાતો માટે હતું. અહીં તેમણે કેટલીક નાટ્યશ્રેણીઓ કરી, નૃત્યનાટિકાઓ અને ટેલિફિલ્મો બનાવી પણ નાટકનો માણસ નાટક વિના કેમ રહે? બાદલ સરકારને તેમણે ઇસરોમાં વર્કશોપ માટે બોલાવ્યા. નેશનલ સેન્ટર ફોર પર્ફોમિંગ આર્ટસ- મુંબઈ સાથે મળી નાટ્ય-સંગીત વર્કશોપ યોજી જેમાં ભાસ્કર ચંદાવરકર, પુ.લ.દેશપાંડે, વિજય રાઘવરાવ, બી.વી. કારંથ જેવાએ તાલીમ આપેલી. અમદાવાદમાં આ બધા આવે એ જ પ્રસન્નકર કળાઘટના, અમદાવાદમાં વર્ષો પહેલાં પૃથ્વીરાજ કપૂરના નાટકોથી માંડી પ્રવીણ જોશીનાં નાટકો જોનારા ભરત દવેએ એંસી-નેવુંના દાયકામાં અહીં સત્યદેવ દૂબે, મહેન્દ્ર જોશી, રંજિત કપૂર, કેતન મહેતાનાં નાટકો જોયાં. અમાલ અલ્લાના દિગ્દર્શિત 'મહાભોજ' શાંતા ગાંધીના 'જસ્મા ઓડણ', અલ્કાઝીના 'તુઘલક', સથ્યુનું 'સફેદી કુંડલી', રતન થિયમના 'અંધા યુગ' અને 'ચક્રવ્યૂહ' જોયાં. એન.એસ.ડી.એ તેમની પાસે 'મેનાગુર્જરી' કરાવ્યું જેમાં ઉત્તરા બાવકર, રઘુવીર યાદવ, સુરેખા સિકરી, અનંગ દેસાઈ, રાજેશ વિવેક, પ્રેમ મટિયાની જેવા ઉત્તમ અભિનેતા-અભિનેત્રી સાથે નાટક ભજવાયું. ઈસરો માટેની ટી.વી. શ્રેણીમાં રઘુવીર ચૌધરીની નવલકથા પરથી 'વચલું ફળિયું' ઉપરાંત 'ભલા-ભૂસાના ભેદભરમ' જાણીતા થયા પણ નાટક તો એ બધા વચ્ચેય થતાં રહ્યાં. ગોગોલનું 'ધી ઇન્સ્પેક્ટર', દર્શકના ત્રણ નાટકો ભજવાયાં. તેઓ જશવંત ઠાકરના દીકરી અદિતિને પરણેલા પણ ૧૯૮૪માં લગ્નજીવન તૂટી ગયું. ત્યારે તેમની દીકરી ત્રણેક વર્ષની. અંગત જીવનનો આ મોટો આઘાત હતો પણ જીવન તો જીવન છે. એ કયાં રોકાય છે? આ દરમ્યાન 'માનવીની ભવાઈ'ની યશસ્વી ભજવણી થઈ. આ એવું નાટક હતું જે ભરત દવે વડે જ શક્ય બને. આ ઉપરાંત સ્ટ્રીન્ડબર્ગનું 'ફાધર', સર્વેશ્વર દયાલ સક્સેનાનું 'લડાઈ' અને ટોલ્સટોયની વાર્તા આધારિત 'ગિલોટીનનો ગોટો' એ જ પછી એન.એસ.ડી.માં હિન્દી રૂપાંતર તરીકેય ભજવાયું. ૧૯૯૮ પછી નાટકો ભજવવાનાં બંધ થયાં. ૨૦૦૮ સુધી અનુવાદક-રૂપાંતરકાર હતા જેમણે વારંવાર પીછેહઠ કરવી પડી છે. એન.એસ.ડી.ની તાલીમે તેમનામાં જે પ્રકારના થિયેટર નાટક કરવાની કલ્પના જગાવેલી તેવું અમુક નાટકોમાં જ શક્ય બન્યું. તેમણે રઘુવીર ચૌધરીની 'લાગણી' નવલકથાનું, ચન્દ્રવદન મહેતાના 'અખો'નું નાટ્યરૂપ તૈયાર કરેલું. 'મૃચ્છકટિક' ભજવવું હતું. 'રાશોમન'(કુરુસોવા),

'ધ લેટર'(સમરસેટ મોમ) 'જ્યોર્જ ડેંડિન'(મોલિયેટ) ઉપરાંત દર્શકના 'સોક્રેટિસ'ના રૂપાંતર કરી રાખેલા પણ ભજવાયા નહીં. અલબત્ત, પાછલા વર્ષોમાં તેઓએ રંગભૂમિ વિશે જે પુસ્તકો લખ્યાં તે ખૂબ જ મહત્વનાં છે. આજે તેમની દિકરી 'દેવકી આર.જે.' તરીકે ખૂબ જાણીતી છે ને મા અદિતિ સાથે નાટકોમાં કામ કરે છે. ભરત દવે, કપિલદેવ શુકલ, પી.એસ. ચારી એવા દિગ્દર્શક રહ્યા છે જેને યોગ્ય પરિવેશ, સગવડો મળે તો ગુજરાતી રંગભૂમિને નવી ઓળખ આપી શકે. તેમણે અલબત્ત ઘણું કર્યું તોય તેમના નાટકો દેશવ્યાપક ઓળખ બાબતે અધૂરા રહ્યાનું અનુભવાય છે. ભરત દવે જેટલા અધ્યયનશીલ-અભ્યાસી નાટ્યકાર ગુજરાતમાં હોય એ પણ ગૌરવની વાત હતી. હવે તેમના નાટકો તો જોઈ શકાશે નહીં પણ તેમનાં પુસ્તકો અને 'મારી રંગયાત્રા' નામની આત્મકથા સ્મરણીય વાચન તરીકે સાથે રહેશે. પાછલાં વર્ષોમાં આરોગ્યની સમસ્યા આવી ત્યારે રંગભૂમિ વિશે વિવિધ પરિપ્રેક્ષ્યથી પુસ્તકો લખવાની યોજના બનાવવી એ પોતે જ સૂચવે છે કે નાટક વિના તેઓ જીવ્યા નથી. તેમના જવાથી ગુજરાતી નાટક ક્ષેત્રે શું ઓછું થયું છે તે તો જેમનામાં ઇતિહાસ દૃષ્ટિ હશે એ જ પામશે. નાટકને તમારી પ્રતીક્ષા રહેશે ભરતભાઈ !

(સૌજન્ય : ગુજરાત મિત્ર)

કલાની આજીવન ઉપાસનાને કેન્દ્રમાં રાખીને મેં જે યાત્રા આરંભી તેમાં મને જાત જાતના કલા-કસબ શીખવા-સમજવા મળ્યા, અનેક મહાન કલાકારોની પ્રસ્તુતિઓને પ્રત્યક્ષ જોવા-સાંભળવાનો લહાવો મળ્યો, અનેક નાનામોટા ગુરુજનો પાસેથી અમૂલ્ય કહી શકાય એવું વિદ્યાદાન પામ્યો. અનેક સ્ત્રીપુરુષોનાં સહયોગ, આત્મીયતા, વિશ્વાસ, પ્રેમ અને આદર સંપાદિત કરી મારી યાત્રાને વધારે સાર્થક અને પ્રસન્નકારી બનાવી શક્યો, અઢળક પુસ્તકો અને વ્યકિતઓ દ્વારા જીવનના અપ્રતિમ સૌંદર્યને તેની સમગ્રતામાં આસ્વાદી શક્યો. ધન, કીર્તિ, પ્રખ્યાતિ, લોકપ્રિયતા, પુરસ્કારો વગેરેનું પણ મારા જેવી વ્યકિતઓના જીવનમાં થોડુંઘણું મહત્ત્વ હોઈ શકે; પરંતુ આખરે તો એ બધું મનમાંથી જ નીપજે છે ને મનમાં જ વિરમે છે. સ્વયં સર્જનના જ આનંદમાં આજીવન રમમાણ રહેતા કલાકારો માટે આવી ભૌતિક સિદ્ધિઓ એક પ્રતીકથી વિશેષ મહત્ત્વ નથી ધરાવતી. એ મળે તો આનંદ, ન મળે તો કોઈ ફરિયાદ નહીં, કોઈ અસંતોષ નહીં, હૃદયમાં શેષ કેવળ તેની કલાસાધનાએ આપેલો પરમ આનંદ અને ઈશ્વરે વર્ષાવેલી અનન્ય કૃપા બદલ ઋણભાવ.

હું માનું છું કે જાતે પ્રત્યે બહુ ઊંચી ધારણા બાંધી લઈને- જગત મારી ઈચ્છા પ્રમાણે કેમ નથી ચાલતું - એવા વ્યર્થ ગુમાનમાં કદી ન રહેવું. તેમ છતાં એકાદ વાર હું મનથી ચોક્કસ વિચલિત થયો, થોડોક નાસીપાસ પણ થયો. પણ ફરી કળ વળતાં મેં પાછળ નજર કરી કે ભલે હું દુનિયાદારી પ્રમાણેના ગંતવ્યસ્થાન પર ન પહોંચ્યો પણ જે કંઈ પડાવો મેં મારા યથાશક્તિ પુરુષાર્થના બળે અને મારા સાથીઓના પ્રેમપૂર્ણ સંગાથે પાર કર્યા તે સહેજે અલ્પ કે અવગણવાલાયક નહોતા. મારા આ પ્રામાણિક તારણના સમર્થનમાં બાદલ સરકારના એક નાટકમાં આવતા હિન્દી કાવ્યખંડથી મારી આ રંગયાત્રાનું સમાપન કરું.

જીવન કે ઉસ સ્વર્ણ-પ્રાત મેં, મુક્ત-હૃદય નિર્દ્વન્દ્વ ભાવ સે,
દીક્ષા લી થી પદયાત્રા કી, સતત તીર્થયાત્રા કરને કી.
જીવન કી સંધ્યા મેં પહુંચા, મન મેરા યહ ભૂલ ન જાએ, દીક્ષા કે ઉસ મૂલ મંત્ર કો...
તીર્થ નહીં, હૈ કેવલ યાત્રા, લક્ષ્ય નહીં, હૈ કેવલ પથ હી
ઈસ તીર્થ-પથ પર હૈ ચલના, ઈષ્ટ યહી, ગન્તવ્ય યહી હૈ!

- ભરત દવે ('મારી રંગયાત્રા'માંથી)

## અનેક દૃષ્ટિકોણથી મૂલ્યવાન લાખામંડલ

**ભાણદેવજી**

---

કેટલાંક સ્થાન ઐતિહાસિક દૃષ્ટિએ મૂલ્યવાન હોય છે, કેટલાંક સ્થાન ધાર્મિક-આધ્યાત્મિક દૃષ્ટિએ મૂલ્યવાન હોય છે અને કેટલાંક સ્થાન પ્રાકૃતિક સૌંદર્યની દૃષ્ટિએ મૂલ્યવાન હોય છે. કોઈ એવાં સ્થાન પણ હોઈ શકે જે આટલા જ નહીં, પરંતુ આવા અનેક દૃષ્ટિકોણથી મૂલ્યવાન હોય છે. આવું આ સ્થાન છે, લાખામંડલ!

ઉત્તરાખંડમાં 'દહેરાદૂન' પ્રખ્યાત જિલ્લો છે. આ દહેરાદૂન જિલ્લાના ચક્રોતા ક્ષેત્રમાં જૌનસર પ્રભાગમાં આપણું આ લાખામંડલ અવસ્થિત છે.

અમારી નાનકડી ગાડી મસૂરીથી આગળ હાંફતી-હાંફતી આગળ દોડી રહી છે. માણસો તો હાંફે, પરંતુ ગાડી અર્થાત્ મોટરકાર પણ હાંફે? આ હિમાલયમાં ચડતી વખતે ગાડી પણ હાંફી રહે છે ! અમે યમુનોત્રીના માર્ગ પર આગળ ચાલી-દોડી રહ્યા છીએ. યમુનોત્રી આ પહેલાં અનેક વાર જવાનું બન્યું છે, પરંતુ લાખામંડલ આ વખતે પહેલી વાર જવાનું બને છે. લાખામંડલ કાંઈ યમુનોત્રીના માર્ગથી બહુ દૂર નથી, તો પણ કેમ રહી ગયું ? આપણે પ્રધાન તીર્થની યાત્રા કરવાની ધૂનમાં એટલા બધા વ્યસ્ત થઈ જઈએ છીએ કે રસ્તામાં વચ્ચે આવતાં તીર્થને ભૂલી જઈએ છીએ. ચાર ધામ - યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદરીનાથની યાત્રા કરવા જઈએ છીએ ત્યારે ચાર ધામની જ યાત્રા કરીએ છીએ. પરંતુ યાદ રહે! ચાર ધામની યાત્રા કરીએ ત્યારે રસ્તામાં વચ્ચે કે રસ્તાની આજુબાજુ આવતાં તીર્થોની સંખ્યા પચાસથી ઓછી નથી. આપણે આ ચાર ધામની યાત્રા કરીએ છીએ ત્યારે આ ચાર ધામની જ યાત્રા કરીએ અને રસ્તામાં આવતાં તીર્થોની અવગણના કરીએ તો આ ચાર ધામની યાત્રા અધૂરી જ છે તેમ સમજવું જોઈએ. પરંતુ આપણે ચાર ધામની યાત્રા સડસડાટ કરીએ છીએ અને આજુબાજુ જોતાં પણ નથી! કાંઈક આવી જ બેદરકારીથી લાખામંડલ જેવું મૂલ્યવાન સ્થાન આજ સુધી રહી ગયું છે, પરંતુ આ વખતે અમે બેદરકાર નથી. આ વખતે તો અમારે લાખામંડલ જવું જ છે!

મસૂરીથી અમારી મોટરકાર આગળ દોડી. કેમ્ટી ફૉલ અને પછી યમુના બ્રિજ પાર કરીને અમે યમુનાજીના રસ્તા પર ચડ્યા. આ રસ્તા પર નૌગાંવની પહેલાં બર્નીગાડ નામનું એક સ્થાન આવે છે. રસ્તો અને બર્નીગાડ બંને યમુનાજીના કિનારા પર જ છે. અહીં રસ્તાની ડાબી બાજુ યમુનાજી પર એક નવો સરસ પુલ છે. આ પુલ પસાર કરીને આપણે લાખામંડલના રસ્તા પર ચડીએ છીએ. અહીંથી અર્થાત્ બર્નીગાડથી લાખામંડલ માત્ર ૫ કિ.મી. દૂર છે. આનો અર્થ એમ કે યમુનોત્રી જવાના મુખ્ય માર્ગથી લાખામંડલ જોઈ પણ શકાય છે.

હવે અમે યમુનોત્રીનો મુખ્ય માર્ગ છોડીને લાખામંડલના માર્ગ પર ચડી ગયા છીએ. ૫ કિ.મી.ના રસ્તાને કાપતાં કેટલી વાર? રસ્તાની બિલકુલ બાજુમાં જમણી બાજુએ એક મોટી, સરસ ગુફા છે. વળતાં ઊતરીશું એમ વિચારીને અમે આગળ ચાલ્યા. ચારેય બાજુ ખેતરો, જંગલો, પહાડો અને પાણી છે. દૂર ઉપર એક મોટો પહાડ પણ છે. તે પહાડની ટોચથી થોડી નીચે એકાધિક મોટી ગુફાઓ છે તે પણ અહીંથી જોઈ શકાય છે. ગુફાઓની આજુબાજુ વૃક્ષો નથી, લીલુંછમ ઘાસ છે!

અમે આગળ ચાલ્યા. લાખામંડલ ગામના પાદરમાં પહોંચ્યા. ગામના પાદરમાં મોટું મેદાન છે. હિમાલયનાં ગામડાંના પાદરમાં જ આવડું મોટું મેદાન પહેલી વાર જોયું! પણ આ સામાન્ય ગામડું નથી, આ તો લાખામંડલ છે!

ગામના પ્રારંભમાં જ એક મોટું, સુંદર પ્રવેશદ્વાર ઊભું

કરવામાં આવ્યું છે. આજકાલ શહેરોમાં અને ગામડાંઓમાં પણ આ પ્રકારનાં પ્રવેશદ્વાર ઊભાં કરવાની રીત શરૂ થઈ છે. આ રીતિ અહીં પહોંચી છે. તદનુસાર અહીં લાખામંડલમાં પણ આ પ્રવેશદ્વાર ઊભું થયું છે.

પ્રવેશદ્વાર પાસે અમને એક વણનોતર્યા ભોમિયા મળી ગયા. અહીં પૂજારીઓના અનેક પરિવારો છે, તેમાંના કોઈ એક પરિવારમાંથી આ ભોમિયા બન્યા છે.

''ચાલો, સ્વામીજી! હું આપને બધું બરાબર બતાવીશ અને બધું બરાબર સમજાવીશ!''

અમે ચાલ્યા.

ગામમાં પ્રધાનતઃ બ્રાહ્મણો અને હરિજનોની વસતી છે. થોડા રાજપૂત પરિવારો પણ છે. પ્રધાન વ્યવસાય ખેતી છે. ચારે બાજુના પહાડોમાં તેમનાં ખેતરો છે.

થોડા માનવો નોકરી માટે બહાર પણ ગયા છે. ગામમાં શાળા છે. ભણવાનો માહોલ સારો છે. અહીંની શાળાનું ભણતર પૂરું કરીને વિદ્યાર્થીઓ હવે બહાર ભણવા પણ જાય છે.

અમે આગળ ચાલ્યા. ચાલતાં-ચાલતાં વાતો પણ ચાલે છે અને ગ્રામદર્શન પણ ચાલે છે. મોટા ભાગનાં મકાનો મોટાં અને મજબૂત છે. ખીચોખીચ મકાનો છે, પરંતુ સ્વચ્છતા સારી છે. ઘરના ફળિયામાં, વાડોલિયામાં એમ લગભગ બધી જ ખુલ્લી જગ્યામાં કાંઈક-કાંઈક વાવેલું છે. શાકભાજી, ફળો, ફૂલો આદિ ઉગાડેલાં છે. એક સ્થાન જોઈને હું થંભી ગયો. એક ઘરના વાડોલિયાની વચ્ચોવચ એક વિશાળ કદની લાંબી, પહોળી અને ઊંચી શિલા છે. આ શિલા કાળમીંઢ પથ્થરની છે. શિલાની ઉપર માટીનો જાડો થર કરીને તેના પર શાકભાજી ઉગાડેલાં છે. શિલા ઉપર વાડોલિયું! છે ને તસુએ તસુ જમીનનો ઉપયોગ કરવાની આવડત! કાશ્મીરમાં પણ જમીનની ખેંચ છે. ત્યાં તરતાં મકાનો(હાઉસ-બોટ) તો છે જ, પરંતુ ત્યાં તરતાં ખેતરો પણ છે. સરોવરમાં મોટા કદના તરાપા બનાવીને, તેના પર ફળદ્રૂપ માટી પાથરીને, તેના પર શાકભાજી ઉગાડવામાં આવે છે! આ તરતાં ખેતરો ચોરાઈ જાય તેમ પણ ક્વચિત્ બને છે! ખેતરની ચોરી! અહીં લાખામંડલમાં અમે કાળમીંઢ શિલા પર ખેતર અને તેના પર ઊગેલાં શાકભાજી જોયાં.

અમે ગામની સાંકડી શેરીમાંથી પસાર થતાં-થતાં મંદિર તરફ ચાલી રહ્યા છીએ. અમારો ભોમિયો અમને આ લાખામંડલ વિશે અવનવી માહિતી આપે છે.

શું છે આ લાખામંડલ?

આ સમગ્ર વિસ્તારને 'યમુના-વેલી' ગણવામાં આવે છે. લાખામંડલ યમુના નદીથી માત્ર પાંચ કિ.મી. જ દૂર છે. પહાડી રસ્તાઓ વાંકાચૂકા હોય છે, તદનુસાર લાખામંડલનું યમુના નદીથી સીધું અંતર તો તેથી પણ ઓછું જ હોય! આ યમુના-વેલી અર્થાત્ 'યમુના ઉપત્યકા' અતિ પ્રાચીનકાળથી ખૂબ પ્રખ્યાત છે. માત્ર 'ઋગ્વેદ'માં જ યમુનાનો ઉલ્લેખ ત્રણ વાર થયો છે. અન્ય વેદો અને પુરાણોમાં તો યમુનાજીના વર્ણનની ભરમાર છે!

યમુના નદીના જમણા કિનારે ઉત્તરમાં ઋષિનાલા અને દક્ષિણમાં ગોટાડગાડ(ગોમતી) નદી યમુનાજી સાથે સંગમ પામે છે. આ બંને સંગમની વચ્ચે લાખામંડલ અવસ્થિત છે. સામેના કિનારે અર્થાત્ યમુનાજીના ડાબા કિનારે બર્નીગાડ પાસે વરુણા નદી યમુનાજીને મળે છે અને તેનાથી થોડે દૂર દક્ષિણમાં ગંગાની એક ધારા આવીને યમુનાજીને મળે છે, તેથી આ સ્થાનને 'ગંગાણી' કહેવામાં આવે છે. આમ લાખામંડલની બાજુમાં યમુનાજી સાથે ચાર નદીઓ સંગમ પામીને ચાર પ્રયાગની રચના કરે છે.

એક અનુશ્રુતિ પ્રમાણે દુર્યોધને પાંડવોને સળગાવી નાખવા માટે લાખ, રાળ આદિ જ્વલનશીલ પદાર્થોમાંથી 'લાક્ષામહેલ'ની રચના આ સ્થાન પર કરી હતી. સંભવતઃ તેથી આ સ્થાનને લાખામંડલ કહેવામાં આવે છે. આવું જ 'લાક્ષામહેલ'નું એક સ્થાન ઉત્તરકાશી પાસે પણ બતાવવામાં આવે છે!

એક મત પ્રમાણે આ અતિ મહત્ત્વના ધાર્મિક સ્થાનમાં લાખો મંદિરો અને મૂર્તિઓ હતાં, તેથી આ સ્થાનને લાખામંડલ કહેવામાં આવે છે. આજે પણ આ સમગ્ર ભૂમિમાં અપરંપાર મૂર્તિઓ દટાયેલી પડી છે અને અનેક મૂર્તિઓ

અને મંદિરો મળી આવ્યાં છે. આ લાખો(અર્થાત્ પુષ્કળ) મૂર્તિઓના કારણે આ વિસ્તારને લાખામંડલ કહેવામાં આવે છે. લાખામંડલ જેમ એક ગામનું નામ છે, તેમ તે એક વિસ્તારનું નામ પણ છે.

કેટલાક ઇતિહાસકારો એમ કહે છે કે મુસ્લિમ આક્રમણોના યુગમાં આ આક્રમણખોરોથી મૂર્તિઓને બચાવી લેવા માટે લાખો(અર્થાત્ અનેક) મૂર્તિઓ અહીં સલામત સ્થાને લાવવામાં આવી. કેટલીક બહાર અને કેટલીક મૂર્તિઓ જમીનમાં દાટી દેવામાં આવી. આ અપરંપાર મૂર્તિઓ અહીં આવી, તેથી આ વિસ્તારને લાખામંડલ નામ આપવામાં આવેલ છે. આજે પણ આ વિસ્તારમાં જમીનની અંદર અને જમીનની બહાર અપરંપાર મૂર્તિઓ છે. અમારા ભોમિયાએ અમને કહ્યું :

‘‘સ્વામીજી! અહીં આ ભૂમિમાં કોઈ પણ સ્થાને ખોદો, મૂર્તિ મળે જ! વસ્તુતઃ અમારું આ ગામ મૂર્તિઓની ખાણ પર વસેલું છે તેમ કહી શકાય. અને તેથી જ પુરાતત્ત્વ ખાતા તરફથી અહીં કોઈપણ સ્થાને જમીનમાં ખોદવાની મનાઈ છે. અમે અહીં નવું મકાન બનાવવા પાયા ન ખોદી શકીએ, કારણ કે તેમાંથી પણ મૂર્તિઓ નીકળવાની છે. એટલું જ નહીં, જૂનું મકાન પડી જાય તો તેને નવેસર બનાવવા માટે અમારે પુરાતત્ત્વખાતાની મંજૂરી લેવી પડે છે. અને હા, મંદિરની આજુબાજુના વિસ્તારમાં તો તેવી મંજૂરી ન મળી શકે. હવે તો આખું ગામ જાણે પુરાતત્ત્વ ખાતાની વસાહત હોય તેવું બની ગયું છે!’’

અમે આગળ ચાલ્યા.

સામે જ એક વિશાળ મંદિર છે.

લાખેશ્વર શિવજીનું આ મંદિર છે. આજુબાજુ નાનાંમોટાં અનેક શિવલિંગ અને અન્ય મૂર્તિઓ છે, પરંતુ જે મંદિરમાં સેવાપૂજા થતી હોય તેવું આ એક જ મંદિર છે. સામાન્યતઃ શિવમંદિરમાં અંદર પ્રવેશ કરવાની અને પૂજાઅર્ચના કરવાની અનુમતિ હોય છે. અમે પણ અંદર પ્રવેશ કરીને સંક્ષિપ્ત પૂજા કરવાની અનુમતિ માગી, પરંતુ અનુમતિ મળી નહીં. અમે બહારથી દર્શન કર્યાં અને પંચવક્ત્રમંત્રોનો પાઠ કર્યો.

મંદિરમાં દર્શનપાઠ પછી અમારા ભોમિયા અમને મંદિરની આજુબાજુના વિસ્તૃત પરિસર અને અનેક મૂર્તિઓનો પરિચય કરાવવા દોરી જાય છે.

મંદિરના ગર્ભગૃહમાં શિવલિંગનાં દર્શન તો થાય છે, પરંતુ ગર્ભગૃહની અન્ય મૂર્તિઓનાં દર્શન થઈ શકે તેમ નથી. એક નાનો દીપક પ્રજ્વલિત છે અને તેનો પ્રકાશ ગર્ભગૃહને પ્રકાશિત કરવા માટે સાવ અપૂરતો છે. આપણા દેશનાં અનેક મંદિરોમાં જોયું છે કે મંદિરમાં લગભગ સર્વત્ર વીજળીનો પ્રકાશ હોય, મંદિરનો સમગ્ર પરિસર વિદ્યુત પ્રકાશથી ઝળહળતું હોય, પરંતુ ગર્ભગૃહમાં તો નાનો દીપ જ થોડોક પ્રકાશ આપતો હોય અને મહદંશે અંધારું જ હોય! દક્ષિણનાં મંદિરોમાં અને હિમાલયનાં મંદિરોમાં આ વ્યવસ્થા વિશેષતઃ જોવા મળે છે. ભગવાનને વિદ્યુતપ્રકાશ સામે શો વાંધો હશે? એ તો તેઓ જ જાણે. આપણે તો જે વ્યવસ્થા હોય તેનો સ્વીકાર કરી લેવાનો!

મંદિરના બાહ્ય કક્ષમાં અનેક મૂર્તિઓ છે.

પ્રધાન મૂર્તિઓ આ પ્રમાણે છે :

૦૧. વૃષવાહના માહેશ્વરી
૦૨. કમલાસના મહાલક્ષ્મી
૦૩. સિંહવાહના દુર્ગા
૦૪. કચ્છપવાહના ગંગા
૦૫. શવવાહના ચામુંડા
૦૬. હયગ્રીવ વિષ્ણુ
૦૭. હસ્તિવાહના શચી
૦૮. હનુમાન
૦૯. ગણેશ

અન્ય મૂર્તિઓ આ પ્રમાણે છે :

૦૧. મહિષ પર આરૂઢ યમરાજ
૦૨. સિંહવાહના દુર્ગા
૦૩. ઉમા-મહેશ્વર -બૃહદ્ ભવ્ય મૂર્તિ
૦૪. સૌથી ઉપર ગંગા અને યમુના
૦૫. નંદી પર આસનસ્થ ચતુર્ભુજ શિવ

૦૬. મૂષકવાહન ગણેશ
૦૭. મયૂરવાહન કાર્તિકેય
૦૮. ચતુર્ભુજ દુર્ગા
૦૯. ષડાનન કાર્તિકેય
૧૦. વિશ્વકર્મા - હાથમાં હથોડો
૧૧. ચતુર્ભુજ વિષ્ણુ
૧૨. કુબેરજી
૧૩. વામન-ભગવાન.

અહીં આ મંદિર અને પરિસરમાં અનેક શિવલિંગ છે. પ્રધાન ચારને ચાર નામ આપવામાં આવેલ છે - સત્યુગી, ત્રેતાયુગી, દ્વાપરયુગી અને કલિયુગી.

એક ઊંચા ચબૂતરા પર બૃહત્ શિવલિંગ પણ છે. આ શિવલિંગ ખૂબ ચમકદાર છે. તેના પર પાણી ઢોળવામાં આવે ત્યારે જેમ અરીસામાં દર્શનાર્થીનો ચહેરો પ્રતિબિંબિત થાય છે, તેમ આ શિવલિંગમાં દર્શનાર્થીનો ચહેરો પ્રતિબિંબિત થાય છે. પૂજારીવર્ગ તેમાં ચમત્કારનું આરોપણ કરે છે. વસ્તુતઃ શિવલિંગ લીસું છે અને પાણી રેડવામાં આવે એટલે કાંઈક અંશે અરીસાના ગુણધર્મો ધારણ કરે છે અને તદનુસાર શિવલિંગમાં દર્શનાર્થીનો ચહેરો પ્રતિબિંબિત થાય છે. માનવ ચમત્કારપ્રિય છે અને ન હોય ત્યાં પણ ચમત્કારોનું આરોપણ કરવાનું તેને ગમે છે. અમે કૈલાસ-માનસરોવરની યાત્રાએ ગયા હતા. માનસરોવરમાં રાત્રે દેવો સ્નાન માટે આવે છે એમ બધા યાત્રી જોરશોરથી કહે છે અને માને છે. અમે આ માનસરોવરમાં સ્નાનાર્થે આવતા દેવોનાં દર્શન માટે માનસરોવરના કિનારે રાત્રે સાડાત્રણ વાગ્યા સુધી બેઠા રહ્યા. મારા સિવાય લગભગ બધાએ કહ્યું : ''હા, અમને દેવોનાં દર્શન થયાં!''

મને દર્શન ન થયાં, એટલે મેં કહ્યું :

''ભાઈ! મને તો દેવો દેખાતા નથી.''

કોઈકે કહ્યું પણ ખરુંઃ

''એ તો પુણ્ય કર્યાં હોય તેમને જ દર્શન થાય, પાપ કર્યાં હોય તેને ન થાય!''

તોપણ મેં કહ્યું : ''મને દર્શન થયાં નથી!''

બિચારો હું!

મંદિરના પરિસરની બાજુઓ પર પ્રાચીન-પથ્થર-નિર્મિત મજબૂત દીવાલો પણ છે. પરિસરની અંદર પ્રધાન મંદિર સિવાય અન્ય નાનાં મોટાં મંદિરો છે, પરંતુ આ મંદિરો હવે વિધિવત્ મંદિરો નથી, પુરાતત્ત્વના અવશેષો છે. બહારની ઓસરીમાં બે મોટા નંદી છે. બંને થોડાઘણા અંશે ક્ષતિગ્રસ્ત છે.

અહીં મંદિરના પરિસરમાં એક વિશિષ્ટ સ્થાન છે. બૃહદ્ શિવલિંગની સામે બે દ્વારપાલ છે - નંદી અને ભૃંગી. તેમની સામે એક મોટી શિલા જડેલી છે. પ્રાચીનકાળમાં આ વિસ્તારમાં કોઈ માનવીનું મૃત્યુ થાય તો તેના દેહને અહીં લાવીને આ શિલા પર સુવાડવામાં આવતો. આ શિલા પર સુવાડવામાં આવે એટલે તરત મૃતાત્મા જીવિત બની જતો. તે વખતે તેને દૂધ અને ભાત ખવડાવવામાં આવતાં. પછી તરત જીવાત્મા ચાલ્યો જતો અને અવસાન થતું, પરંતુ અહીં શિવસ્થાનમાં મૃત્યુ પામે છે, તેથી તેની મુક્તિ થઈ જતી. આ માટે પ્રમાણ પણ અપાય છે -

આ મૃતાત્માને અહીં લાવવાની પરંપરા બંધ કેવી રીતે થઈ તે વિશે પણ એક કિંવદંતી છે. એક સ્ત્રીના એકમાત્ર પુત્રનું અવસાન થયું. મૃતાત્માના શરીરને અહીં લાવવામાં અને શિલા પર સુવડાવવામાં આવે છે. પુત્ર જીવતો થાય છે. માતા વિવેકભાન ભૂલી જાય છે અને પુત્રને પકડવા દોડે છે. પુત્ર તો ગયો અને માતા પણ ગઈ. ત્યારથી મૃતાત્માને અહીં લાવવાની પ્રથા બંધ થઈ છે.

આ લાખામંડલ-વિસ્તારમાં એક પહાડમાં મોટી ગુફા છે. આ ગુફાને કાર્તિકેયજીનું જન્મસ્થાન માનવામાં આવે છે. આ લાખામંડલ કાર્તિકેયનું જન્મસ્થાન છે તદનુસાર લાખામંડલનું એક નામ 'કાર્તિકેયપુર' પણ રહ્યું છે. કાર્તિકેયસ્વામીનું એક નામ 'સુબ્રહ્મણ્યમ્' પણ છે. તેના પરથી આ સ્થાનનું બીજું એક નામ 'બ્રહ્મપુર' પણ રહ્યું છે. લાખામંડલનું રાજસ્વ નામ 'મહડ' છે, જે 'મહલ'નું તદ્ભવરૂપ છે. આ ગામની બાજુમાં જ કાર્તિકેય જન્મસ્થાન-ગુફા છે. આ ગુફાની બાજુમાં એક નાની વસાહત છે. તેને

'પુડિયા' કહેવામાં આવે છે. આ સ્થાન બર્નીગાડથી ચક્રોતા મોટરમાર્ગ પર બર્નીગાર્ડથી ૪ કિ.મી. દૂર છે. આ સ્થાનને 'પુડિયા-બેંડ' પણ કહેવામાં આવે છે. અહીંથી ૧ કિ.મી. દક્ષિણ તરફ લાખામંડલ છે.

લાખામંડલની સામે એક ઊંચો પહાડ છે. આ પહાડની ટોચ પર એક મોટો અને ઊંડો કૂવો છે તથા પહાડની ચારેય બાજુ મોટીમોટી ગુફાઓ છે. આ ગુફાઓનાં ખૂબ દૂરથી પણ દર્શન થાય છે. આ ગુફાઓ અને આ કૂવા વિશે એક પ્રાચીન કથા જાણવા જેવી છે.

પ્રાચીનકાળમાં મહારાજા મરુતે એક મહાન યજ્ઞ કર્યો હતો. શિવજીની કૃપાથી મરુત રાજાને યજ્ઞ માટે અપરંપાર સંપત્તિ મળી. દેવગુરુ બૃહસ્પતિના અનુજ મહર્ષિ સંવર્ત યજ્ઞના પ્રધાન પુરોહિત હતા. યજ્ઞ સંપન્ન થયો. રાજાએ પુરોહિતોને અપરંપાર સુવર્ણ દક્ષિણા સ્વરૂપે આપ્યું. આમ છતાં યજ્ઞનાં સુવર્ણનાં પાત્રો ઉપરાંત અઢળક સુવર્ણ વધી પડ્યું. રાજા મરુતે આ સર્વ અતિરિક્ત સુવર્ણધન આ કાર્તિકેયપુર અર્થાત્ લાખામંડલના આ પહાડના કૂવામાં અને ગુફાઓમાં મૂકી દીધું. આ કૂવો અને આ ગુફાઓ આજે પણ જોઈ શકાય છે.

મહાભારત યુદ્ધ પછી મહારાજ યુધિષ્ઠિર અને સર્વ પાંડવો ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદપૂર્વક એક મહાન યજ્ઞ કરવા ઇચ્છતા હતા, પરંતુ ધનનો અભાવ હતો. ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન વ્યાસદેવજીનાં સલાહ અને માર્ગદર્શન પ્રમાણે પાંડવો અહીં આવે છે અને અહીં મૂકેલા મરુતરાજાના ખજાનામાંથી આવશ્યક ધન લઈ જાય છે અને તેમનો યજ્ઞ સંપન્ન થાય છે.

અમે પહાડની ટોચ પરનો કૂવો જોયો નથી, પરંતુ અમે આ પહાડની ટોચથી સહેજ નીચે દેખાતી મોટી ગુફાઓ દૂરથી જોઈ છે. સોનું તો અમને નથી જ મળ્યું!

મંદિરની બાજુમાં જ બે મ્યુઝિયમ છે. એક મ્યુઝિયમમાં ખંડિત મૂર્તિઓ છે અને બીજા મ્યુઝિયમમાં અખંડ મૂર્તિઓ છે. આ વિસ્તારમાંથી અર્થાત્ લાખામંડલમાંથી મળેલી મૂર્તિઓ આ મ્યુઝિયમમાં મૂકેલી. અહીંની મૂર્તિઓની ચોરી પણ ખૂબ થઈ છે. આ બંને મ્યુઝિયમને સીલ કરી દેવામાં આવ્યાં છે અને એક ચોકીદાર મૂકવામાં આવ્યો છે.

મંદિરની સામે સહેજ ડાબી બાજુ એક મોટો, ઊંચો, સુંદર ચબૂતરો બનાવ્યો છે - આગંતુક યાત્રીઓને બેસવા માટે. અમે પણ તેમાં થોડી વાર બેઠા.

આખરે શિવજીને પુનઃ પ્રણામ કરીને સૌને 'હરિ ઓમ્! આવજો!' કહીને અમે વિદાય લીધી.

જે ગુફામાં અમારે વળતી વખતે જવાનું હતું તે ગુફાના દ્વાર પાસે મોટર ઊભી રહી. અમે દ્વાર પર ઊભા રહ્યા. એક વિશાળ કદની ગુફા છે. ગુફાનું નામ છે પાંડવગુફા. કોઈ આ ગુફાને શિવગુફા પણ કહે છે. ગુફાના એક ભાગમાં ખૂબ મોટો, ઊંચો ઓટલો છે. તે ઓટલા પર બેઠાંબેઠાં એક સંન્યાસી મહારાજ ભોજન કરી રહ્યા છે. અમને સંકોચ થયો. ભોજન કરનાર વ્યક્તિ પાસે જતી વખતે ભોજન કરનાર અને જનાર બંનેને સંકોચ થાય છે. સ્વામીજી અમારો સંકોચ સમજી ગયા. તેમણે અમારો સંકોચ દૂર કરતાં કહ્યું :

''આવો-આવો! કાંઈ વાંધો નહીં, આવો!''

અમે ગુફામાં પ્રવેશ કર્યો. શીતળ, શાંત, વિશાળ ગુફા. પાંચસો માનવો બેસી શકે તેવડી મોટી ગુફા! આ મોટી ગુફામાં બીજી એક નાની ગુફા છે. અમે તે ગુફાના મુખ પાસે ગયા. સાંકડી, ઊંડી ગુફા છે. અંદર કોઈક પ્રકાશિત તત્ત્વ છે. દીપક નથી. સ્વામીજીએ કહ્યું : ''શિવલિંગ છે!''

સ્વામીજીનું ભોજન ચાલુ હતું, તેથી અમે વધુ ન રોકાયા. અમે 'નમો નારાયણાય' કહીને બહાર આવી ગયા.

અમારી મોટર પ્રારંભમાં બર્નીગાડ તરફ અને પછી યમુનોત્રીના માર્ગ પર દોડવા માંડી.

(સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮)

## ૧૧. મરક- મરક

**મરક - મરક**
**ઓસ્કાર વાઈલ્ડ**

---

- મને લાગે છે કે ઈશ્વરે માણસને બનાવ્યો ત્યારે પોતાની ક્ષમતાઓ પર વધુ પડતો વિશ્વાસ રાખ્યો હશે.
- દુશ્મનને જતો કરો. તેને આનાથી વધુ અકળાવનારું બીજું કંઈ નહીં હોય.
- દરેક સારા કામની એક મજા અને એક સજા હોય છે.
- સારી સલાહ આપવા માટે નહીં, પસાર કરી દેવા માટે જ હોય છે.
- અમુક જ્યાં જાય ત્યારે આનંદનું વાતાવરણ સર્જી દે છે. અમુક ત્યાંથી જાય ત્યારે તેમ થાય છે.
- જીવનમાં બે જણ સૌથી વધારે દુઃખી છેઃ એક એ, જેને જે જોઈએ છે તે નથી મળતું અને બીજો એ, જેને જે જોઈએ છે તે મળી ગયું છે.
- મારે સ્વર્ગમાં નથી જવું. મારો કોઈ મિત્ર ત્યાં નહીં હોય.
- 'અનુભવ' એ માણસે પોતાનાં છબરડાઓ અને ભૂલો માટે શોધી કાઢેલું નામ છે.
- જ્યારે બધા મારી સાથે સંમત થાય છે ત્યારે મને લાગે છે કે હું જરૂર ખોટો હોઈશ.
- ઉધાર લેવું હોય તો નિરાશાવાદી માણસ પાસેથી લેવું. એ તે પાછું મેળવવાની આશા નહીં રાખે.
- માણસે હંમેશાં પ્રેમમાં હોવું જોઈએ. એટલે જ હું લગ્ન નથી કરતો.
- નોકરીની કદર કરવાનો સૌથી સારો રસ્તો, પોતાને એના વગરના કલ્પી જોવાનો છે.
- વિશ્વ એવો રંગમંચ છે જેના પર ખરાબ કલાકારો સારો અભિનય કરે છે.
- ફેશન એટલે એવી અસહ્ય કુરુપતા જેને દર બે મહિને ઠીક કરવી પડતી હોય.
- સત્ય કહેવું હોય તો લોકોને હસાવો. નહીં તો તેઓ તમને મારી નાખશે.
- હું મારી ડાયરી વિના પ્રવાસ કરતો નથી. ટ્રેનમાં કંઈક ઉત્તેજનાસભર વાંચન તો જોઈએ ને.
- ખૂન કરવું એ ખોટી ચીજ છે. તમારા જે કાર્ય વિશે તમે ડિનર પર ચર્ચા ઊભી ન કરી શકો એ કરવામાં શી મઝા ?
- આપણે બધા ગટરમાં પડેલા છીએ, પણ આપણામાંના કેટલાકની નજર આકાશ તરફ છે. આશાવાદનું મૂળ અસલામતીમાં છે.
- કરુણતા વૃદ્ધત્વમાં નથી. કરુણતા યુવાનીમાં આવતા વૃદ્ધત્વમાં છે.

## ૧૨. સંસ્થા સમાચાર

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- આપણે છેલ્લા ઘણા સમયથી લોકભારતી બી.એડ. કૉલેજમાં સરકારશ્રી તરફથી પૂરતા અધ્યાપકો ન ભરવાને કારણે વિદ્યાર્થીપ્રવેશની પ્રક્રિયાને અટકાવાઈ છે, તે અંગે દરેક લાગતા-વળગતા સરકારશ્રીના શિક્ષણ વિભાગો, કચેરીઓ, અધિકારીઓ, નેતાઓ, શુભેચ્છકો વગેરેને મળીને પ્રયત્નશીલ હતા. છતાં સફળતા મળી નહીં. છેવટે, નાછૂટકે તજજ્ઞોની સલાહ મુજબ નામ. ગુજરાત હાઇકોર્ટમાં આ અંગેની પીટીશન દાખલ કરી છે.
- તા.૧૧ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટની વ્યવસ્થાપક મંડળની બેઠક મળી ગઈ અને તેમાં વહીવટી બાબતોના નિર્ણયો કરવામાં આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન કુલ ૧૦૭ ખેડૂતના ખેતરની માટીના નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવ્યું તેમજ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા.
- તા.૧૭ અને ૧૮ના રોજ બે દિવસ તાઉતે વાવાઝોડાએ સૌરાષ્ટ્રના દરિયાકાંઠે જે તારાજી સર્જી તેમાં લોકભારતીનો વારો પણ આવી ગયો. સંસ્થામાં લગભગ બસ્સોએક જેટલાં વૃક્ષો ધરાશાયી થઈ ગયાં કેટલાંક છાપરાંઓ વગેરેનું સારું એવું નુકશાન થયું છે. અઠવાડિયા સુધી વીજપુરવઠો અને સંદેશાવ્યવહાર ખોરવાયેલો રહ્યો. લોકભારતીનું સૌંદર્ય છિન્નભિન્ન થઈ ગયું. પણ સૌ કાર્યકરોએ એક ગજબના જુસ્સાથી કાર્ય ઉપાડીને અઠવાડિયામાં તો લોકભારતીને ચોખ્ખી-ચણાક બનાવી દીધી. બને તેટલાં વૃક્ષોને ઊભાં કરી બચાવી લેવાનો પણ પ્રયત્ન કર્યો છે.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થીઓએ સ્વયંભૂ રીતે લોકભારતીમાં વાવાઝોડાને કારણે પડી ગયેલાં વૃક્ષો(આ વૃક્ષો સાથે પોતાના વિદ્યાર્થીકાળ દરમિયાન તેમણે જ આ વૃક્ષો વાવેલાં હોઈ, પૂર્વવિદ્યાર્થીઓ લાગણીના તંતુ જોડાયેલા હોઈ)ની સામે નવાં વૃક્ષો વાવી ઉછેરી દેવાં સુધીની એક યોજના 'લોકભારતી ભૂતપૂર્વ વિદ્યાર્થી હરિત-સ્મૃતિ યોજના' બનાવી એક વૃક્ષદીઠ રૂપિયા એક હજાર લેખે લોકભારતીના બેંક ખાતામાં ઓનલાઇન પદ્ધતિથી રકમ ટ્રાંસફર કરવાની હાકલ કરી અને તેમાં વળી પૂ. મોરારિબાપુ જેવાના આશીર્વાદ સાંપડ્યા. આમ, બહુ સારી એવી સંવેદના-સમજ –સ્મૃતિ યોજના અમલમાં આવી.
- તા.૩૧ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરના આચાર્યા શ્રી ભાવનાબહેન પાઠક તેમ જ ચોકીદાર શ્રી છગનભાઈ સોલંકી વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેઓને લોકભારતી અધ્યાપન મંદિર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી. સમગ્ર કાર્યક્રમ કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખીને ઓનલાઇન યોજાયો. શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, અધ્યાપકો, હાલના વિદ્યાર્થીઓ તેમ જ પૂર્વ વિદ્યાર્થીઓ પણ તેમાં

સહભાગી થયા.

- તા.૦૨ના રોજ શ્રી અરુણભાઈ દવેએ કેનેડા સ્થિત ગુજરાતી સંગઠનને ઝૂમ બેઠકમાં સંબોધીને લોકભારતી માટે નવું મિત્ર મંડળ બનાવ્યું. તા. ૧૭મીએ પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર દ્વારા આયોજિત ઝૂમ સંમેલનમાં 'જીવજગતના વૈવિધ્યનું શિક્ષણ' વિષે પ્રશ્નોત્તરીસભર વ્યાખ્યાન આપ્યું. વેકેશનમાં વહીવટી અને જરૂરી સમારકામનું કામ ચાલતું હતું ત્યાં વાવાઝોડાએ સૌને કામે વળગાડી દીધા. સૌ કાર્યકરોની સક્રિય ભાગીદારીથી અને ટેક્નૉલૉજીને સહારે ઘણું ઝડપી બધું થાળે પાડી શકાયું. હવે પુનઃ નવનિર્માણના કામોનું આયોજન કરીને શુભારંભ પણ કરી દીધો છે. આંલબા લોકશાળામાં શરૂ કરેલ ગ્રંથાલયના પુનઃનિર્માણ અંગે ત્રણેક વખત જવાનું થયું. જ્યારે બે વખત માઈધારમાં ચાલતા કુમાર છાત્રાલયના કામો સંદર્ભે જવાનું થયું.

**આંબલા સમાચાર**

- તા.૧૩ના રોજ આંબલા લોકશાળા કેમ્પસ પરના જૂના પુસ્તકાલયનું નવનિર્માણ કરવા માટે શ્રી અરુણભાઈ દવે, શ્રી લાલજીભાઈ નાકરાણી અને શ્રી સુરસંગભાઈ ચૌહાણના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.
- તા.૧૮ના રોજ આવેલ વાવાઝોડામાં કેમ્પસ પરનાં વૃક્ષોનો સોથ વળી ગયો. ફળાઉ વૃક્ષો સહિતનાં જેટલાં વૃક્ષો ઊભાં કરી શકાય તેટલાં વૃક્ષોને ટેકા મૂકીને ઊભાં કરી દેવાયાં છે.
- વાવાઝોડાએ સર્જેલી તારાજીને પહોંચી વળવા માટે પૂર્વ વિદ્યાર્થીઓ તથા પૂર્વ કાર્યકરો માતૃસંસ્થાની વહારે આવી પહોંચ્યા છે. પૂર્વવિદ્યાર્થીઓ શ્રી અરુણભાઈ દવેએ ૫૧,૦૦૦, શ્રી કીર્તિભાઈ દાસભાઈ રામાનુજે ૫૦,૦૦૦, શ્રી ભાનુભાઈ ભટ્ટે ૫,૦૦૦ અને શ્રી જિતેન્દ્રભાઈ ભીખાભાઈ જોટાસણા-અમરેલીએ ૫,૦૦૦ આપીને સહાયનો પ્રવાહ પ્રારંભ્યો છે.
- તા.૩૦ના રોજ ધોરણ-૧૧ના બહારગામના પ્રવેશાર્થીઓની પ્રવેશપરીક્ષા સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબ યોજાઈ ગઈ.

મણાર સમાચાર

- અલંગ અને મણાર ગ્રામ પંચાયત તથા લોકશાળાના એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે કોવિડ-૧૯ આઇસોલેશન સેન્ટરની સુવિધા કેમ્પસ પર ઊભી કરવામાં આવી.
- ધો.૯ના પ્રવેશની કાર્યવાહી રાબેતા મુજબ પૂર્ણ કરવામાં આવી છે અને ૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.
- તા.૧૮ના રોજ આવેલ વાવાઝોડાએ લોકશાળા કેમ્પસ પરનાં તમામ વૃક્ષોને અને નળિયાવાળાં મકાનોને ભારે મોટું નુકશાન પહોંચાડ્યું છે. બાગાયતી વૃક્ષો અને ખેતી પાકોને પણ ભારે મોટું નુકસાન થયું છે. કેમ્પસ પરની સાધન-સામગ્રીઓ ઉપરાંત પીડીલાઇટ પુરસ્કૃત કૃષિ અને બાગાયત સંશોધન કેન્દ્રના પરિસરને પણ પારાવાર નુકસાન થયું છે.
- વાવાઝોડાને કારણે નુકશાન પામેલ બાગાયતી વૃક્ષોને પુનઃ સ્થાપવા સરકાર દ્વારા રચાયેલ કૃષિ યુનિવર્સિટી, આણંદની ૬ અધ્યાપકોની એક ટીમ આ વિસ્તારમાં માર્ગદર્શન માટે પાંચેક દિવસ આવી ગઈ. તેમનું નિવાસ સ્થાન લોકશાળા મણાર ખાતે રહ્યું.

## વાવાઝોડાએ સર્જેલી તારાજી અને વાયુવેગે પુન: ધબકતી થઈ રહેલી લોકભારતી...
























TO.

**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*
**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुदित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।
**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-